દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 242 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 October 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૧૩ ઑક્ટોબર ૨૦૨૫, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ ૯ ૧૦ ૧૧ ૧૨
LIKE & FOLLOW: /Mumbaisamachar4u






# પાકિસ્તાનના ૫૮ સૈનિક ઠાર

## અફઘાનિસ્તાન સાથે ભીષણ યુદ્ધઃ ૧૯ ચોકી પર કબજો

નવી દિલ્હીઃ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું છે. તેમાં ઓછામાં ઓછા ૫૮ પાકિસ્તાની સૈનિકોનાં મોત થયા હતા અને ૩૦ ઘાયલ થયા હતા. દરમિયાન તાલિબાનના ૨૦૦થી વધુ સૈનિક માર્યા ગયા હતા. બન્ને દેશે સરહદે એકબીજાની અનેક ચોકી કબજે કરી હોવાનો દાવો કર્યો હતો.

બન્ને દેશના સરહદી વિસ્તારોમાં તાજેતરના હવાઇ હુમલાઓ અને અથડામણોને કારણે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. દુરંદ લાઇન પર કુર્રમ જિલ્લાના ગાવી વિસ્તારમાં પાકિસ્તાન અને અફઘાન દળો વચ્ચે ભારે અથડામણ થઇ હોવાનું સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું.

સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર સરહદી વિસ્તારોમાં અફઘાન દળો દ્વારા બિનઉશ્કેરણીજનક હુમલાઓના જવાબમાં પાકિસ્તાને અનેક અફઘાન સીમા ચોકીઓ, તાલીમ શિબિરો અને આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો. પાકિસ્તાને સરહદી વિસ્તારોમાં અફઘાન દળો દ્વારા કરવામાં આવેલા હુમલાઓના જવાબમાં ૧૯ અફઘાન લશ્કરી ચોકીઓ અને આતંકવાદી ઠેકાણાઓ પર કબજો કર્યો છે.

જ્યારે કાબુલે જવાબી કાર્યવાહીમાં ૫૮ પાકિસ્તાની સૈનિકોનાં મોત અને ૩૦ ઘાયલ થયા હોવાનો દાવો કર્યો

(જુઓ પાનું ૨) ▶▶

'ઑપરેશન બ્લૂ સ્ટાર' એક ભૂલ હતી : ચિદમ્બરમ્ ૨













એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચીન કેમ અમેરિકાને ગણકારતું જ નથી?

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીન પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરીને ફરી એક વાર પોતાનું સનકીપણું અને સ્વાર્થીપણું સાબિત કર્યું છે. પહેલાં જ ચીનથી આયાત થતી ચીજો પર ૩૦ ટકા ટૅરિફ લાદેલો જ છે. આ વધારાના ૧૦૦ ટકા ટૅરિફના કારણે કુલ ટૅરિફ ૧૩૦ ટકા થઈ જશે અને નવા ટૅરિફ ૧ નવેમ્બરથી લાગુ થઈ જશે.

ટ્રમ્પ લાંબા સમયથી ચીનમાંથી અમેરિકન કંપનીઓને રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજોનો જથ્થો મળ્યા કરે એ માટે લટૂડાં પટૂડાં કર્યા કરતા હતા. ટ્રમ્પે થૂંકેલું ચાટીને ચીન પરના ટૅરિફ પણ ઘટાડી દીધેલા, પણ ચીને મચક ના આપી એટલે ટ્રમ્પે ૧૦૦ ટકાનો તોતિંગ ટૅરિફ વધારો ઝીંકી દીધો.

ટ્રમ્પના સનકીપણા અને સ્વાર્થીપણાની સાથે સાથે ચીનના મિજાજની વાત પણ કરવી જોઈએ કેમ કે ચીને પણ દુનિયાના નવા સુપર પાવર તરીકેનો મિજાજ બતાવ્યો છે. ટ્રમ્પ દુર્લભ ખનિજો માટે રીતસર ચીનના પગમાં આળોટી ગયા હતા. ટ્રમ્પે ચીનનું નાક દબાવવા પહેલાં ૧૪૫ ટકા ટૅરિફ લાદી દીધેલી, પણ ચીને ભાવ ના આપતાં સાવ પાણીમાં બેસીને ટૅરિફ સાવ૩૦ ટકા કરીને ચીન તરફ દોસ્તીનો હાથ લંબાવેલો, પણ ચીને ટ્રમ્પનો દોસ્તીનો હાથ ઠુકરાવીને સાબિત કર્યું છે કે, અમેરિકા હોય કે બીજો કોઈ દેશ હોય, તેને કોઈની પરવા નથી. ચીન પોતાની શરતે જ ધંધો કરે છે અને દોસ્તી પણ કરે છે, જેને આ શરતો માનવી હોય એ સામેથી આવે, બાકી જાય તેલ લેવા.

ટ્રમ્પે ચીનના માલ પર વધારાનો ૧૦૦ ટેરિફ લાદવાની જાહેરાત કરી એ પાછળનું કારણ રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજો પરના ચીનનાં નવાં નિયંત્રણો છે. ચીને આ વર્ષમાં માર્ચમાં સાત દુર્લભ ખનિજોની ચીનમાંથી નિકાસ પર નિયંત્રણો મૂકેલાં ને હમણાં નવ ઑક્ટોબરે હોલ્મિયમ, એર્બિયમ, થુલિયમ, યુરોપિયમ અને યટરબિયમ એમ બીજી પાંચ દુર્લભ ખનિજોની નિકાસ પર નિયંત્રણો ઠોકી દીધાં.

અમેરિકા માટે દુર્લભ ખનિજો મહત્ત્વની છે કેમ કે સેમિકન્ડક્ટર્સ, ફાઇટર જેટ્સ સહિતનાં આધુનિક વોરફેર્સ અને બીજી તમામ અદ્યતન ટૅકનોલૉજી માટે દુર્લભ ખનિજો અનિવાર્ય છે. અમેરિકન ઓટોમોબાઈલ્સથી ઈલેક્ટ્રોનિક્સ અને આર્મી ઈક્વિકમેન્ટ્સથી માંડીને આઈટી સુધીના ધિકતી કમાણી કરાવી આપતા બધા ધંધા દુર્લભ ખનિજો પર ટકેલા છે તેથી ચીને અમેરિકાને આર્થિક રીતે તો મોટો ફટકો માર્યો જ પણ ટ્રમ્પને વધારે એ વાતે લાગી આવ્યું કે, ચીનના પ્રમુખ જિનપિંગને પોતે મળે એ પહેલાં જ ચીને આ જાહેરાત કરી નાખી.

જિનપિંગને મનાવવા માટે ટ્રમ્પ આ મહિનાના અંતમાં મળવાના હતા. સામાન્ય રીતે બે દેશના વડા મળે એ પહેલાં બંને એકબીજાને સારું લગાડવા માટે પરસ્પર ફાયદાકારક જાહેરાતો કરતા હોય છે. જિનપિંગે એવું કરવાના બદલે ટ્રમ્પને બૂચ વાગી જાય એવી જાહેરાત કરી નાખી. ચીને ૧૨ ખનિજની નિકાસ માટે તો લાયસંસ ફરજિયાત કર્યા જ પણ દુર્લભ ખનિજોની પ્રોસેસ માટેની ટૅકનોલૉજી બહાર મોકલવા પર પણ પ્રતિબંધ લાદી દીધો.

જિનપિંગની જાહેરાતે ટ્રમ્પને આખી દુનિયાની નજરમાં હાસ્યાસ્પદ બનાવી દીધા. ચીનના પ્રહાર સામે ટ્રમ્પ કશું કરી શકે તેમ નહોતા એટલે ખિસિયાની બિલ્લી ખંભા નોંચે એ હિસાબે ટ્રમ્પે ટૅરિફ લાદવાની જાહેરાત કરી નાખી.

ચીનને તેનાથી ફરક પડતો નથી કેમ કે ટ્રમ્પે ૧૪૫ ટકા ટૅરિફ લાદ્યા ત્યારે પણ ચીનાઓનું રૂવાડું ફરક્યું નહોતું. ટ્રમ્પ હજુ ૧૪૫ ટકા પર તો પહોંચ્યા પણ નથી એ જોતાં ચીનના પેટનું પાણીય નહીં હાલે. ટ્રમ્પ હજુ વધારે ટેરિફ લાદી શકે પણ ચીન તેનો એવો જ જવાબ આપશે.

ટ્રમ્પે પહેલાં ૧૪૫ ટકા ટૅરિફ લાદ્યા ત્યારે ચીને પણ ઈંટનો જવાબ પથ્થરથી આપીને અમેરિકાના માલ પર એટલા જ ટૅરિફની જાહેરાત કરેલી. અત્યારે પણ ચીન વળતો પ્રહાર કરીને અમેરિકાના માલ પર ટૅરિફ લાદશે જ. ટ્રમ્પ નાક બચાવવા નવા ટૅરિફ લાદશે ને સામે ચીન પણ એ જ કરશે તેથી આ જંગ હવે લાંબો ચાલશે.

ચીન અને અમેરિકાના આ જંગમાં આપણે ચીન પાસેથી ઘણું શીખવાની જરૂર છે. અમેરિકાએ ટેરિફ લાદ્યા પછી આપણે સ્વદેશીની પિપૂડી વગાડ્યા કરીએ છીએ, પણ આપણી પાસે સ્વદેશીના નામે કશું નથી તેથી હજુય અમેરિકા સહિતના દેશોના માલ પર નિર્ભર છીએ. તેના કારણે આપણે ત્યાં સ્વદેશી વાતો સિવાય ક્યાંય દેખાતી નથી. આપણે અમેરિકા સામે તો હરફ પણ ઉચ્ચારી શકતા નથી ત્યારે ચીન કોઈ ફડાકા મારવાના બદલે કે વાતો કરવાના અમેરિકા સાથે જેવા સાથે તેવાનો વ્યવહાર કરે છે. આપણે અમેરિકા જેવા દેશને પણ ચીન ગણકારતું નથી ને રીતસરની દાદાગીરી કેમ કરી શકે છે એ સમજવાની પણ જરૂર છે.

ચીનની દાદાગીરી પાછળનું કારણ વરસોની મહેનત છે. વિશ્વમ કુલ ૧૭ ખનિજો દુર્લભ મનાય છે અને દુર્લભ ખનિજો પર ચીનનું નિયંત્રણ છે. વિશ્વના દુર્લભ ખનિજોના જથ્થામાંથી ૭૦ ટકા ચીન પાસે છે અને આ દુર્લભ ખનિજોને પ્રોસેસ કરીને તેમનો ઉદ્યોગોમાં ઉપયોગ કરવાની પ્રક્રિયામાં ૯૦ ટકા પર ચીનનું નિયંત્રણ છે. અમેરિકા સહિતના દેશો પણ જે નથી કરી શકતા એ ચીન કરી શકે છે તેનું કારણ ચીનની નેતાગીરીનું વિઝન છે.

અમેરિકાએ બીજા વિશ્વયુદ્ધ વખતે અણુ બૉમ્બ બનાવવા માટેનો મેનહટ્ટન પ્રોજેક્ટ હાથ ધર્યો ત્યારે દુનિયાનાં લોકોને દુર્લભ ખનિજોનું મહત્ત્વ સમજાયું. આ દુર્લભ ખનિજોના જોરે દુનિયા પર રાજ કરી શકાય છે એ અમેરિકાએ સાબિત કર્યું. ચીન એ વખતે પછાત હતું, પણ ૧૯૮૦ના દાયકામાં ચીનના પ્રીમિયર ડેંગ ઝિયાઓપિંગે ચીનના ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા હાથ ધરી ત્યારે આ દુર્લભ ખનિજો પોતાને ત્યાં ક્યાં મળે એ માટેનાં મિશન હાથ ધરેલાં. એ જમાનામાં કોમ્પ્યુટર્સ અને આઈટી આવી ગયેલાં તેથી દુર્લભ ખનિજોનો વ્યાપ વધ્યો. ચીન સમજી ગયેલું કે, તેના પર પોતાનો કબજો હશે તો દુનિયા પર રાજ કરી શકાશે ને અત્યારે એ જ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે.

આપણી કમનસીબી છે કે, આપણા નેતાઓને કઈ જમીન ખોદવાથી દુર્લભ ખનિજો મળશે તેના કરતાં કઈ મસ્જિદ ખોદવાથી મંદિર મળશે તેમાં વધારે રસ છે. આપણા યુવાઓને પણ આપણા રિસોર્સિસનો ઉપયોગ કરીને દેશને કઈ રીતે પ્રગતિ કરાવવી તેનું સંશોધન કરવાના બદલે મોતીલાલ નહેરૂ મુસ્લિમ હતા કે નહીં ને જવાહલાલ નહેરૂને કેટલાં લફરાં હતાં એ શોધવામાં વધારે રસ પડે છે.

આ રસ ના બદલાય ત્યાં સુધી આપણે ચીન જેવી દાદાગીરી ના કરી શકીએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, સોમવાર, તા. ૧૩–૧૦–૨૦૨૫, કાલાષ્ટમી, કરાષ્ટમી.

- ભારતીય દિનાંક ૨૧, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ–૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ–૭
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા બપોરે ક. ૧૨–૨૬ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૫, સ્ટા. ટા.

–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–

- ભરતીઃ બપોરે ક. ૧૫–૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૩૩ (તા. ૧૩)
- ઓટઃ સવારે ક. ૧૦૩૬, રાત્રે ક. ૨૨–૨૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ – સપ્તમી. કાલાષ્ટમી, કરાષ્ટમી. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શિવ–પરિવાર પૂજા, રાહુ દેવતાનું પૂજન, અગરના ઔષધીય પ્રયોગો, ઔષધ ઉપચાર, વિદ્યારંભ, બાળકને અન્નપ્રાશન, નામકરણ દેવદર્શન રાજ્યાભિષેક, અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા–કળશ પતાકા ચઢાવવી, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, ઘર–ખેતર જમીન, સ્થાવર મિલકત લેવડદેવડ. શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન
- આચમનઃ ચંદ્ર–મંગળ ત્રિકોણ શાંત સ્વભાવ, ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ પરિશ્રમ પસંદ કરે, ચંદ્ર–ગુરુ યુતિ આધ્યાત્મમાં રુચિ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ ત્રિકોણ, ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર–ગુરુ યુતિ (તા. ૧૪)
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ–તુલા, માર્ગી બુધ–તુલા, ગુરુ–મિથુન, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

# પી. ચિદમ્બરમ્ વિરુદ્ધ કાર્યવાહી કરશે કૉંગ્રેસ પાર્ટી?

## 'ઓપરેશન બ્લૂ સ્ટાર' પરના નિવેદનથી ખૂબ જ નારાજ હાઈકમાન્ડ

નવી દિલ્હી : કૉંગ્રેસ નેતૃત્વ ભૂતપૂર્વ ગૃહમંત્રી પી. ચિદમ્બરમના 'ઑપરેશન બ્લૂ સ્ટાર' અંગેના નિવેદનથી ''ખૂબ નારાજ'' છે. સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું કે પાર્ટી હાઇકમાન્ડ માને છે કે વરિષ્ઠ નેતાઓએ પાર્ટીને શરમજનક સ્થિતિમાં મૂકે તેવા જાહેર નિવેદનો આપતા પહેલાં સાવધાની રાખવી જોઈએ. આનાથી પાર્ટી તેના વરિષ્ઠ નેતા સામે કોઈ કાર્યવાહી કરશે કે કેમ તે અંગે પ્રશ્નો ઉભા થયા છે. ચિદમ્બરમે શનિવારે હિમાચલ પ્રદેશના કસૌલીમાં એક સાહિત્યિક કાર્યક્રમમાં કહ્યું હતું કે 'ઓપરેશન બ્લૂસ્ટાર' એક ''ભૂલ'' હતી અને તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ ''આ ભૂલની કિંમત પોતાનો જીવ ગુમાવીને ચૂકવવી હતી.''

પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે કૉંગ્રેસ નેતૃત્વ માને છે કે જે વરિષ્ઠ નેતાઓ ''કૉંગ્રેસ પાર્ટી પાસેથી બધું મેળવે છે તેઓએ એવા નિવેદનો આપવા વિશે વધુ સાવધ રહેવું જોઈએ જે પાર્ટીને શરમજનક સ્થિતિમાં મુકી શકે. આ આદત ન બનવી જોઈએ.'' તેમણે કહ્યું હતું કે વરિષ્ઠ નેતાઓએ જાહેર નિવેદનો આપતી વખતે સાવધાની રાખવી જોઈએ, કારણ કે તેમના વારંવારના નિવેદનો પાર્ટી માટે સમસ્યાઓ ઉભી કરે છે, જે યોગ્ય નથી.

સૂત્રોએ ચિદમ્બરમ વિશે જણાવ્યું હતું કે, ''પક્ષનું ટોચનું નેતૃત્વ ખૂબ જ નારાજ છે. પાર્ટીના બધા કાર્યકરો મૂંઝવણમાં છે કે આવું વારંવાર કેમ થઈ રહ્યું છે.'' ચિદમ્બરમે તાજેતરમાં કેટલાંક એવાં નિવેદનો આપ્યાં છે જેનાથી પાર્ટી શરમમાં મુકાઈ ગઈ છે. કસૌલીમાં ખુશવંત સિંહ સાહિત્ય મહોત્સવમાં ચિદમ્બરમે કહ્યું હતું કે, ''બધા આતંકવાદીઓને પકડવાનો બીજો કોઈ રસ્તો હોત, પરંતુ 'ઑપરેશન બ્લૂ સ્ટાર' એક ભૂલ હતી.

રાજ્યસભાના સભ્ય ચિદમ્બરમે પત્રકાર અને લેખિકા હરિન્દર બાવેજા સાથે તેમના પુસ્તક ''ધે વિલ શૂટ યુ મેડમઃ માય લાઈફ થ્રુ કોન્ફ્લિક્ટ'' વિશે વાત કરતા કહ્યું હતું કે, ''બધા આતંકવાદીઓને પકડવાનો બીજો કોઈ રસ્તો હોત, પરંતુ 'ઑપરેશન બ્લૂ સ્ટાર' ખોટો અભિગમ હતો. મારું માનવું છે કે શ્રીમતી ગાંધીએ આ ભૂલની કિંમત પોતાનો જીવ આપીને ચૂકવવી પડી હતી. સેના, ગુપ્તચર, પોલીસ અને નાગરિક સુરક્ષા એજન્સીઓ દ્વારા લેવામાં આવેલો નિર્ણય હતો અને તમે તેના માટે શ્રીમતી ગાંધીને સંપૂર્ણપણે જવાબદાર ન ઠેરવી શકો.'' 'ઓપરેશન બ્લૂ સ્ટાર' એ ૧ થી ૧૦ જૂન ૧૯૮૪ની વચ્ચે દમદમી ટકસાલના અગ્રણી નેતા જરનૈલ સિંહ ભિંડરાવાલે અને તેના સાથીઓને શીખોના સૌથી પવિત્ર સ્થળ સુવર્ણ મંદિરમાંથી બહાર કાઢવા માટે હાથ ધરવામાં આવેલ લશ્કરી કાર્યવાહી હતી. તે જ વર્ષે ૩૧ ઓક્ટોબરના રોજ શીખ અંગરક્ષકોએ તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યા કરી હતી.

# 'ઓપરેશન બ્લૂ સ્ટાર' એક ભૂલ હતી : ચિદમ્બરમ્

## 'ઇન્દિરા ગાંધીએ પોતાના જીવથી કિંમત ચૂકવવી પડી'

સિમલા : ભૂતપૂર્વ ગૃહ અને નાણાં પ્રધાન પી. ચિદમ્બરમે ૧૯૮૪માં ઇન્દિરા ગાંધીના નેતૃત્વ હેઠળની સરકારે હાથ ધરેલાં ઓપરેશન 'બ્લૂ સ્ટાર'ની ટીકા કરી હતી અને તેને એક ભૂલ ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે ભૂતપૂર્વ વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ આ ભૂલની કિંમત પોતાનો જીવ આપીને ચૂકાવી હતી. શનિવારે ખુશવંત સિંહ સાહિત્ય મહોત્સવ ૨૦૨૫માં બોલતા ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ અને નાણાં પ્રધાને કહ્યું હતું કે શીખ ધર્મસ્થળમાંથી સેનાને દૂર રાખીને ગોલ્ડન ટેમ્પલ સુવર્ણ મંદિરને ફરીથી નિયંત્રણમાં લેવા માટે ઓપરેશન 'બ્લેક થંડર' યોગ્ય અભિગમ હતો. નોંધનીય છે કે પી. ચિદમ્બરમની ઓપરેશન 'બ્લૂ સ્ટાર' પર આ ટિપ્પણી હિમાચલ પ્રદેશના કસૌલીમાં ખુશવંત સિંહ સાહિત્ય મહોત્સવમાં પત્રકાર હરિંદર બાવેજાની પુસ્તક 'ધે વિલ શૂટ યૂ, મેડમ' પર એક ચર્ચા દરમિયાન કરી હતી.

પી. ચિદમ્બરમે કહ્યું હતું કે જૂન ૧૯૮૪માં 'ઓપરેશન બ્લૂ સ્ટાર' એ સેના, પોલીસ, ગુપ્તચર અને નાગરિક સેવાઓ દ્વારા લેવામાં આવેલો એક સંકલિત નિર્ણય હતો. તેમણે કહ્યું હતું કે જ્યારે કોઈપણ લશ્કરી અધિકારીનો અનાદર થતો નથી ત્યારે તે (બ્લુ સ્ટાર) સુવર્ણ મંદિરને ફરીથી મેળવવાનો ખોટો અભિગમ હતો. થોડાં વર્ષો પછી અમે સેનાને બહાર રાખીને સુવર્ણ મંદિરને ફરીથી મેળવવાનો યોગ્ય અભિગમ બતાવ્યો હતો. પૂર્વ કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે તમે આ માટે એકલા ઇન્દિરા ગાંધીને દોષી ઠેરવી શકો નહીં.

નોંધનીય છે કે ઓપરેશન બ્લૂ સ્ટાર એ ૧૦ દિવસનું લશ્કરી ઓપરેશન હતું જે ૧ જૂનથી ૧૦ જૂન, ૧૯૮૪ સુધી ચાલ્યું હતું. ૬ જૂન, ૧૯૮૪ના રોજ પંજાબમાં જરનૈલ સિંહ ભિંડરાનવાલેની આગેવાની હેઠળના શીખ બળવાને ડામવા માટે તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીના આદેશ પર 'ઓપરેશન બ્લૂ સ્ટાર' હેઠળ ભારતીય સેનાએ સુવર્ણ મંદિરમાં કાર્યવાહી કરી હતી.

એવા સમાચાર હતા કે ભિંડરાનવાલેએ સુવર્ણ મંદિર સંકુલમાં શસ્ત્રોનો મોટો ભંડાર છૂપાવ્યો હતો. ભિંડરાવાલે કટ્ટરપંથી શીખ સંગઠન દમદમી ટકસાલનો વડો હતો. ભારતીય સેના દ્વારા જૂન ૧૯૮૪માં સુવર્ણ મંદિર સંકુલમાં બળવાખોરોને બહાર કાઢવા માટે શરૂ કરાયેલા ઓપરેશન બ્લૂ સ્ટાર દરમિયાન તેમના સશસ્ત્ર અનુયાયીઓ સાથે તેનું મૃત્યુ થયું હતું. આ ઓપરેશનની ભારે ટીકા થઈ હતી. થોડા મહિનાઓ પછી ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ ઇન્દિરા ગાંધીની નવી દિલ્હીના નિવાસસ્થાને તેમના બે શીખ અંગરક્ષકો દ્વારા હત્યા કરવામાં આવી હતી.

કૉંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ કેન્દ્રીય ગૃહ પ્રધાન પી. ચિદમ્બરમે તાજેતરમાં ૨૬/૧૧ મુંબઈ હુમલા બાદ યુપીએ સરકારે પાકિસ્તાન સામે બદલો ન લેવાનો નિર્ણય કર્યો હોવાનું નિવેદન આપ્યું હતું, જેના પર વડા પ્રધાન મોદીએ કૉંગ્રેસની ટીકા કરી હતી. એવામાં તેમણે ફરી એક નિવેદન આપ્યું છે જેને કારણે કૉંગ્રેસને જવાબ આપવો મુશ્કેલ બની શકે છે. શનિવારે તેમણે કહ્યું કે ઓપરેશન બ્લૂ સ્ટાર એક ભૂલ હતી, જેની કિંમત પરિણામ તત્કાલીન વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ જીવ આપીને ચૂકવી.

હિમાચલ પ્રદેશના કસૌલીમાં ખુશવંત સિંહ સાહિત્ય મહોત્સવમાં પત્રકાર હરિન્દર બાવેજાના પુસ્તક ''ધે વિલ શૂટ યુ, મેડમ'' પરની ચર્ચા દરમિયાન પી. ચિદમ્બરમે કહ્યું ''હું કોઈ સૈન્ય અધિકારીનો અનાદર કરતો નથી, પરંતુ જે રીતે ઓપરેશન બ્લુ સ્ટાર હાથ ધરવામાં આવ્યું તે તદ્દન અયોગ્ય હતું. બ્લૂ સ્ટાર ખોટી રીતે હાથ ધરવામાં આવ્યું હતું. મારું માનવું છે કે ઈન્દિરા ગાંધીએ એ ભૂલની કિંમત પોતાનો જીવ આપી ચૂકવી હતી.''

પી. ચિદમ્બરમે એમ પણ કહ્યું કે ઓપરેશન બ્લૂ સ્ટાર સેના, પોલીસ, ગુપ્તચર અને સિવિલ સર્વિસે સાથે મળી લીધેલો નિર્ણય હતો. આ માટે ફક્ત ઈન્દિરા ગાંધીને દોષી ઠેરવી શકાય નહીં. ત્રણથી ચાર વર્ષ બાદ, અમે સૈન્યને સામેલ કર્યા વગર સુવર્ણ મંદિર ખાલી કરાવવાનો યોગ્ય રસ્તો બતાવ્યો. આતંકવાદીઓને પકડવાના બીજા રસ્તાઓ હતાં.

ઓપરેશન બ્લૂ સ્ટાર ૧ જૂનથી ૬ જૂન, ૧૯૮૪ દરમિયાન પંજાબના અમૃતસરમાં આવેલા સુવર્ણ મંદિરમાં હાથ ધરવામાં આવ્યું હતું. ખાલિસ્તાન અલગતાવાદી આગેવાન જરનૈલ સિંહ ભિંડરાનવાલાએ તેના સાથીઓ સાથે મળીને સુવર્ણ મંદિર કબજે કરી લીધું હતું અને ૧૫૦૦થી વધુ લોકોને બંધક બનાવ્યા હતાં. આતંકવાદીઓએ ત્યાંથી તત્કાલીન ઇન્દિરા ગાંધી સરકારને પડકાર ફેંક્યો હતો. અલગતાવાદીઓને સુવર્ણ મંદિરમાંથી બહાર કાઢવા માટે બ્લુ સ્ટાર મિલિટરી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

૬ જૂનના રોજ ભારતીય સેનાએ આતંકવાદીઓને ઠાર કરીને સુવર્ણ મંદિર ફરી કબજે કર્યું હતું, આ ઓપરેશન દરમિયાન મંદિરને નુકસાન પહોંચ્યું હતું. આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન આતંકવાદીઓ અને નાગરિકો મળીને ૪૯૩ લોકો માર્યા ગયાં હતાં, જ્યારે ભારતીય સેનાના ૮૩ જવાનો શહીદ થયા હતાં. આ ઓપરેશનને કારણે શીખ સમુદાયના કેટલાક લોકો નારાજ થયા હતાં. થોડા મહિનાઓ બાદ ઇન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી હતી.

# ચિદમ્બરમે 'ઓપરેશન બ્લૂ સ્ટાર' પર કૉંગ્રેસની ખોટી બાબતોનો કર્યો પર્દાફાશઃ ભાજપ

નવી દિલ્હી : ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહપ્રધાન પી ચિદમ્બરમે 'ઓપરેશન બ્લૂ સ્ટાર' પર કરેલી ટિપ્પણી બાદ ભાજપે કૉંગ્રેસ પર પ્રહારો કર્યા અને કહ્યું હતું કે ઇતિહાસે આ સત્ય નોંધવું પડશે કે તે રાષ્ટ્રીય જરૂરિયાત નહીં પરંતુ ઇન્દિરા ગાંધીનું એક ''રાજકીય દુઃસાહસ'' હતું.

ભાજપે સવાલ કર્યો હતો કે શું કૉંગ્રેસ હવે ચિદમ્બરમ સામે ''સત્ય બોલવા અને તેમની ખોટી વાતોને ઉજાગર કરવા બદલ'' કાર્યવાહી કરશે?

આ વાત ચિદમ્બરમે શનિવારે કસૌલીમાં એક સાહિત્યિક કાર્યક્રમમાં આપેલા એક નિવેદન બાદ આવી છે જેમાં તેમણે કહ્યું હતું કે જૂન ૧૯૮૪માં 'ઓપરેશન બ્લૂ સ્ટાર' જરનૈલ સિંહ ભિંડરાનવાલેના નેતૃત્વ હેઠળના સશસ્ત્ર આતંકવાદીઓથી સુવર્ણ મંદિરને મુક્ત કરવા માટે શરૂ કરવામાં આવ્યું હતું, આ ઓપરેશન બ્લૂ સ્ટાર ''ખોટું'' હતું અને તત્કાલિન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ આ ''ભૂલની કિંમત પોતાનો જીવ આપીને ચૂકવવી પડી હતી.''

તેમણે કહ્યું હતું કે ''હું કોઈ પણ લશ્કરી અધિકારીઓનો અનાદર કરી રહ્યો નથી, પરંતુ તે (બ્લૂ સ્ટાર) સુવર્ણ મંદિરને ફરીથી નિયંત્રણમાં લેવા માટેનો ખોટો રસ્તો હતો. થોડાં વર્ષો પછી અમે સેનાને બહાર રાખીને સુવર્ણ મંદિર પાછું મેળવવાનો સાચો રસ્તો બતાવ્યો હતો.

બ્લૂ સ્ટાર ખોટો રસ્તો હતો અને હું માનું છું કે શ્રીમતી ગાંધીએ તે ભૂલની કિંમત પોતાનો જીવ આપીને ચૂકવવી પડી હતી. પરંતુ તે ભૂલ સેના, પોલીસ, ગુપ્તચર અને સિવિલ સર્વિસનો સંયુક્ત નિર્ણય હતો. તમે ફક્ત શ્રીમતી ગાંધીને દોષી ઠેરવી શકો નહીં, નોંધનીય છે કે ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ તેમના નિવાસસ્થાને બે શીખ અંગરક્ષકો દ્વારા ઇન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી હતી.

ભૂતપૂર્વ ગૃહપ્રધાનની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, ''ચિદમ્બરમે કૉંગ્રેસની ભૂલોનો સ્વીકાર ખૂબ મોડો કર્યો હતો!'' તેમણે કહ્યું હતું કે ''અમેરિકા અને વિદેશી તાકાતોના ભારે દબાણને કારણે ભારત મુંબઈમાં પાકિસ્તાનના આતંકવાદી હુમલાનો જવાબ આપી શક્યું નહીં તે જાહેર કર્યા પછી હવે તેઓ સ્વીકારે છે કે સુવર્ણ મંદિરમાં 'ઓપરેશન બ્લૂ સ્ટાર' પણ એક ભૂલ હતી.''

ચિદમ્બરમની ટિપ્પણી પર પ્રહાર કરતા ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા આર.પી. સિંહે કૉંગ્રેસની ટીકા કરી અને કહ્યું, ''ઇતિહાસે સત્ય નોંધવું જોઈએ.''

તેમણે આરોપ લગાવ્યો હતો કે આ એક રાજકીય દુસ્સાહસ હતું.એક રાષ્ટ્રવાદી તરીકે હું દઢપણે માનું છું કે 'ઓપરેશન બ્લૂ સ્ટાર' સંપૂર્ણપણે ટાળી શકાય તેવું હતું, જેમ કે ભૂતપૂર્વ ગૃહપ્રધાન પી. ચિદમ્બરમે યોગ્ય રીતે ઉલ્લેખ કર્યો હતો. સિંહે આરોપ લગાવ્યો કે તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ ''રાજકીય કારણોસર અને ચૂંટણી લાભ માટે'' સંઘર્ષનો માર્ગ પસંદ કર્યો હતો, જે ૧૯૮૪ની સંસદીય ચૂંટણીઓ પહેલાં ''ભારતના સૌથી દેશભક્ત સમુદાય, શીખોને રાષ્ટ્રવિરોધી'' તરીકે દર્શાવીને રાષ્ટ્રવાદી ઉત્સાહને પ્રજ્વલિત કરવાનો પ્રયાસ હતો. આમ કરવાથી તે પોતાના રાજકીય જાળમાં ફસાઈ ગયાં અને આખરે તેની કિંમત જીવ આપીને ચૂકવવી પડી હતી.

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાનના ૫૮ સૈનિક ઠાર

છે. તાલિબાનની આગેવાની હેઠળની સરકારના સંરક્ષણ મંત્રાલયે રવિવારે વહેલી સવારે હુમલાઓની પુષ્ટિ કરતાં જણાવ્યું કે તેમના દળોએ જવાબી કાર્યવાહી અને સફળ અભિયાન હાથ ધર્યું છે.

મંત્રાલયે જણાવ્યું કે જો વિરોધી પક્ષ ફરીથી અફઘાનિસ્તાનની પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કરશે તો અમારા સશસ્ત્ર દળો દેશની સરહદોનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને કડક જવાબ આપશે. અફઘાન દળોએ ખૈબર પખ્તુનખ્વાના અંગૂર, અડ્ડા, બાજૌર, કુર્રમ, દીર અને ચિત્રાલ અને બલૂચિસ્તાનમાં બારામચામાં પાકિસ્તાની ચોકીઓને નિશાન બનાવી હતી.

મીડિયા અહેવાલ અનુસાર તાલિબાન સરકારના મુખ્ય પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું કે શનિવાર રાત્રિના ઓપરેશન દરમિયાન ૫૮ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા. જ્યારે ૩૦ જેટલા ઘાયલ થયા હતા. મુજાહિદે વધુમાં જણાવ્યું કે દુરંદ લાઇન પાર જવાબી કાર્યવાહી દરમિયાન ૨૦ પાકિસ્તાની સુરક્ષા ચોકીઓનો નાશ કરવામાં આવ્યો હતો. તેમજ અનેક હથિયારો અને લશ્કરી સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં.

અહેવાલ મુજબ તેમણે કહ્યું કે આ કાર્યવાહીમાં નવ અફઘાન સૈનિકો માર્યા ગયા હતા અને ૧૬ ઘાયલ થયા હતા. પ્રવક્તાએ જણાવ્યું કે કતર અને સાઉદી અરેબિયાની વિનંતી પર મધરાતે અભિયાન અટકાવી દેવામાં આવ્યું હતું. પાકિસ્તાનના ગૃહ પ્રધાન મોહસિન નક્વીએ સરહદી ચોકીઓ પર તાલિબાનના હુમલાઓને બિનઉશ્કેરણીજનક ગણાવ્યા હતા. તેમજ તેમના પર નાગરિકો પર ગોળીબાર કરવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે કહ્યું કે અફઘાન દળો દ્વારા નાગરિકો પર ગોળીબાર આંતરરાષ્ટ્રીય કાયદાનું ઘોર ઉલ્લંઘન છે. પાકિસ્તાનના બહાદુર દળોએ ઝડપી અને અસરકારક રીતે જવાબ આપ્યો છે અને કોઇપણ ઉશ્કેરણીને સહન કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે પાકિસ્તાની સેના સતર્ક છે અને અફઘાનિસ્તાનને ઇંટનો જવાબ પથ્થરથી આપવામાં આવી રહ્યો છે.

તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન(ટીટીપી) દ્વારા કથિત રીતે અફઘાન ભૂમિનો ઉપયોગ કરીને વારંવાર આતંકવાદી હુમલાઓ કર્યા બાદ બંને પડોશી દેશો વચ્ચે પરિસ્થિતિ વણસી છે. જેમાં ગયા અઠવાડિયે ખૈબર પખ્તુનખ્વાના ઓરકઝાઇ જિલ્લામાં થયેલા હુમલાનો પણ સમાવેશ થાય છે. જેમાં એક લેફ્ટનન્ટ કર્નલ અને એક મેજર સહિત ૧૧ સૈન્ય કર્મચારીઓનાં મોત નીપજ્યાં હતાં.

અત્રે નોંધનીય છે કે ગુરુવારે રાત્રે અફઘાનિસ્તાનની રાજધાનીમાં વિસ્ફોટો થયાના અહેવાલો મળ્યા હતા. કાબુલે હુમલા માટે ઇસ્લામાબાદને દોષી ઠેરવ્યું હતું. પરંતુ પાકિસ્તાની સેનાએ તેની સંડોવણીની પુષ્ટિ કે ખંડન કરવાનો ઇનકાર કરી દીધો હતો. કાબુલ હુમલાથી રોષે ભરાઇને અફઘાન સુરક્ષા દળોએ શનિવારે રાત્રે પાકિસ્તાનને નિશાન બનાવીને હુમલા શરૂ કર્યા હતા. સરકારી મીડિયા અનુસાર પાકિસ્તાને રવિવારે વહેલી સવારે જવાબી કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં અનેક સરહદી વિસ્તારો પર હુમલા કરવામાં આવ્યા હતા અને સરહદી ચોકીઓનો નાશ કર્યો હતો.

અગાઉ, ઇસ્લામિક સંગઠન 'તહેરીકી લબ્બાઇક પાકિસ્તાન' (એલએલપી) અને પોલીસ વચ્ચે લાહોરમાં શનિવારે થયેલી અથડામણમાં ૧૧ જણ માર્યાં ગયાં હતાં અને અંદાજે પચાસથી વધારે ઘાયલ થયાં હતાં.

દરમિયાન, પાકિસ્તાની તાલિબાન તરીકે પણ ઓળખાતા આ સંગઠને ખૈબર પખ્તુનખ્વામાં શુક્રવારે થયેલા શ્રેણીબદ્ધ ધડાકા માટે જવાબદારી લીધી હતી. ખૈબર પખ્તુનખ્વામાં થયેલા હુમલામાં સલામતી દળના ૨૦ જવાન અને ત્રણ સામાન્ય નાગરિક માર્યાં ગયાં હતાં.

ઇસ્લામિક સંગઠન 'તહેરીકી લબ્બાઇક પાકિસ્તાન' દ્વારા પેલેસ્ટાઇનની તરફેણમાં લાહોરથી ઇસ્લામાબાદ સુધીની કૂચ યોજી હતી, પરંતુ પોલીસે તેઓને રોકવાનો પ્રયાસ કરતા અથડામણ થઇ હતી.

પાકિસ્તાની તાલિબાને પાકિસ્તાનના પંજાબની પોલીસને 'ઇઝરાયલી ગુંડા' ગણાવ્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે પોલીસે શનિવારે સવારે અમારા કાર્યકરો પર આડેધડ ગોળીબાર કર્યો હતો અને તેથી ઓછામાં ઓછા ૧૧ જણ માર્યાં ગયાં હતાં.

ઇઝરાયલ દ્વારા ગાઝામાં કરાયેલા હુમલાના વિરોધમાં પાકિસ્તાની તાલિબાને મોટા પાયે દેખાવનું આયોજન કર્યું હતું. પોલીસે ટોળાને વિખેરવા શરૂઆતમાં લાઠીમાર કર્યો હતો અને બાદમાં અશ્રુવાયુ છોડ્યો હતો.

દેખાવકારોએ પોલીસ પર પથ્થરમારો શરૂ કરતા અનેક પોલીસ ઘાયલ થયા હતા. તેઓ લાહોરથી અંદાજે ૩૭૦ કિલોમીટર દૂર આવેલા ઇસ્લામાબાદ સુધી કૂચ કરવાના હતા. તેઓ ઇસ્લામાબાદની અમેરિકાની એલચી કચેરીની નજીક દેખાવ યોજવાના હતા.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની સરહદ પર જામેલા સંઘર્ષે નવો મોડ લીધો છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે અફઘાનિસ્તાન દ્વારા કરવામાં આવેલા કથિત હુમલાઓની નિંદા કરી છે અને કડક અને અસરકારક જવાબ આપવાની ચેતવણી આપી છે. વડા પ્રધાને તાલિબાન સરકાર પર આરોપ લગાવ્યો કે તે પાકિસ્તાન વિરુદ્ધ હુમલા કરવા માટે આતંકવાદી તત્ત્વોને તેના પ્રદેશનો ઉપયોગ કરવાની મંજૂરી આપી રહી છે.

ત્યારે આ દરમિયાન, અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારના મુખ્ય પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે દાવો કર્યો હતો કે અફઘાન દળોએ પચીસ પાકિસ્તાની લશ્કરી ચોકીઓ પર કબજો જમાવી લીધો છે અને અથડામણમાં ૫૮ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા અને ૩૦ ઘાયલ થયા છે. શાહબાઝ શરીફે એક નિવેદનમાં કહ્યું, ''પાકિસ્તાનના સંરક્ષણ સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. દરેક ઉશ્કેરણીનો બળપૂર્વક અને અસરકારક રીતે જવાબ આપવામાં આવશે.''

તાલિબાન સરકારે જણાવ્યું હતું કે આ કાર્યવાહી પાકિસ્તાન દ્વારા અફઘાન પ્રદેશ અને હવાઈ ક્ષેત્રમાં વારંવાર ઉલંઘન કરવાના જવાબમાં કરવામાં આવી હતી. અફઘાનીસ્તાનના સરકારી મીડિયાએ દાવો કર્યો હતો કે ઓછામાં ઓછા ૧૫ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયાં છે. જોકે પાકિસ્તાન તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. પાકિસ્તાને હજુ સુધી આ અથડામણો અંગે સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી, પરંતુ વડા પ્રધાન કાર્યાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે સરહદ પર સુરક્ષા દળોને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. (એજન્સી)

# ‘૨૦,૦૦૦ મતદારોને બહારથી લાવ્યો હતો’: શિવસેનાના વિધાનસભ્યના નિવેદનથી હોબાળો

મુંબઈઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી ‘વોટ ચોરી’ મામલે એનડીએ ગઠબંધન અને કેન્દ્ર સરકાર પર આરોપ લગાવી રહ્યા છે. પ્રેસ કોન્ફરન્સ કરીને તેમણે મહારાષ્ટ્રમાં ચૂંટણી દમિયાન નકલી મતદારો અંગે મોટા ખુલસા કર્યા હતાં. એવામાં પૈઠણના શિવસેનાના વિધાનસભ્ય વિલાસ ભૂમારેએ જાહેરમાં દાવો કર્યો કે ગયા વર્ષે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી દરમિયાન તેઓ બહારથી ૨૦,૦૦૦ મતદારો લાવ્યા હતાં, તેમણે આ દાવો કરતા ખળભળાટ મચી ગયો હતો.

વિલાસ ભૂમારેએ શિવસેનાના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું કે મતદાર યાદીઓ પર કામ કરવું જરૂરી છે, ગત વર્ષે મતદાનના દિવસે તેઓ ૨૦,૦૦૦ મતદારોને અન્ય સ્થળોએથી તેમના મત વિસ્તારમાં લાવ્યા હતાં.

ભૂમારેના આ નિવેદન બાદ હોબાળો મચી ગયો હતો. વિરોધ પક્ષના નેતાઓએ શિવ સેના પર પ્રહારો કર્યા હતાં. મહારાષ્ટ્ર કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા અતુલ લોંધેએ કહ્યું કે વિલાસ ભૂમારેએ કબૂલાત કરી છે કે વોટ ચોરી કરવામાં આવી છે. તેમણે ગુનો કબૂલ્યો છે.

બાદમાં ભૂમારેએ સ્પષ્ટતા કરવી પડી હતી. એક અખબાર સાથે વાત કરતા ભૂમારે કહ્યું કે તેમનો મતલબ એ હતો કે તેમના મતવિસ્તારમાં નોંધાયેલા ૨૦,૦૦૦ મતદારો વિવિધ સ્થળોએ કામ કરી રહ્યા હતા, તેમને મતદાન માટે પરત લાવવામાં આવ્યા હતાં.

ભૂમારેએ સ્પષતા કરતા કહ્યું કે આ મતદારો મારા મતવિસ્તારની બહાર રહેતા હતા. પક્ષના કાર્યકર્તાઓએ તેમને ફોન કરીને તેમને મતદાન રવા વિનંતી કરી. એકનાથ શિંદેજી એ દરમિયાનગીરી કરી તેમણે મને સ્પષ્ટ કરવા કહ્યું કે આ મતદારો કોણ છે.

હકીકતે વિલાસ ભૂમારેએ કહ્યું હતું, આગામી જિલ્લા પરિષદ અને ગ્રામ પંચાયતની ચૂંટણીઓ દરમિયાન પક્ષના કાર્યકર્તાઓએ સાથે મળીને કામ કરવું જોઈએ. મારા મતવિસ્તારના ૨૦,૦૦૦ મતદારોને બીજે ક્યાંક સ્થળાંતર કરી ગયા હતાં. હું તેમને મતદાનના દિવસે પાછા લાવ્યો હતો.■



**આકર્ષક...** દિવાળીને હવે એક અઠવાડિયાનો સમય પણ બાકી નથી ત્યારે દરેક લોકો – સોસાયટીઓ પોતપોતાની રીતે તૈયારી કરતા હોય છે. એવી જ એક સોસાયટીએ દિવાળીની થીમ પર દીવાલ પર પેઈન્ટિંગ કરાવ્યું હતું. (અમય ખરાડે)

# રાજ ઠાકરે ફરી માતોશ્રીની મુલાકાતેઃ બન્ને ભાઈઓ વર્ષમાં છઠ્ઠી વાર મળ્યા

મુંબઈઃ પાંચમી જુલાઈએ એકાદ દસકા બાદ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે મરાઠી ભાષા વિજયી મેળાના મંચ પર એકત્ર આવ્યા હતા. તે દિવસથી બન્ને ભાઈઓ વચ્ચે નિકટતા વધતી હોવાનું અને બન્નેના પક્ષ એક થઈ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી લડવા અંગે વિચાર કરી રહ્યા હોવાની ચર્ચા થાય છે. છેલ્લા ઘણા સમયથી બન્નેએ એકસૂરમાં બોલવા પણ લાગ્યા છે.

ત્યાર બાદ રાજ ઠાકરે ઉદ્ધવ ઠાકરેના જન્મદિવસ નિમિત્તે ૨૭મી જુલાઈએ પણ રાજ પત્ની શર્મિલા સાથે માતોશ્રી ગયા હતા. ત્યારબાદ બે અવસરે ગણેશોત્સવ ૨૭મી ઑગસ્ટ અને ૧૦મી સપ્ટેમ્બરે પારિવારિક મુલાકાતના બહાને મળ્યા હતા. તો થોડા દિવસો પહેલા ૫મી ઑક્ટોબરે બન્ને પરિવાર ફરી માતોશ્રી ખાતે મળ્યા હતા. ત્યારે રવિવારે અચાનક રાજ ઠાકરે અને પત્ની શર્મિલા ફરી માતોશ્રીમાં એન્ટર થયા હતા. પાલિકાની ચૂંટણીને લાંબો સમય નથી. દિવાળી બાદ અને બિહારની ચૂંટણી બાદ એટલે કે ૧૪મી નવેમ્બર બાદ ગમે ત્યારે મુંબઈની ચૂંટણીના બ્યૂગલ વાગે તેવી શક્યતા છે. રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના બન્ને માટે આ મરણિયો જંગ છે. બન્ને માટે અસ્તિત્વની લડાઈ છે. બન્ને સાથે લડશે અને સિટ શેરિંગ સુધી વાત પહોંચી ગઈ હોવાના અહેવાલો પણ આવે છે, પરંતુ હજુ સુધી સત્તાવાર કોઈ જાહેરાત થઈ નથી. ■

# ગેંગસ્ટર ઘાયવળના ભાગી જવા માટે મહાવિકાસ આઘાડીની સરકાર જવાબદારઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ‘મહાવિકાસ આઘાડીની સરકાર વખતે ગેંગસ્ટર નિલેશ ઘાયવળને પાસપોર્ટ આપવામાં આવ્યો હતો. રાજકીય દબાણને કારણે પોલીસે તેને ‘ક્લીનચીટ’ આપી અને એક રિપોર્ટ રજૂ કર્યો જેમાં કહેવામાં આવ્યું હતું કે તેની સામે કોઈ ગુનો નથી. આવી રીતે પાસપોર્ટ મેળવ્યા પછી તે વિદેશ ભાગી ગયો હતો. ઘાયવળને પાસપોર્ટ આપવા માટે દબાણ કરનારા તેમજ ખોટા રિપોર્ટ આપનારાઓની તપાસ કરવામાં આવશે,’ એવી જાહેરાત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કરી હતી.

ગેંગસ્ટર નિલેશ ઘાયવળ અહિલ્યાનગરમાંથી નકલી પાસપોર્ટ મેળવીને વિદેશ ભાગી ગયો છે. આના કારણે છેલ્લા કેટલાક દિવસોથી શાસક પક્ષ અને વિપક્ષી નેતાઓ વચ્ચે આરોપ-પ્રત્યારોપ ચાલી રહ્યા છે. ફડણવીસે વિદેશ ભાગી ગયેલા ગેંગસ્ટર ઘાયવળના કેસ અંગે ભાજપ પર લગાવવામાં આવેલા આરોપોનું ખંડન કરતાં મહાવિકાસ આઘાડી પર દોષનો ટોપલો નાખ્યો હતો.

તેમણે કહ્યું હતું કે, ‘ઘાયવળે અહિલ્યાનગર જિલ્લામાં પાસપોર્ટ માટે અરજી કરી હતી. રાજ્યમાં તત્કાલીન શાસક રાજકીય પક્ષના નેતાએ પોલીસ પર દબાણ કર્યું હતું અને તેને ‘ક્લીનચીટ’ આપી હતી. આ દબાણને કારણે, પોલીસે એક રિપોર્ટ રજૂ કર્યો હતો જેમાં જણાવાયું હતું કે ઘાયવળનો કોઈ ગુનાહિત રેકોર્ડ નથી. ઘાયવળ ત્યાં રહેતો ન હોવાથી, પોલીસે અહેવાલ આપવો જોઈતો હતો કે તે અહીં રહેતો નથી. જોકે, પોલીસે આવી નોંધ કરી ન હોવાથી, તેણે પાસપોર્ટ મેળવ્યો અને ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પાસપોર્ટ આપવા માટે પોલીસ પર કોણ દબાણ કરી રહ્યું હતું, તેણે ચૂંટણીમાં કોનું કામ કર્યું, તેને કોના આશીર્વાદ હતા, આ બધી બાબતો પણ પ્રકાશમાં આવવી જોઈએ,’ એમ કહીને ફડણવીસે આકરી કાર્યવાહીના સંકેત આપ્યા હતા. ■

# એક્સપ્રેસ ટ્રેનની સામે આવી યુવાને જીવ આપ્યો

મુંબઈઃ ડોમ્બિવલી નજીકના કોપર રેલવે સ્ટેશને ધસમસતી આવેલી એક્સપ્રેસ ટ્રેનની સામે આવીને યુવાને કથિત આત્મહત્યા કરી હોવાની ઘટનાથી સ્ટેશન પરના પ્રવાસીઓ ડરી ગયા હતા. સંબંધિત ઘટનાનો વીડિયો બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

મળતી માહિતી અનુસાર કોપર રેલવે સ્ટેશને રવિવારે પ્રવાસીઓની ભીડ નહીંવત જેવી હતી. ગણાગાંઠ્યા પ્રવાસીઓ અને રેલવે સુરક્ષા દળના કમાન્ડો પ્લૅટફોર્મ પર પેટ્રોલિંગ કરી રહ્યા હતા. અમુક પ્રવાસીઓ પાટા ઓળંગીને પ્લૅટફોર્મ પર આવતા વીડિયોમાં નજરે પડે છે.

કહેવાય છે કે એક યુવાન પીઠ પર બેગ ભેરવીને ખાસ્સો સમયથી પ્લૅટફોર્મ પર આંટા મારતો હતો. તે સમયે કોઈને ખયાલ આવ્યો નહોતો કે યુવાન આવું પગલું ભરવાનો છે.

પ્લૅટફોર્મ પર આંટા માર્યા પછી યુવાન કૂદકો મારીને પાટા પર ઊતર્યો હતો. કોપર પૂર્વમાં બાલાજી ગાર્ડન કોમ્પ્લેક્સની દિશામાં તે ચાલવા લાગ્યો. તે જ સમયે કલ્યાણ તરફથી ધસમસતી એક્સપ્રેસ ટ્રેન આવી રહી હતી. ટ્રેનને જોઈને એક ક્ષણ માટે યુવાન ઊભો રહ્યો અને પછી જેવી ટ્રેન નજીક આવી કે તે ટ્રેનની સામે કૂદી પડ્યો હતો.

ટ્રેનની ટક્કરથી યુવાન દૂર ફંગોળાયો હતો. આ દૃશ્ય જોનારા પ્લૅટફોર્મ પરના પ્રવાસીઓ ડરી ગયા હતા. ટ્રેન પસાર થયા પછી કમાન્ડોએ ઘટનાની જાણ ડૉમ્બિવલી રેલવે પોલીસને કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ યુવાનના શબને શાસ્ત્રીનગર હૉસ્પિટલમાં લઈ ગઈ હતી. મૃતકની ઓળખ મેળવવાના પ્રયાસ પોલીસે હાથ ધર્યા હતા. આ પ્રકરણે ડોમ્બિવલી રેલવે પોલીસે એડીઆર નોંધ્યો હતો. ■

# રિડેવલપ કરાયેલી ઈમારતના ૧૧ ગાળામાં ઘૂસણખોરી

## નવ ગાળા મ્હાડા દ્વારા સીલ, કોન્ટ્રેક્ટરે ઘૂસણખોરી કરાવી હોવાનો આક્ષેપ

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ફોર્ટ વિસ્તારમાં આવેલી પુનર્વિકસિત ઈમારતના ૧૧ વ્યાવસાયિક ગાળામાં ઘુસણખોરીની બાબત સામે આવી હતી. ફ્લૅટની જવાબદારી જેના માથે હતી કોન્ટ્રાક્ટરની જ આમાં ભૂમિકા હોવાનું જણાતાં પોલીસ ફરિયાદનો આદેશ અપાયો છે. દરમિયાન આમાંથી નવ ગાળા મહારાષ્ટ્ર હાઉસિંગ ઍન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) દ્વારા તાબામાં લઈને સીલ કરી દેવાયા હોવાનું જાણવા મળ્યું હતું.

ફોર્ટની કાવસજી પટેલ સ્ટ્રીટ પરની ઈમારતનું રિડેવલપ કરાયું ત્યારે તેમાં ૩૧ વ્યાવસાયિક ગાળાનો સમાવેશ હતો. ૧૦૦થી ૨૦૦ સ્ક્વેર ફૂટના આ ગાળામાંથી ૧૧ ગાળા ગેરકાયદે રીતે અન્ય લોકોને આપવામાં આવ્યા હોવાની ચોંકાવનારી બાબત સામે આવી હતી. આ ગાળાની દેખરેખની જવાબદારી એક કોન્ટ્રાક્ટરને સોંપાઈ હતી, પરંતુ આ કોન્ટ્રાક્ટરે જ ઘુસણખોરી કરાવી હોવાનો આક્ષેપ કરાયો હતો. ■

# વિરારમાં યુવકની હત્યા પછી આત્મહત્યાનું જુઠ્ઠાણું ચલાવનારી મહિલા પાંચ વર્ષે પકડાઈ

પાલઘરઃ નાણાં વિવાદમાં વિરારમાં ગળું દબાવીને યુવકની હત્યા કર્યા બાદ તેણે આત્મહત્યા કરી હોવાનું દૃશ્ય ઊભું કરનારી મહિલા છેક પાંચ વર્ષે મુંબઈમાં પકડાઈ હતી.

ક્રાઈમ બ્રાન્ચના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર મદન બલ્લાળે જણાવ્યું હતું કે આરોપીની ઓળખ ડોલરીન આફરીન અહમદ ખાન (૨૭) તરીકે થઈ હતી. નાલાસોપારામાં રહેતી મહિલાએ ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ વિરારના અર્નાળા ખાતે પ્રદીપ દયાશંકર રાય (૨૩)ની ગળું દબાવી કથિત હત્યા કરી હતી. બાદમાં રાયે આત્મહત્યા કરી હોવાનું જુઠ્ઠાણું મહિલાએ ચલાવ્યું હતું. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે થાણે જિલ્લાના બદલાપુર ખાતે રહેતા રાય સાથે આરોપી મહિલાને નાણાંને મુદ્દે વિવાદ હતો. આ વિવાદને પગલે જ રાયની હત્યા કરવામાં આવી હતી.

આ પ્રકરણે અર્નાળા પોલીસે હત્યા અને પુરાવાનો નાશ કરવાના આરોપસર એફઆઈઆર નોંધ્યો હતો. હત્યામાં સંડોવણી સામે આવી હોવાનું માલૂમ પડતાં મહિલા ફરાર થઈ ગઈ હતી. પોલીસે શોધ ચલાવ્યા છતાં તે હાથ લાગી નહોતી. આખરે પોલીસે સીઆરપીસીની કલમ ૨૯૯ હેઠળ કોર્ટમાં આરોપનામું દાખલ કર્યું હતું.

ફરાર આરોપીની તપાસ દરમિયાન તાજેતરમાં ક્રાઈમ બ્રાન્ચે મહિલાની ફરી શોધ હા ધરી હતી. ચાર મહિનાથી મહેનત પછી શુક્રવારે મહિલા કાંદિવલીમાં પકડાઈ હતી. (પીટીઆઈ)■




# સંસ્થા સમાચાર

## સૌથી પહેલા ફાધર અને મધરને પ્રેમ કરતા શીખો: ધીરગુરુદેવ



શ્રી ધર્મનાથ સ્થાનકવાસી જૈન સંઘ બોપલ ખાતે પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં વડીલ વંદના સમારોહ વિક્રમભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ભવ્યતાથી સંપન્ન થયેલ.

આ પ્રસંગે પૂ. ગુરુદેવે વિશાળ ધર્મસભાને સંબોધતા કહેલ કે- જીવનમાં ફેમિલી અર્થાત એફ ફોર ફાધર, એ ફોર એન્ડ, એન ફોર મધરને સૌથી પહેલા પ્રેમ કરો. વડીલો એ પણ ન રડો ન નડોની નીતિ અપનાવવાની જરૂર છે. ભગવાનને ભજીવાથીમાં નથી મળતી પણ માં ને ભજવાથી ભગવાન મળે છે. જે દેહમાંથી દહે, જીવનમાં જીવ, દીવામાંથી દીવો, જેના પ્રેમના લેખા જોખા ન થઈ શકે તે મા છે મા-બાપને એલોપેથી, હોમિયોપેથી, નેચરોપેથીની નહીં માત્ર સીમ પરથી સીમ્પથીની જરૂર હોય છે.

દીક્ષાર્થી અને ૨૫૦ જેટલા વડીલોની તિલક વિધિનો લાભ રમેશભાઈ મહેતા તથા જીવદયા કળશનો લાભ વીણાબેન ખેતાણી અને આયંબિલ તિથિનો લાભ ૧૦૮ ભાવિકોએ લીધેલ. દરેક માતા-પિતાનું મુગટ અને રોકડ રકમ તથા મીઠાઈથી સન્માન કરવામાં આવેલ. સૂત્ર સંચાલન મેહુલભાઈ ધોળકિયા, મનિષાબેન ખેતાણીએ કરેલ. ■

## કોલકાતાના ૧૦૦ કરોડથી વધુ દાન કરનારા ચંદ્રવદનભાઇ દેસાઇ વિરલ વ્યક્તિત્વના ધારક છે: ધીરગુરુદેવ



રાજકોટના વતની અને વર્ષોથી કોલકતાને કર્મભૂમિ બનાવનાર ડૉ. સી. જે. દેસાઇ અને જશવંતીબેન દેસાઇના પનોતા પુત્ર ચંદ્રવદનભાઇ દેસાઇને પિતાના વારસારૂપે માત્ર ૩૫ હજારની મૂડી આપવામાં આવેલ. ૧૯૭૨માં માત્ર ૨૧ વર્ષની ઉંમરે શેરબજારનું કાર્ડ મેળવી ૧૯૭૬માં સી.વી. દેસાઇના નામે કંપની શરૂ કરેલ.

૧૯૭૮માં એક કરોડની માતબર દાન સાથે મહાવીર હાર્ટ ફાઉન્ડેશન અને રિચર્સ સેન્ટરની સ્થાપના કરેલ. દેશભરમાં અત્યાધુનિક ૧૦૦ ડાયાલિસિસ મશીનો તેમ જ ધરમપુરમાં ૧૫ કરોડના ખર્ચે ડાયગ્નોસ્ટિક સેન્ટર, રાજકોટમાં મહાવીરભવન, કોલકાતામાં જૈન ધર્માલય વગેરે અનેક ધાર્મિક-સામાજિક કાર્યોમાં આજ સુધીમાં ૧૦૦ કરોડથી વધુ દાન અર્પણ કરનારા ચંદ્રવદનભાઇ દેસાઇને તા. ૧-૧૦-૨૫ના કોલકાતામાં યુનાઇટેડ વી. સંસ્થા દ્વારા 'સમાજ રત્ન એવોર્ડ' ટ્રસ્ટી પ્રતાપ મહેતા, ભોગીલાલ મહેતા, શરદ ખારા, પ્રવીણ પારકરીયા, જયંતી જૈન, રાજેન્દ્ર જૈન, ઓમજી જાલાન, અનિલ બથિયા, શૈલેશ ગાંધી, મનીષ દોશી, કીર્તિ મહેતા, નિશીથ પારેખ, નીલેશ મહેતાના હસ્તે અર્પણ કરવામાં આવેલ. ઉદ્યોગપતિ, સમાજ સેવકો, જૈન સંઘોના પ્રતિનિધિઓએ સન્માન પત્ર અર્પણ કરેલ.

પ્રણય દેસાઇએ આભારદર્શન કરતાં જણાવેલ કે -૭૬ વર્ષીય મારા પિતાશ્રીનું જાજરમાન સન્માન કરેલ છે. તે બદલ સર્વનો ઋણી છું. સંચાલન નીલેશ મહેતાએ કરેલ.

પૂ. ધીરગુરુદેવે સંદેશામાં જણાવેલ કે ચંદ્રવદનભાઇ દેસાઇ વિરલ અને સરલ વ્યક્તિત્તવના ધારક છે. આવા વિનમ્ર દાનવીરો સમાજના સાચા આભૂષણ સમાન છે. ■

## રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ જનહિતમાં વધુ એક સફળ પગલું

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની પ્રેરણાથી છેલ્લાં બે વર્ષથી મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, બેંગ્લોર જેવા અનેક ક્ષેત્રોમાં દોડી રહેલી ૨૬થી વધુ અર્હમ એનિમલ એમ્બ્યુલન્સના માધ્યમે આજ સુધી ૧,૧૩,૦૦૦થી વધુ ઘાયલ થયેલાં પશુ-પંખીને તાત્કાલિક સારવાર આપી છે ત્યારે દિલ્હી અને વડોદરા શહેરના અબોલ જીવો માટે પણ આવી એક - એક એનિમલ એમ્બ્યુલન્સની અર્પણતાનો સમારોહ યોજાયો હતો.

અર્હમ યુવા સેવા ગ્રુપ દિલ્હીના ઉપક્રમે, માતુશ્રી હસુમતીબેન પોપટલાલ ધોળકિયા પરિવાર-દિલીપભાઈ ધોળકિયાના સહયોગે અર્પણ કરવામાં આવેલી એનિમલ એમ્બ્યુલન્સના ઈનોગરેશનનો અવસર દિલ્હી સરકારના માનનીય મંત્રી કપિલજી મિશ્રા, દિલ્હી પ્રદેશ મંત્રી સારિકાજી જૈન, અશોકજી ગોએલ, રેનુજી અગ્રવાલ આદિ અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. તો બરોડા પાવનધામના આંગણે ધર્મવત્સલા માતુશ્રી સંધ્યાબેન વિનોદભાઈ સંઘાણી પરિવારના સહયોગે અર્પણ કરવામાં આવેલી એનિમલ એમ્બ્યુલન્સની અર્પણતાના અવસરે કોર્પોરેટર નીતિનભાઈ ડોંગા, કોર્પોરેટર નરવીરસિંહ ચુડાસમા આદિ મહાનુભાવો અને ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉપરાંતમાં સૌરાષ્ટ્ર અને કોલકાત્તાના અનેક જરૂરિયાતમંદ પરિવારોને જીવન જરૂરી વસ્તુઓની મોલમાંથી ખરીદી કરવા માટે રૂ.૫,૦૦૦ના વાઉચર્સ, ભોજન અને મીઠાઈના બોક્સની અર્પણતા કરવામાં આવેલ. વિશેષમાં, ૪૧૦૦થી વધુ પ્રજ્ઞાચક્ષુ પરિવારોને ઘાટકોપરના આંગણે ગ્રોસરી કીટ, ભોજન અને મીઠાઈની અર્પણતા કરીને એમની દીપાવલીમાં આનંદનો પ્રકાશ પ્રસરાવવાનો પારમાર્થિક પ્રયાસ કરવામાં આવેલ. ■

# ડ્રગ ડીલરનું પચાસ લાખની ખંડણી માટે અપહરણ: આરોપીઓ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ

મુંબઈ: ડ્રગ ડીલર અને તેના એસ્ટેટ એજન્ટ મિત્રનું પચાસ લાખ રૂપિયાની ખંડણી માટે અપહરણ કરવાના કેસમાં પોલીસે આરોપીઓ સામે એમસીઓસીએ (મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ) લગાવ્યો છે અને તેમની વિરુદ્ધ વિશેષ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

આ કેસમાં ધરપકડ કરાયેલા ૧૪ અને પાંચ વોન્ટેડ આરોપી વિરુદ્ધ ગુરુવારે વિશેષ એમસીઓસીએ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરાઇ હતી.

સુરતના રહેવાસી સાજીદ ઇલેક્ટ્રિકવાલા અને તેના મિત્ર શબ્બીર હુસેન મુબારક સિદ્દીકીનું ૧૨ જૂને ઓશિવરા વિસ્તારમાંની હોટેલમાંથી આરોપીઓએ અપહરણ કર્યું હતું.

આરોપીઓમાંના એક સરવર ખાને ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ ઇલેક્ટ્રિકવાલાને એમડી ડ્રગ બનાવવા માટે યુનિટ સ્થાપવા પચાસ લાખ રૂપિયા આપ્યા હતા. જોકે ઇલેક્ટ્રિકવાલાએ ન તો ડ્રગ બનાવ્યું અને ન તો પૈસા પાછા કર્યા હતા.

દરમિયાન સરવર ખાન, યુનુસ થેવરપલી તથા અન્યોએ ઇલેક્ટ્રિકવાલા અને સિદ્દીકીનું અપહરણ કર્યું હતું અને તેને નેરળ લઇ જવાયા હતા, જ્યાં તેમને રૂમમાં ગોંધી રાખીને તેમની મારપીટ કરવામાં આવી હતી. ૧૪ જૂને સિદ્દીકી ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો અને તેણે ઓશિવરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેને ડર હતો કે આરોપીઓ ઇલેક્ટ્રિકવાલાની હત્યા કરી શકે છે. સિદ્દીકીની ફરિયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને કેસની તપાસ બાદમાં ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૩ને સોંપવામાં આવી હતી. ■

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# આત્માઓથી મુક્તિને બહાને મહિલા સાથે દુષ્કર્મ

મુંબઈ: દુષ્ટ આત્માઓથી મુક્તિની ખાતરી આપી મહિલા સાથે કથિત બળાત્કાર ગુજારવા બદલ રાયગડ પોલીસે તાંત્રિક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. રાયગડની ખાલાપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીની ઓળખ અબ્દુર રશીદ ઉર્ફે બાબાજાન (૪૦) તરીકે થઈ હતી. બાબાજાન પોતાને તાંત્રિક કહેવડાવતો હતો. આત્માઓથી મુક્તિની ખાતરી આરોપીએ આપી હતી. અગાઉ પણ મહિલા સાથે દુષ્કર્મ કરવાનો આરોપી વિરુદ્ધ મુંબઈના સાંતાક્રુઝ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# છેલ્લા પાનાનું ચાલુ

## ઘોડબંદર રોડના

ભિવંડીમાં જનારા વાહનો તેમ જ ત્યાંથી ગુજરાત અને મુંબઈ આવનારાં વાહનો માટે ઘોડબંદર રોડ મહત્ત્વનો ગણાય છે. એ સિવાય મીરા-ભાયંદર, વસઈ, થાણે, બોરીવલી પરિસરના નોકરિયાતો પણ આ માર્ગનો ઉપયોગ કરે છે. જોકે રવિવારે કામ નિમિત્તે કે ફરવા નીકળેલા લોકો માટે આ ઘોડબંદર રોડે ઘણી મુશ્કેલી ઊભી કરી હતી.

ઘોડબંદર રોડ પર ગાયમુખ ઘાટ પરિસરમાં રસ્તાની હાલત બિસ્માર છે. મીરા-ભાયંદર મહાપાલિકા દ્વારા ઈન્ડિયન ઑઈલ પેટ્રોલ પમ્પથી નીરા કેન્દ્ર સુધી થાણેની લેન પર સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામને કારણે ટ્રાફિક પોલીસ દ્વારા સૂચના જારી કરીને ૧૧ ઑક્ટોબરની રાતે ૧૨ વાગ્યાથી ૧૪ ઑક્ટોબરની રાતે ૧૨ વાગ્યા સુધી એક જ લેન વાહનવ્યવહાર માટે ખુલ્લી રાખવામાં આવી છે. થાણે તરફની લેન વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવી હોવાથી બન્ને તરફનો વાહનવ્યવહાર એક જ લેન પર ચાલે છે.

સમારકામને કારણે આ માર્ગ પરની એક જ લેન પર બન્ને તરફનો વાહનવ્યવહાર તબક્કાવાર ૨૦-૨૦ મિનિટ છોડવામાં આવ્યો હતો. એવામાં ગાયમુખ ઘાટ નજીક હનુમાન મંદિર સામે એક ટ્રક ઊંધી વળી હતી, જેને કારણે ટ્રાફિકમાં વધારો થયો હતો. ક્રેનની મદદથી ટ્રકને રસ્તાને કિનારે ખસેડવામાં આવી હતી.

દરમિયાન સમારકામ અને ટ્રક ઊંધી વળવાને કારણે સવારથી જ મુંબઈ-અમદાવાદ હાઈવે વાહનોથી ભરાઈ ગયો હતો. કલાકો સુધી વાહનો ટ્રાફિકમાં ફસાયાં હતા, જેની અસર મુંબઈ તરફના વાહનવ્યવહાર પર પડી હતી. બીજી તરફ, વસઈ સુધી વાહનોની લાઈન લાગી હતી.

અનેક વાહનચાલકો ટ્રાફિક ટાળવા માટે વસઈ-ભિવંડી માર્ગ તરફ વળ્યા હતા, પરંતુ એ માર્ગ પર ઠેકઠેકાણે ખાડા હતા. જેમ તેમ ચારથી પાંચ કલાકે વાહનધારકો તેમના સ્થળે પહોંચ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ■

## મોદી સરકાર

આરટીઆઈમાંથી બાકાત રાખીને, મોદી સરકારે આ કાયદાને નબળો બનાવી દીધો છે,' એમ સપકાળે આરટીઆઈ કાયદાની ૨૦મી વર્ષગાંઠ પર એક પત્રકાર પરિષદને સંબોધતા આરોપ લગાવ્યો હતો.

તેમણે સરકાર પર નોટબંધી અને ચૂંટણી પ્રક્રિયાઓ સંબંધિત તથ્યો છુપાવવાનો પણ આરોપ લગાવ્યો હતો, જેમાં મતદાન મથકોના સીસીટીવી ફૂટેજનો પણ સમાવેશ થાય છે.

સપકાળે જણાવ્યું હતું કે કોંગ્રેસ કાયદાને મજબૂત બનાવવા અને લોકોના માહિતી અધિકારને પુનઃસ્થાપિત કરવા માટે એક ઝુંબેશ શરૂ કરશે, જેમાં જનજાગૃતિ અભિયાન, કાનૂની કાર્યશાળાઓ અને જરૂરી સુધારાઓ પર નાગરિકોના પ્રતિભાવ એકત્રિત કરવા માટે આઉટરીચ કાર્યક્રમનો સમાવેશ થશે.

આ દરમિયાન તેમણે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર બ્રિટિશ યુગની 'ભાગલા પાડો અને રાજ કરો'ની વ્યૂહરચનાનો ઉપયોગ કરીને 'સમાજમાં જાતિ આધારિત વિભાજનને જાણી જોઈને ભડકાવવા'નો આરોપ લગાવ્યો હતો.

'તેમનો (ફડણવીસનો) ઠંડા અને ગણતરીપૂર્વકનો રાજકીય અભિગમ નથુરામ ગોડસેની માનસિકતાની યાદ અપાવે છે, જોકે સરખામણી પદ્ધતિઓની છે, વ્યક્તિઓની નહીં,' એમ પણ સપકાળે જણાવ્યું હતું.

### રમખાણો ભડકાવવાનું ઈરાદાપૂર્વકનું કાવતરું

અહિલ્યાનગર જિલ્લામાં તાજેતરના સાંપ્રદાયિક તણાવ પર ટિપ્પણી કરતા સપકાળે એવો આરોપ લગાવ્યો હતો કે, 'મહારાષ્ટ્રમાં રમખાણો ભડકાવવા અને શાંતિમાં ખલેલ પહોંચાડવાનું ઇરાદાપૂર્વકનું કાવતરું ચાલી રહ્યું છે.'

### પ્રધાનોને રાજ્યમાં ફરવા દેવામાં આવશે નહીં: સપકાળની ચેતવણી

તેમણે મહાયુતિ સરકાર પર ખેડૂતોને શોષણથી બચાવવામાં નિષ્ફળ જવાનો આરોપ પણ લગાવ્યો હતો.

'જ્યારે સોયાબીન માટે લઘુત્તમ ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫,૪૦૦ છે, ત્યારે ખેડૂતોને રૂ. ૩,૨૦૦ થી રૂ. ૩,૭૦૦ના ભાવે સોયાબીન વેચવાની ફરજ પાડવામાં આવી રહી છે. સરકારે તાત્કાલિક ટેકાના ભાવે સોયાબીન ખરીદવું જોઈએ, નહીં તો કોંગ્રેસ પ્રધાનોને રાજ્યમાં મુક્તપણે ફરવા દેશે નહીં,' એવી ચેતવણી સપકાળે ઉચ્ચારી હતી. (પીટીઆઈ) ■

## જાલનામાં

મ્યુનિસિપલ કોર્પોરેશનની આ પહેલી ચૂંટણી હશે. તેથી, દરેક પક્ષ સત્તા મેળવવા માટે લડશે. ભાજપ પણ સંખ્યાઓનું રાજકારણ રમી રહ્યો છે. સ્થાનિક ભાજપ નેતા કૈલાશ ગોરંટ્યાલે એક ટીવી ચેનલ સાથે વાત કરતા આત્મનિર્ભરતાનો નારો આપ્યો છે. તેમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે જાલના મ્યુનિસિપલ કોર્પોરેશનનો પહેલો મેયર ભાજપનો હશે.

જાલના શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાઈને આવવા માટે ફક્ત ભાજપ પાસે જ ચહેરા છે. તેથી, કૈલાશ ગોરંટ્યાલે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પાસે એવી માગણી કરી છે કે પાલિકાની ચૂંટણીમાં એકલા લડવાની છૂટ આપવી જોઈએ. તેમણે એવી પણ આગાહી કરી છે કે જાલના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં મહાયુતિમાં મૈત્રીપૂર્ણ લડાઈ થશે. આ ઉપરાંત, તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે જાલના મ્યુનિસિપલ કોર્પોરેશનનો પહેલો મેયર ભાજપનો હશે.

જાલના શહેરમાં ભાજપની તાકાત છે એવો દાવો કરતાં ગોરંટ્યાલે કહ્યું હતું કે જાલના શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ૯૯ ટકા બેઠકો પર મૈત્રીપૂર્ણ લડાઈ થશે. કૈલાશ ગોરંટ્યાલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે જાલના શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપના ૩૫થી વધુ કોર્પોરેટરો ચૂંટાશે અને પ્રથમ મેયર પણ ભાજપનો જ હશે.

અહીં ઉલ્લેખનીય છે કે જાલનામાં ભાજપ ઉપરાંત કૉંગ્રેસ અને શિવસેના (શિંદે જૂથ) પણ પ્રભાવ ધરાવે છે. આવી સ્થિતિમાં ભાજપના એકલા ચલો રેથી એકનાથ શિંદેની ચિંતામાં વધારો થઈ શકે છે. કેમ કે મહાયુતિમાં વધુ સફળતા મળે એવી શક્યતા છે અને એકલા ચલો રેમાં એકનાથ શિંદેને ખાસ્સું નુકસાન થઈ શકે છે. બીજી તરફ ભાજપના એકલા ચલો રે નારાથી કૉંગ્રેસના વર્તુળોમાં આનંદ ફેલાયો છે કેમ કે તેમને માટે આ મોટી તક બની રહેવાની શક્યતા છે. ■

## ...તો શિવસેના

દિવંગત નેતા અનંત તરેના જીવનચરિત્ર 'અનંત આકાશ'ના વિમોચન પ્રસંગે બોલતા ઉદ્ધવ ઠાકરે ભાવુક થઈ ગયા હતા. તેમણે યાદ અપાવ્યું હતું કે તરેએ તેમને એકનાથ શિંદે વિશે ચેતવણી આપી હતી કે 'આ માણસ ભવિષ્યમાં વિશ્વાસઘાત કરશે,' પરંતુ તેમણે તે સમયે ચેતવણીને ગંભીરતાથી લીધી નહોતી અને આખરે તેમણે કહ્યું હતું એવું જ થયું.

તરેના મતે, શિંદેએ પાર્ટીમાં એકપક્ષી નિર્ણયો લેવાની આદત નાખી હતી. તરેએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો તેમને રોકવામાં નહીં આવે, તો તેઓ 'બીજા નારાયણ રાણે' બની જશે. એમ કહેતાં ઠાકરેએ જણાવ્યું હતું કે, 'જો આપણે તે સમયે તેમની વાત સાંભળી લીધી હોત, તો આપણે લોકોને શાહ સાથે હાથ મિલાવતા જોયા ન હોત.' થાણે એક સમયે શિવસેનાનો ગઢ હતો. જો આજે અનંત તરે જેવા 'શાહી હંસ' હોત, તો 'કાગડા ફફડ્યા ન હોત', એવા શબ્દોમાં ફરી એકવાર ઉદ્ધવ ઠાકરેએ બળવાના ઘા પર આંગળી ચીંધી છે. ■

## કાંજુરમાર્ગ

હાલ જુદા જુદા રૂટ પર સાત મેટ્રો-રેલના કામ ચાલી રહ્યા છે,જેમાં વધુ બે મેટ્રો રૂટ પર બહુ જલદી કામ શરૂ થવાના છે. જોકે મુંબઈથી બદલાપુર વચ્ચે દોડનારી મેટ્રોના કામ માટે બહાર પાડેલા ટેન્ડરને કોઈ પ્રતિસાદ મળ્યો નથી. તેથી એમએમઆરડીએને ફરી એક વખત ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકવી પડશે અને તેને કારણે બદલાપુરવાસીઓને મેટ્રોમાં પ્રવાસ કરવા માટે હજી થોડા વર્ષ રાહ જોવી પડવાની છે. વર્સોવા-ઘાટકોપર મેટ્રો-વન અને મુંબઈ એરપોર્ટથી નવી મુંબઈ એરપોર્ટ-મેટ્રો આઠ મુજબ સાર્વજનિક-ખાનગી સહભાગથી આ રૂટ પર કામ કરવા માટે એમએમઆરડીએ દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા પણ એક પણ બિડરને આમાં રસ પડ્યો નહોતો. તેથી એક પણ બિડ આવી નહોતી. એમએમઆરડીએમાં ચાલી રહેલી ચર્ચા મુજબ સાર્વજનિક-ખાનગી સહભાગથી આ મેટ્રો બનાવવામાં આવવાની હોવાથી કોઈ આગળ આવતું નથી,૫ કારણકે અંધેરીથી વર્સોવા વચ્ચે દોડતી મેટ્રો-વન પણ સાર્વજનિક-ખાનગી સહભાગથી ઊભી કરવામાં આવી હતી અને આ રૂટ ખોટમાં જઈ રહ્યો હોઈ તેનું સંચાનલ કરનારી કંપનીના માથા પર મોટું દેવું થઈ ગયું છે. તેથી કંપની તરફથી એમએમઆરડીએને આ મેટ્રોને હસ્તગત કરવાની અનેક વખત માગણી કરવામાં આવી છે પણ એમએમારડીએ દ્વારા ચોખ્ખા શબ્દોમાં તેને નકારી દેવામાં આવ્યું છે. તેથી કદાચ મેટ્રો-૧૪ને પણ સાર્વજનિક-ખાનગીને સહભાગથી ઊભી કર્યા બાદ તેમાં પણ નુકસાન થવાનો ડર કદાચ બિડરને સતાવી રહ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. મેટ્રો -૧૪ કાંજુરમાર્ગ અને બદલાપુર વચ્ચે ૩૯ કિલોમીટર લાંબી મેટ્રો હશે, જેમાં ૧૫ સ્ટેશનનો સમાવેશ થાય છે. કાંજુરમાર્ગ-ઘણસોલી વચ્ચે આ રૂટ અંડરગ્રાઉન્ડ હશે. તો ઘણસોલી-બદલાપૂર વચ્ચે એલિવેટેડ રૂટ હશે. મહત્ત્વનું એટલે કે ૩૯ કિલોમીટર લંબાઈના આરૂટમાં ૪.૩૮ કિલોમીટરનો માર્ગ પારસિક હિલમાંથી પસાર થશે. ■

## મહાયુતિની

આ બધાની વચ્ચે એકનાથ શિંદે હજી સુધી મહાયુતિમાં જ લડવું કે અલગ લડવાની તૈયારી કરવી તે નક્કી ન કરી શક્યા હોવાથી ગુંચવાયેલા છે. તેમને અલગ લડવામાં શિવસેના-મનસે યુતિને કારણે નુકસાન થઈ શકે છે, બીજી તરફ મહાયુતિમાં લડવામાં બેઠકો ઓછી મળે એવી સંભાવના છે. બંનેમાં મેયરપદ ગુમાવવાની શક્યતા છે. હવે આગામી દિવસોમાં શું થાય છે તે જોવાનું રહેશે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પુણેની મુલાકાત દરમિયાન 'જન સંવાદ' યાત્રા દ્વારા ખડકવાસલા વિધાનસભા ક્ષેત્રના નાગરિકોની સમસ્યાઓ જાણી હતી. તે સમયે, તેમણે મીડિયા સાથે વાતચીત કરી હતી અને વિવિધ મુદ્દાઓ પર ટિપ્પણી કરી હતી. ■

# હિન્દુ મરણ

ભેરાઇ વાળા હાલ કાંદિવલી દમયંતીબેન તે સ્વર્ગીય જયંતકુમાર શામળદાસ ગોરડિયાના ધર્મપત્ની (ઉ.વ. ૮૧) તા. ૧૦/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. ઉદય,પરેશ, હિમા મનીષ દાની, કવિતા યોગેશ ગાંધીના માતુશ્રી. ચૌલા, તોરલના સાસુ. વસુમતી હર્ષદભાઈ, ઉષાબેન બા. બાબાઈ, ચારુબેન હરેશભાઈ ગોરડિયા, કુમુદબેન ભીખાભાઈ દોશી, નીલમબેન પ્રફુલભાઈ પારેખના ભાભી. રાજુલાવાલા જયાબેન ઓધવજી મહેતાની દીકરી. જયંત, પંકજ, કુસુમબેન, જ્યોતિબેન, મીનાબેનના બેન. લૌકિક પ્રથા બંધ છે.

**નવગામ ભાટિયા**

વિજયાલક્ષ્મી દુલેરાય ગોકળગાંધી (ઉં. વ. ૮૭) શનિવાર તા. ૧૧-૧૦-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. દુલેરાય નરસિંહદાસ ગોકળગાંધીના ધર્મપત્ની. વાલીબેન નરસિંહદાસ ગોકળગાંધીના પુત્રવધૂ. તેમ જ લીલાધર વેદના સુપુત્રી. અશ્વિનભાઇ, મનોજભાઇ, ચંદ્રિકાબેન તેમ જ રેખાબેનના માતુશ્રી. સ્વ. સાધના અશ્વિન ગોકળગાંધી તેમ જ શિલ્પા મનોજ ગોકલગાંધીના સાસું. પ્રિયંકાબેન, પૂજાબેન, ઋષભના દાદી. રિદ્ધિબેન, દિવ્યાબેહનના નાની. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૩-૧૦-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. બ્રાહ્મણ સમાજ વાડી, ૩જે માળે, જોશીલેન, ઘાટકોપર (પૂ.).

**હાલાઇ લોહાણા**

વિરપુર નિવાસી હાલ મુંબઇ વિલેપાર્લે સ્વ. ભાનુમતી લક્ષ્મીદાસ ગઢીયાના પુત્રવધૂ ગં. સ્વ. રેખાબેન જગદીશભાઇ ઠક્કર (ઉ.વ. ૭૧) તે સ્વ. જગદીશભાઇના ધર્મપત્ની. સ્વ. ચંદ્રમણી વિઠ્ઠલદાસ મીરાણી (આણંદવાળા)ના દીકરી. તે સ્વ. ઉર્વશી સંતોશકુમાર ઠકરાર (કરાડવાળા) કૃણાલ, રચનાના માતુશ્રી. કિર્તીબેન હરીશકુમાર મશરૂ તેમ જ અનીલભાઇ અને હરિપ્રિયાબેનના ભાભી તા. ૧૨-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા બન્ને પક્ષની સોમવાર, તા. ૧૩-૧૦-૨૫ના સાંજે ૪થી ૬. ૧લે માળે, વિશ્વેશ્વરભવન, સન્યાસ આશ્રમ કંપાઉન્ડ, વિલેપાર્લે (વેસ્ટ)માં રાખેલ છે.

**કપોળ**

રાજુલાવાળા (હાલ મીરારોડ) સ્વ. હરકુંવરબેન નારણદાસ ગાંધીના સુપુત્ર પ્રવીણભાઇ ગાંધી (ઉ. વ. ૭૯) તા. ૧૧-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સુશીલાબેનના પતિ. અને સ્વ. કાન્તીભાઇ, સ્વ. હરેશ, જસવંત, લલિત અને સ્વ. જસવંતીબેન કનૈયાલાલ દેસાઇના ભાઇ, કેવલ, વિકાસના પિતા. મિતાલી, રીતુના સસરા. કપીશ, વંશિકાના દાદા. તે સ્વ. સવિતાબેન પ્રાણજીવનદાસ લહેરીના જમાઇ. સ્વ. કાલીદાસ પ્રેમજી ચીતલીયાના ભાણેજ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**વડનગરા નાગર**

ભદ્રેશ સનતકુમાર દેસાઈ (ઉં. વ. ૭૨) તે સનતકુમાર તથા શશીલેખાબેનના પુત્ર. મધુલતા ચંદ્રશેખર માંકડના જમાઇ. અપર્ણાબેનના પતિ. જીજ્ઞાસા અને નૈનેષના બનેવીનું તા. ૭/૧૦/૨૫ના રોજ અવસાન થયુ છે, તેમની પ્રાર્થનાસભા (ઉઠમણુ) ૧૩/૧૦/૨૫ સોમવારના ૪ થી ૬ મધુલતા ચંદ્રશેખર માંકડ ફ્લેટ નં. ૮૦૧ સુપાશ્વ ઇટરનિયા, જૈન નસિંગ હોમની ગલીમા જુના નાગર દાસ રોડ, અંધેરી ઇસ્ટ મુંબઈ ૬૯.

અજીત ભાઈ કરસનદાસ તન્ના (ઉ.વ.૮૮) હાલ થાણા તે તા. ૧૧-૧૦-૨૫ શનિવારે શ્રીજી ચરણ પામેલ છે. તે માણેકબેન ભીવંડીવાલા અને મંજુબેનના પુત્ર. સ્વ.લક્ષ્મીબેનના પતિ. સ્વ જમનાદાસ પાબારીના જમાઈ. નીતીન, અજય, પ્રિતીના પિતા. જયંતભાઈ કાથરાણી, હિના, ચેતનાના સસરા.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળગામ અમરેલી હાલ કાંદિવલી તે શરદભાઈ ભિખાભાઈ પડીયા (ઉ.વ.૭૫) તા. ૧૦/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રમાબેનના પતિ. કિરણ, કમલ, તથા ભાવના હિતેશ જાજલના પિતાશ્રી. કૃપા અને લતાના સસરા. સુરેશભાઈ, કીર્તિભાઈ તથા રંજનબેન જ્યોતિન્દ્ર બોસમિયાંના મોટાભાઈ. સ્વ. વલ્લભદાસ નાથાલાલ મેરના જમાઈ (બગસરા) તેમની પ્રાર્થનાસભા ૧૩/૧૦/૨૫ સોમવારના સાંજે ૫ થી ૭. સ્થળ: લોહાણા મહાજનવાડી. પહેલો માળ , એસ. વિ. રોડ. , કાંદિવલી (વેસ્ટ) મુંબઈ ૬૭.

**કપોળ**

શિહોરવાળા હાલ કાંદીવલી સ્વ. રમણીકલાલ જેઠાલાલ મેહતાના પુત્ર હિતેશના ધર્મપત્ની. અ. સૌ. નીતાબેન (ઉ. વ.૬૦) ૧૧.૧૦.૨૫ શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે નિકિતા ધ્રુવિન પરીખ અને જયના માતોશ્રી. તે દિશાના સાસુ. તે ગં. સ્વ. રેખાબેન પ્રફુલભાઇ, અ. સૌ. હિનાબેન કિરીટભાઈ, સ્વ. પ્રતિભાબેન બલવન્તરાય મેહતા, સ્વ. નીરુબેન અનંતરાય ગોરડિયાના ભાભી. પિયરપક્ષે ચિતલવાળા જસવંતરાય ધનજીભાઈ ભુવાની દીકરી. શૈલેષ, વિપુલના બેન. પ્રાર્થનાસભા તા. ૧૪.૧૦.૨૫ મંગળવાર ના રોજ સમય ૫:૩૦ થી ૭:૩૦. સરનામું : લોહાણા બાલાશ્રમ કાંદિવલી, મંગુભાઈ દત્તાણી માર્ગ, અતુલ ટાવર નજીક, કાંદિવલી પશ્ચિમ, મુંબઈ - ૬૭.

**વાલમ બ્રાહ્મણ**

માતુશ્રી ચંપાબેન રમેશચંદ્ર ભટ્ટ (ઉ. વ. ૮૫) સ્વ. રમેશચંદ્ર ત્રંબકલાલ ભટ્ટના ધર્મપત્ની. કેતન યોગેશ અને બિનિતા ના માતુશ્રી. છાયા શિલ્પા અને પ્રદ્યુમ્ન પંડિતના સાસુ. સ્વ. ઉર્મિલાબેન જોશી તથા સ્વ. રજનીભાઇ અને યશવંતભાઈ તથા પુનમભાઈના ભાભી. સ્વ. મહીપતરામ લક્ષ્મી શંકર પુરોહિતના બહેન. ૯/૧૦/૨૫ના ગુરવારે દેવલોક પામ્યા છે. બેસણું ૧૪/૧૦/૨૫ને મંગળવારે ૪ થી ૬ અને પિયરનું પણ તે સાથે અમારા નિવાસસ્થાને રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે. સ્થળ:- ટીટેનિયમ ટાવર, જય વીયુવ સોસાયટી, સહકારનગર, જે.પી. રોડ, અંધેરી વેસ્ટ.

**અનાવિલ બ્રાહ્મણ**

ગામ પલસાણા હાલ કાંદિવલી આશાબેન (ઇન્દુબેન) નવીનચંદ્ર દેસાઇ (ઉં. વ. ૯૨) તા. ૧૨-૧૦-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. નવીનચંદ્ર રઘુનાથજી દેસાઇના પત્ની. હરેશભાઇ, વર્ષાબેન અને પરેશાબેનના માતુશ્રી. સોનલબેનના સાસુ. લૌકિક રિવાજ બંધ છે.

**કચ્છ કડવા પાટીદાર**

સ્વ. હરેશભાઇ રતનશીભાઇ શેઠિયા (ઉ.વ. ૫૩) મૂળ વતન ઘડુલી (કચ્છ) હાલ થાણા તે ગીતાબેનના પતિ. લક્ષ્મીબેન અને રતનશીભાઇ નાનજીભાઇ શેઠિયાના પુત્ર. મુકેશભાઇ, કિશોરભાઇ તથા પુરુષોતમભાઇના નાનાભાઇ. અલ્પેશ અને ટિવંકલના પિતાશ્રી. પરેશ, રશ્મી સાગર, શ્વેતા સાગર, શ્વેતા સંકેત, તેજલ વિપિન પોકાર, નિરજ, તેજસ અને પ્રણવના કાકા. રિશ્વા, ચહેક, હિયા અને નિત્યાના દાદા. માલવ, દુર્વાના નાના તા. ૧૦-૧૦-૨૫ શુક્રવારના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૩-૧૦-૨૫ના, ૪થી ૫.૩૦. ઠે. શ્રી કચ્છ કડવા પાટીદાર બેન્કવેટ, લેવીનો કપુર કમ્પાઉન્ડ, કેશલ મીલ, થાણા (વેસ્ટ).

**મેઘવાળ**

ગામ બાડી-પડવા, હાલ મુંબઈના રહીશ સ્વ. નાનજીભાઈ ટાભાભાઈ જોગદીયાના પુત્રવધૂ. સ્વ. મંગળભાઈ નાનજીભાઈ જોગદીયાના ધર્મપત્ની સ્વ. ધુડીબાઈ મંગળભાઈ જોગદીયા (ઉ.વ. ૬૭) તા. ૧૧/૧૦/૨૫ના રાત્રે રામશરણ પામ્યા છે. તેમના બારમાંની વિધી તેમજ સંખ્યાઢાળનો પાઠ તા. ૧૪/૧૦/૨૫ મંગળવારના સાંજે ૫.૦૦ વાગે એમના નિવાસ સ્થાન ખાતે રાખવામાં આવેલ છે. તે સ્વ. પીઠાભાઈ ગાંડાભાઈ રાવદકાના દિકરી. પ્રેમજીભાઈ, કાળીબેન, મણીબેન જેઠાભાઈ, જેસિંગભાઈના ભાભી. ધનજીભાઈ, પ્રવિણભાઈ, લીલાબેન, કંચનબેનના માતૃશ્રી. નિવાસસ્થાન:- સુર્યકુંડ, ડોક્યાર્ડ રોડ સ્ટેશનની સામે, મુંબઈ-૧૦.

# જૈન મરણ

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી ભાભાના પાડાના હાલ મુંબઇ ગોરેગામ સ્વ. ભીખીબેન ચીમનલાલ શાહના સુપુત્ર ચંદ્રકાંતભાઇ (ઉં. વ. ૯૯) તા. ૧૦-૧૦-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ભાનુભાઇ, સ્વ. ચંદ્રાવતીબેન, સ્વ. ભગવાનદાસભાઇના ભાઇ. સ્વ. ભૂપેન્દ્રભાઇ, આસીતભાઇ, પ્રેરણાબેન, છાયાબેન, સ્વ. ભૈરવીબેન તથા નંદાબેનના કાકા. હંસાબેન અને પ્રાપ્તીબેનના કાકાજી. ડોના, નિશીત, હીરલ, ગોપી, ચાંદની અને જયવીરના દાદા-કાકા. લૌકિક રિવાજ બંધ છે. ઠે. નિશીત શાહ, ટાવર નં.૬. રૂસ્તમજી ઓઝોન, ફ્લેટ નં.૧૬૦૧. ગોરેગામ મુલુંડ લિંક રોડ, ગોરેગામ (વેસ્ટ).

**ઝાલાવાડી શ્વે. મૂ. જૈન**

સુદામડા નિવાસી હાલ મીરારોડ સ્વ. મોતીબેન ભોગીલાલ મશકારીયાના પુત્ર કિરીટભાઇ (ઉં. વ. ૮૦) તા. ૧૦-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રફુલ્લાબેનના પતિ. તે શીતલ સોહનકુમાર, નિખિલના પિતાશ્રી. તે જીગીશા, પ્રતિક્ષા, કાર્તિકના મોટા પપ્પા. જીયા, વિહાનના નાના. તે સ્વ. પંકજભાઇ, જસુભાઇ તથા મધુબેન, ગુણવંતલાલ શાહ, દિનાબેન દિલીપકુમાર પરીખ, નયનાબેન વિરેન્દ્રકુમાર કપાસીના ભાઇ. સ્વ. જયશ્રીબેનના જેઠ. તે યશોમતીબેન બાબુલાલ ગાંધીના જમાઇ. તે સ્વ. ચીમનલાલ તથા ભગવાનજી રતિલાલ મશકારીયાના ભત્રીજી. સ્વ. દિનેશભાઇ, વિજયભાઇ, અંજનાબેન, રક્ષાબેનના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના જગશી ભારમલભાઈ મેપશી બુરીચાના (ઉં.વ.૬૭) તા. ૧૦.૧૦.૨૫ શુક્રવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી રતનબેન ભારમલભાઈ બુરીચા સુપુત્ર. સ્વ. નયનાબેનના પતિ. સામખીયારીના સ્વ.હીરુબેન રતનશીભાઈ ધનજીભાઈ ગડાના જમાઈ. ભગવાનજી, મેઘજી, ઉમરશી, કુંવરજી, અ.નિ.શાંતી, સ્વ. રાજી, હિનાના ભાઈ. પ્રાર્થના સ્થળ. યોગી સભાગૃહ, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં દાદર-ઈસ્ટ. નિવાસ સ્થાન. ફોર્જેટસ્ટ્રીટ, તારદેવ, મુંબઈ-૨૬.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ હલરાના ચાંપશી ખીમજી કાનજી ગોગરીના (ઉં.વ.૮૦) તા. ૧૦.૧૦.૨૫ શુક્રવારના અવસાન પામેલ છે. સ્વ. ડાઈબેન ખીમજી કાનજીના પુત્ર. જવેરબેનના પતિ. સાધના, પ્રકાશના પિતાશ્રી. વિનોદ, હિનાના સસરા. આધોઈના સ્વ. ડાઈબેન પાલણ કોરશી નિસરના જમાઈ. પ્રાર્થના સભા તા.૧૩.૧૦.૨૫ ૩.૦૦ થી ૪.૩૦ સ્થળ. રાજેશ્રી બેન્કવેટ, મરાઠા કોલોની રોડ, દહિંસર-પૂર્વ.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

લાકડીયાના જગશી બુરીચા (ઉં. વ. ૬૭) તા. ૧૦-૧૦-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી રતનબેન ભારમલભાઇના સુપુત્ર. સ્વ. નયનાબેનના પતિ. સામખીયારી સ્વ. હીરૂબેન રતનશીભાઇ ધનજીભાઇ ગડાના જમાઇ. ભગવાનજી, મેઘજી, ઉમરશી, કુંવરજી, અ.નિ. શાંતિ, સ્વ. રાજી, હીનાના ભાઇ. પ્રા. સોમવાર, તા. ૧૩-૧૦-૨૫, ૩ થી ૪.૩૦. યોગી સભાગૃહ, દાદર (ઇ.). પ્રાર્થના પછી બરવિધિ રાખેલ છે.

સાડાઉના લાલજી પ્રેમજી ગાલા/મંગરાઈ (ઉ.વ. ૯૮) તા.૧૦/૧૦/૨૫ના અવસાન પામેલ છે. સાકરબેનના પતિ. લાછબાઈ પ્રેમજી દેવશીના પુત્ર. જયંતિલાલ, શૈલેશ, કમળા, હસુમતીના પિતા. ગાંગજી, વિરજી, ભુજપુર ભાનુમતી રામજી, પત્રી/સાડાઉ દેવકાબેન ટોકરશી, રતાડીયા-ગ. કસ્તુર જાદવજીના ભાઈ. વાંકી હીરબાઈ કરમશી વાઘજીના જમાઈ. પ્રા : માનવ સેવા સંઘ - સાયન. (૪ થી ૫.૩૦)

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચલાળા નિવાસી હાલ ઇન્દોર, કંચનબેન પ્રફુલચંદ્ર પારેખના પુત્ર. જતિનભાઈ (ઉં. વ.૬૭) તા. ૩/૧૦/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે અનિતાબેનના પતિ. તે તન્વી અભિજીત મહેતા, જાન્વી અને શૈલી શશાંક પ્રભુના પિતા. રાજુભાઈ, પિયુષભાઈ, પરાગભાઈ, બિનાબેન વિરાજભાઈ દેસાઈના ભાઈ. અમરાપુર નિવાસી સ્વ. દયાબેન જમનાદાસભાઈ માડિયાના જમાઈ. તે રેયા અને સાવ્યા ના નાના.

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. અવનીકુમાર તારાચંદ દોશીના ધર્મપત્ની ઈન્દીરાબેન (ઉ.વ.૮૧) ૧૧-૧૦-૨૫ના શનિવારના અરિહંત શરણ પામેલ છે. તે હિમાંશુ-શૈલા, સંજય-બીના તથા રૂપલ-પિયુષકુમારના માતુશ્રી. સ્વ. ભાનુબેન-ઈન્દુભાઈ, સ્વ. ઉષાબેન-મુગટભાઈના દેરાણી. ભવ્ય-ઝીલ, દર્શ-દર્શની, રાજ-તન્વી, શિમોની તથા રેયાંશ ના દાદી. સ્વ. પ્રવિણચંદ્ર જગજીવન શાહના દિકરી. તે ભરતભાઈ, મુકેશભાઈ તથા પ્રતિભાબેનના મોટાબેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. રહેઠાણ: હિમાંશુભાઈ અવનીકુમાર દોશી, ૮૦૧ - ઋષભરાજ વિસીનિયા, વલ્લભબાગ એક્સટેન લેન, ઘાટકોપર (ઈસ્ટ).

વેરાવળ નિવાસી હાલ બોરીવલી રિપલ દિલીપ હંસરાજ શાહ (ઉ.વ.૫૩) ૧૧/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વાસંતીબેન દિલીપ હંસરાજના દીકરા. રંજીતાના પતિ. વિજય સીતારામ જગતાપના જમાઈ. તે મીનલ સચિન ઝવેરીના ભાઈ. તે દિપ સચિન ઝવેરીના મામા ઠે. ૫૦૩, કે વિંગ, સુમેર નગર નં. ૨, એસ.વી.રોડ. બોરીવલી (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન**

ચુડા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કાંતિલાલ ચુનીલાલ શાહના ધર્મપત્ની મંજુલાબેન કાંતિલાલ શાહ (ઉં. વ. ૯૨) તા. ૯-૧૦-૨૫ ગુરવારના અરિહંતશરણ થયેલ છે. તે સુરેન્દ્રનગર નિવાસી સ્વ. લલ્લુભાઇ નારાયણદાસની પુત્રી. તે વિકેશભાઇ તથા રીટાબેનના માતુશ્રી. તે મનીષાબેન તથા સતીષકુમારના સાસુજી. તે ગ્રીષ્મા રોનક બગડીયા, આયુષી વિરાજ ચભાડિયા, ચિંતન, હીરલ, વિધિ, કુનાલના દાદીમા. પ્રાર્થના તથા લૌ. વ્ય. બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પીઠવડી નિવાસી હાલ ડોમ્બીવલી કેશવલાલ રામચંદ શેઠના સુપુત્ર ભાવેશ (ઉ.વ. ૪૯) તા. ૮/૧૦/૨૫ ને બુધવારના સ્વર્ગવાસ થયેલ છે. તે નીપાના પતિ. ભવ્યા - દ્રષ્ટીના પિતાજી. કનુભાઇ, ભરતભાઇ, અજીતભાઇ, અલકેશ તથા મહેશના નાના ભાઈ. ભુપતરાય રાયચંદ મહેતા દુદાણાવાળાના જમાઇ. વનમાળીભાઇ મગનલાલ ભાણજી બાબરા(લુણકી)વાળાના ભાણેજ. એડ્રેસ: ૬, પારીજાત બિલ્ડીંગ, સંગીતા વાડી, શિવ મંદિર રોડ, વેદ ૐ શાંતિની બાજુમાં, ડોમ્બીવલી (ઈ). લૌકિક વ્યવહાર તથા સાદડી રાખેલ નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ક્લાસિફાઈડ

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૫. અંગત

**શેર ટ્રાન્સફરમાં તકલીફનો નિવેળો**
અમારી જુની અને જાણીતી ફર્મ મેસર્સ એસ.ટી.એસ. સર્વિસીઝ, છેલ્લા ચાલીસથી પીસ્તાળીસ વર્ષોથી શેરબજારમાં શેર ટ્રાન્સફરનું અને શેરમાં કોઈપણ જાતની અડચણ થાય તો એનો ઉકેલ સહેલાઈથી પુરો કરીએ છે. માત્ર નીચે જણાવેલ મો. નંબર પર સંપર્ક કરશો. પુનમ ૯૮૩૩૪૮૫૬૨૫, ચૈતાલી ૯૮૧૯૫૨૫૪૪૬. (૩૧૯)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૬. પરચુરણ

**પટવા**
મોતી પિરોવાવાળા જૂના દાગીના સુધારવાવાળા. ઘરે બોલાવો. 9821369617 / 9324805010. (એસડીબી-૨૯૦૭)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૬૦૭)

## ૧૪. નોકરી ખાલી છે

CAREER OPPORTUNITY!! Retired / Housewives / Bankers / Pensioners. Age: 35+/ 45+. Fixed Salary + Incentives + Medical Benefits. : 8097181975. (B-16606)

## ૧૭. જગ્યા આપવી છે

**માટુંગા**
ત્રણ બેડરૂમ બાલ્કની ૧૧૦૦ કાર્પેટ બે પાર્કિંગ ચાર એરકંડીશનર. ભાવ ૫૨૦૦૦ પણ ૪૫૦૦૦માં ઓફર આપો. વિનોદ: 9892980593. (૩૫૫-એ)

**અંધેરી (વેસ્ટ)**
સ્ટેશન દેરાસર પાસે, ''ભાડેથી'' ૨ બેડરૂમ, (660') 3/75000, તદ્દન નવું બિલ્ડીંગ, સ્વીમીંગ પુલ, હેલ્થ કલ્બ, થિયેટર, લાયબ્રેરી અને ઘણી સુવિધાઓ, રેડી પઝેશન, (ફક્ત શાકાહારી) ''નિરજ એસ્ટેટ'' 9821277077. (૩૬૮-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**દાદર**
ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરુમ, ફ્લેટ, ભાડેથી- લેવા- વેંચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૫૫૮)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**MANGALWADI**
**Old Rent Building Ground Plus Two Floors on Main JSS Road Girgaum having 3 Shops and 7 Residences for Sale or Redevelopment Whatsup 7021831500. (SDB-2914)**

**CHURCHGATE**
To Sell 2 Offices Single or Joint Jolly Bhavan No. 1 New Marine Lines. Fully Furnished. WhatsApp 7021831500. (SDB-2915)

## ૩૧. નાણાંકીય

**"UNCLAIMED SHARES"..**
Recover your Unclaimed Physical Shares easily with "Investment House".. IEPE, Trans, Demat of Physical, Duplicate Shares, Claim Dividend from IEPF.. Call - 9619315362, 8291226197. (B-16613)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૩૪૩-બી)

**આજેજ બોલાવો**
**રાજશ્રી પેસ્ટ કન્ટ્રોલ**
(જુનું અને જાણીતું વિશ્વસનીય નામ)
અમારુ ઈન્જેક્સન પ્રોસેસથી સત્વરે ઉધઈનું નિયંત્રણ કરાવે છે.
વાંદા તેમજ માંકડ માટે સ્પ્રે ટ્રીટમેન્ટ.
ફોર્ટ 9869336650 / 9969871385 22626396 / 22622348
(બી-૧૬૪૯૮)

## ૫૨. કુરીઅર્સ

**ગ્લોબેક્સ વર્લ્ડવાઈડ**
એક્સપ્રેસ કુરિયર કંપની: અમેરિકા, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, દુબઈ. દિવાળી ફરાળ, કપડાં. હોમ ડિલિવરી સેવા. પીકઅપ: 7738371832. (બી-૧૬૫૬૨)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093/ 9594187418. (બી-૧૬૬૧૯)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# ગેરકાયદે બાંધકામો સામે આંખ આડા કાન: હાઈ કોર્ટે ફરી પાલિકાને ઝાટકી

મુંબઈ: કોર્ટ દ્વારા વારંવાર કાર્યવાહીનો આદેશ આપવા હોવા છતાં ગેરકાયદેસર બાંધકામો પ્રત્યે આંખ આડા કાન કરવામાં અને હકીકતમાં તેમને રક્ષણ આપવામાં મ્યુનિસિપલ કોર્પોરેશનોની ભૂમિકા પર હાઇ કોર્ટે તાજેતરમાં નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટ એવી પણ ટીકા કરી હતી કે, જ્યાં સુધી ગેરકાયદેસર બાંધકામના કેસો કોર્ટમાં દાખલ ન થાય, ત્યાં સુધી મહાનગરપાલિકા તેના પર કોઈ કાર્યવાહી કરતી નથી.'

ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી ન કરવી એ મ્યુનિસિપલ અધિકારીઓ માટે એક સામાન્ય પ્રથા બની ગઈ છે. હકીકતમાં ન્યાયાધીશ ગિરીશ કુલકર્ણી અને ન્યાયાધીશ આરતી સાઠેની બેન્ચે એમ પણ અવલોકન કર્યું હતું કે કોર્ટમાં અરજી દાખલ થયા પછી જ મ્યુનિસિપલ તંત્ર ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી કરવા માટે સક્રિય બને છે. ભિવંડીના ટેમઘરમાં આવેલી જમીનની માલિકીનો દાવો કરનારા ઇદ્રીસ અબ્દુલ હમીદ શેખ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરતી વખતે કોર્ટે ગેરકાયદેસર બાંધકામો પ્રત્યે આંખ આડા કાન કરવા બદલ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીકા કરી હતી. અરજદારે આરોપ લગાવ્યો હતો કે ખાનગી પ્રતિવાદીઓએ તેમની મિલકત પર ગેરકાયદેસર બાંધકામો બનાવ્યા છે અને મ્યુનિસિપલ કોર્પોરેશનની પરવાનગી લીધા વિના ગુરુદેવ નિવાસ સહકારી હાઉસિંગ સોસાયટી લિમિટેડ નામની હાઉસિંગ સોસાયટી પણ સ્થાપી છે. કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી કે કોઈ કારણોસર ગેરકાયદેસર બાંધકામોને સુરક્ષિત રાખવામાં આવી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશને શરૂઆતમાં આ કેસમાં ગેરકાયદેસર બાંધકામ માટે ડિમોલિશન નોટિસ જારી કરી હતી, પરંતુ રહેવાસીઓએ કાર્યવાહીમાં અવરોધ ઊભો કર્યો હતો. કોર્ટે એવો પણ નિષ્કર્ષ કાઢ્યો કે મ્યુનિસિપલ વહીવટીતંત્ર ચોક્કસપણે આ કેસમાં પ્રતિવાદી સમાજનું રક્ષણ કરી રહ્યું છે અને વાસ્તવિકતામાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આથી કોર્ટે મ્યુનિસિપલ કમિશનરને આ મામલાની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો.■

# મુંબઈ મહાનગરપાલિકા પર હવે છઠ પૂજાનો બોજ!

મુંબઈ: મુંબઈમાં છેલ્લા કેટલાક વર્ષોમાં છઠ પૂજાનું ચલણ વધી રહ્યું છે અને હવે આ તહેવારનો બોજ પણ મુંબઈ મહાનગરપાલિકા પર આવવાનો છે. મહાનગરપાલિકાના મુખ્યાલયમાં છઠ પૂજાની તૈયારીઓની સમીક્ષા કરવા તાજેતરમાં યોજાયેલી બેઠકમાં મુંબઈમાં ૪૦ સ્થળોએ છઠ પૂજા માટે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવાયો હતો. ઉત્તર ભારતીયોનો મોટો તહેવાર છઠ પૂજા આ વર્ષે ૨૭ ઓક્ટોબરથી ૨૮ ઓક્ટોબર દરમિયાન ઉજવવામાં આવશે. છઠ પૂજા માટે મુંબઈ શહેર અને ઉપનગરના લગભગ ૪૦ પૂજા સ્થળો નક્કી કરવામાં આવ્યા છે. માંગ અનુસાર આ સંખ્યા ૬૦ સુધી વધારવામાં આવશે. આ ઉત્સવ માટે શહેરની મેટ્રો અને બેસ્ટ બસ સેવા મોડી રાત સુધી ચાલુ રહેશે. મુંબઈ વિસ્તારમાં છઠ પૂજા માટે મોટી સંખ્યામાં લોકો મોડી રાતે એકઠા થાય છે, કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે જરૂરી પોલીસની માગણી છઠ પૂજા સમિતિઓના પ્રતિનિધિઓએ આ વખતે કરી હતી. ■

# આરપીએફની ઝડપી કાર્યવાહીમાં લાખોના ઘરેણાં ચોરી કરનાર પકડાયો

નાશિક : મહારાષ્ટ્રના નાશિકમાં રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) એ ચાલતી ટ્રેનમાં મુસાફરની બેગમાંથી લાખો રૂપિયાના ઘરેણાં ચોરનાર એક વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસનું કહેવું છે કે આરોપીની ઓળખ રાધે ગજજુ બિસોને તરીકે થઈ છે. તેની પાસેથી ચોરાયેલા સોના અને ચાંદીના દાગીના મળી આવ્યા છે, જેની કુલ કિંમત આશરે રૂ. ૫૬.૬૮ લાખ હોવાનું કહેવાય છે.

મળતી માહિતી અનુસાર, આ ઘટના શુક્રવારે મુંબઈ-હાવડા મેલ ટ્રેનમાં બની હતી. પીડિત પ્રદીપ કુમાર ધરમપાલ સિંહ ઘરેણાં ભરેલી બેગ સાથે મુસાફરી કરી રહ્યો હતો. જ્યારે ટ્રેન નાશિક પહોંચી, ત્યારે આરોપીએ તક ઝડપી લીધી અને બેગ ચોરીને ફરાર થવાના પ્રયત્નમાં હતો. પ્રદીપ સિંહને પોતાની ઘરેણાંથી ભરેલી બેગ ગાયબ થયાની જેવી જાણ થઇ કે તરત આરપીએફને જાણ કરી.

ફરિયાદ મળતાં આરપીએફએ તરત શોધખોળ કરી અને ટ્રેનની અંદર પૂરછપરછ કરવાનું શરૂ કર્યું. તપાસ દરમિયાન તેમને રાધે ગજજુ બિસોને પર શંકા ગઈ જેણે શંકાસ્પદ રીતે બેગ પકડી રાખી હતી. અધિકારીઓએ જ્યારે તેનો સમાન તપાસ્યો તો તેમાંથી પ્રદીપ સિંહના ચોરેલા ઘરેણાં મળી આવ્યા હતા. આરપીએફના જણાવ્યા અનુસાર બેગમાં ૫૦ તોલાથી વધુના સોના અને ચાંદીના ઘરેણાં હતાં જેનું બજારમૂલ્ય રૂ. ૫૬.૬૮ લાખ જેટલું થાય છે. તેમણે દાગીના તેના મૂળ માલિકને પરત કર્યા હતાં અને વધુ તપાસ માટે આરોપીની ધરપકડ કરી હતી.

આરપીએફએ લોકોને વિનંતી કરી છે કે પોતાના કિંમતી સામાનનું વિશેષ ધ્યાન રાખે અને કોઈપણ શંકાસ્પદ ગતિવિધિની જાણ તરત પોલીસને કરે. ■

# જુલાઈ, ૨૦૨૫ સુધીમાં દહેજ ઉત્પીડનના ૩૦૫ કેસ નોંધાયા

મુંબઈ : મુંબઈમાં આ વર્ષે દહેજ સંબંધિત ઉત્પીડનના કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. જુલાઈ ૨૦૨૫ ના અંત સુધીમાં દહેજ માટે શારીરિક અને માનસિક ઉત્પીડનના કુલ ૩૦૫ કેસ નોંધાયા છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન નોંધાયેલા ૨૩૫ કેસોની તુલનામાં ૭૦ કેસનો વધારો દર્શાવે છે.

મુંબઈ પોલીસના રેકોર્ડમાંથી મળેલા ડેટામાં એ પણ ખુલાસો થયો છે કે દહેજ સંબંધિત ઉત્પીડનને કારણે પાંચ મહિલાઓએ આત્મહત્યા કરી છે, જ્યારે ચાર અન્ય લોકોએ શંકાસ્પદ સંજોગોમાં પોતાના જીવ ગુમાવ્યા, જેમાં કથિત રીતે તેમના પતિ અને સાસરિયાઓ સામેલ હતા. વધુમાં ૧૨ મહિલાઓએ આત્મહત્યા કરી અને આઠની હત્યા અન્ય પ્રકારની ઘરેલુ હિંસાને કારણે થઈ, જે શહેરમાં પરિણીત મહિલાઓની સલામતીનું ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. માત્ર દહેજ પૂરતું મર્યાદિત ન રહેતા વૈવાહિક ઘરમાં અન્ય કારણોસર થતી સતામણી પણ વધી છે.

જુલાઈ ૨૦૨૫ સુધીમાં, દહેજ સિવાયના કારણોસર શારીરિક અને માનસિક શોષણના ૩૦૩ કેસ નોંધાયા હતા, જે ૨૦૨૪ માં સમાન સમયગાળા દરમિયાન ૨૮૪ કેસ હતા. આ વલણો એક ખૂબ જ ચિંતાજનક પેટર્ન દર્શાવે છે: પરિણીત મહિલાઓ સતત થતા દુર્વ્યવહારથી બચવા માટે પોતાના જીવનનો અંત લાવવાનું પસંદ કરી રહી છે. કેસોમાં વધારો થવા છતાં, મુંબઈ પોલીસ તેમને ઉકેલવામાં પ્રમાણમાં સફળ રહી છે. દહેજ ઉત્પીડનના ૩૦૫ કેસમાંથી ૨૭૧ કેસ ઉકેલાઈ ગયા છે, અને ઘરેલુ હિંસાના ૩૦૩ કેસમાંથી ૨૬૮ કેસોમાં પ્રગતિ જોવા મળી છે.પીડિતો સમૃદ્ધ વિસ્તારોથી લઈને ઝૂંપડપટ્ટી સુધી જીવનના દરેક ક્ષેત્રમાંથી આવે છે. આ દુર્વ્યવહાર ઘણીવાર દેખાવ પ્રત્યે અસંતોષ, અપૂરતું દહેજ અથવા સ્ત્રીના માતાપિતાના ઘરેથી પૈસા લાવવાના દબાણ જેવા કારણોસર થાય છે. ઘણી સ્ત્રીઓ સામાજિક કલંક અથવા સમર્થનના અભાવના ડરથી ચૂપચાપ પીડા સહન કરે છે. ■

**Suresh Shah**
98202 62098
98202 11374
85916 27677
85911 47677

FREE HOME delivery
**ૐm dryfruits**
**Dry Fruits & Kirana Merchants**

**GST ઘટાડાથી ભાવમાં ધરખમ ઘટાડો !!!**

**Chocolate Brownie Rs. 1,200/-**

ફ્રી હોમ ડિલિવરી
FREE HOME DELIVERY

| | Old Rate | New Rate |
|---|---|---|
| કેલિફોર્નિયા બદામ | ~~૮૮૦~~ | ૮૪૦ |
| કેલિફોર્નિયા M બદામ | ~~૯૨૦~~ | ૮૮૦ |
| કેલિફોર્નિયા A બદામ | ~~૧૦૦૦~~ | ૯૨૦ |
| કેલિફોર્નિયા 2A બદામ | ~~૧૧૦૦~~ | ૧૦૦૦ |
| કેલિફોર્નિયા 3A બદામ | ~~૧૨૦૦~~ | ૧૧૦૦ |
| સોલ્ટેડ બદામ | ~~૧૦૦૦~~ | ૯૬૦ |
| સોલ્ટેડ 3A બદામ | ~~૧૨૦૦~~ | ૧૧૬૦ |
| બેસ્ટ ટોચ મમરા બદામ | ~~૧૮૦૦~~ | ૧૬૦૦ |
| A મામરા બદામ | ~~૩૦૦૦~~ | ૨૮૦૦ |
| 2A મામરા બદામ | ~~૩૨૦૦~~ | 3000 |
| 3A મામરા બદામ | ~~૩૬૦૦~~ | ૩૨૦૦ |
| 4A મામરા બદામ | ~~૪૪૦૦~~ | ૪૦૦૦ |
| 5A મામરા બદામ | ~~૫૨૦૦~~ | ૪૮૦૦ |
| 6A જમ્બો મામરા બદામ | ~~૭૦૦૦~~ | ૬૮૦૦ |
| બદામ સ્લાઈસ | | ૧૦૦૦ |
| છીલટાવાળા ગોવા કાજુ | | ૧૦૦૦ |
| રેગ્યુલર કાજુ | | ૧૦૦૦ |
| 1A કાજુ | | ૧૧૦૦ |
| 2A કાજુ | | ૧૩૦૦ |
| 3A કાજુ | | ૧૪૦૦ |
| 4A કાજુ | | ૧૫૦૦ |
| 5A કાજુ જમ્બો | | ૧૬૦૦ |
| A સોલ્ટેડ કાજુ | ~~૧૧૦૦~~ | ૧૦૦૦ |
| 2A સોલ્ટેડ કાજુ | ~~૧૪૦૦~~ | ૧૨૦૦ |
| રોસ્ટેડ કાજુ જમ્બો | ~~૧૮૦૦~~ | ૧૬૦૦ |
| મસાલા કાજુ | | ૧૨૦૦ |
| મરી કાજુ / પુદિના કાજુ | | ૧૨૦૦ |
| પેરી પેરી કાજુ / ચિઝ કાજુ | | ૧૨૦૦ |
| કાજુ ટુકડા રેગ્યુલર | ~~૮૮૦~~ | ૮૪૦ |
| કાજુ ટુકડા મોટી સાઈઝ | ~~૯૬૦~~ | ૯૨૦ |
| કાજુ ટુકડા ફાડચા | | ૧૦૦૦ |
| કાજુ ટુકડા ફાડચા જમ્બો | | ૧૧૦૦ |
| સ્પેશિયલ કાજુ પુરી | | ૧૨૦૦ |
| કાજુ રોટલા | | ૧૦૦૦ |
| ઈન્ડિયન કિસમિસ | | ૫૨૦/૬૦૦/૬૮૦ |
| અફઘાની કિસમિસ | | ૮૦૦/૧૦૦૦ |
| અફઘાની ગ્રીન કિસમિસ | | ૧૨૦૦ |
| સિન્ધુકાની ગ્રીન કિસમિસ | | ૨૦૦૦ |
| રેગ્યુલર કાળી કિસમિસ | | ૪૮૦ |
| સીડલેસ કાળી કિસમિસ | | ૫૨૦ |
| મોટી સીડલેસ કાળી કિસમિસ | | ૭૬૦ |
| મોટી કાળી કિસમિસ | | ૮૦૦ |
| જંબો સીડલેસ કાળી કિસમિસ | | ૧૩૦૦ |
| આખા અખરોટ | | ૧૦૦૦ |
| અખરોટ કણી | | ૧૦૦૦ |


| | Old Rate | New Rate |
|---|---|---|
| અખરોટ ક્વાર્ટર ટુકડા નવા | | ૧૪૦૦ |
| કાશ્મીરી અખરોટ મગજ | | ૧૬૦૦ |
| કેલિફોર્નિયા અખરોટ મગજ | | ૧૮૦૦ |
| વ્હાઈટ અખરોટ | | ૨૦૦૦ |
| જમ્બો સુપર વ્હાઈટ અખરોટ | | ૨૪૦૦ |
| એપ્રીકોટ (જરદાળુ) રેગ્યુલર | ~~૮૦૦~~ | ૬૦૦ |
| 2A એપ્રીકોટ (જરદાળુ) | ~~૧૦૦૦~~ | ૮૦૦ |
| 3A એપ્રીકોટ (જરદાળુ) | ~~૧૨૦૦~~ | ૧૦૦૦ |
| જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ~~૧૪૦૦~~ | ૧૨૦૦ |
| સુપર જમ્બો (જરદાળું) | ~~૧૬૦૦~~ | ૧૪૦૦ |
| A અંજીર | ~~૧૬૦૦~~ | ૧૪૦૦ |
| 2A અંજીર | ~~૧૮૦૦~~ | ૧૬૦૦ |
| 3A અંજીર | ~~૨૦૦૦~~ | ૧૮૦૦ |
| 4A અંજીર | ~~૨૨૦૦~~ | ૨૦૦૦ |
| 5A અંજીર | | ૨૪૦૦ |
| 6A અંજીર | | ૨૮૦૦ |
| 7A અંજીર જમ્બો | ~~૩૬૦૦~~ | ૩૨૦૦ |
| પીસ્તા મગજ | ~~૨૨૦૦~~ | ૨૦૦૦ |
| મોટા પીસ્તા મગજ | ~~૨૪૦૦~~ | ૨૨૦૦ |
| જમ્બો પીસ્તા મગજ | ~~૨૮૦૦~~ | ૨૬૦૦ |
| પિશોરી પીસ્તા | | ૩૨૦૦ |
| પીસ્તા સ્લાઈસ | ~~૨૨૦૦~~ | ૨૦૦૦ |
| સોલ્ટેડ પીસ્તા | | ૧૨૦૦ |
| 2A સોલ્ટેડ પીસ્તા | | ૧૪૦૦ |
| 3A સોલ્ટેડ પીસ્તા | | ૧૬૦૦ |
| અકબરી સોલ્ટેડ પીસ્તા | | ૨૦૦૦ |
| પબડી ગોટા | | ૧૦૦૦ |
| પબડી ફાડચા | | ૮૦૦ |
| કીમીયા કાળી ખજૂર (૫૦૦ ગ્રામ) | | ૨૦૦ |
| ઓમાન કાળી ખજૂર | ~~૪૦૦~~ | ૩૬૦ |
| ઓમાન કાળી ખજૂર સીડલેસ | ~~૪૪૦~~ | ૪૦૦ |
| M કલમી ખજૂર | | ૪૮૦ |
| M કલમી ખજૂર સીડલેસ | | ૫૬૦ |
| કલમી ખજૂર | ~~૮૦૦~~ | ૭૬૦ |
| કલમી ખજૂર સીડલેસ | | ૯૦૦ |
| મજદૂલ ખજૂર (લૂજ) | | ૧૨૦૦ |
| મજદૂલ ખજૂર | | ૧૪૦૦ |
| જમ્બો મજદૂલ ખજૂર | | ૧૬૦૦ |
| સુપર જમ્બો મજદૂલ ખજૂર | | ૨૦૦૦ |
| અજવા ખજૂર | | ૧૨૦૦ |
| લાલ ખજૂર | | ૧૪૦ |
| સીડલેસ લાલ ખજૂર | | ૧૮૦ |
| પમ્પકીન સીડસ | | ૪૮૦ |
| રોસ્ટેડ પમ્પકીન સીડસ | | ૬૦૦ |

**IDEAL FOR CORPORATE GIFTING**
**Customised Assorted Dryfruit Boxes available in Fancy Packaging**

| | | |
|---|---|---|
| Rs. 300/- | 200 gms | 50 gms each Kaju, Almonds, Pista, Kismis |
| Rs. 550/- | 400 gms | 100 gms each Kaju, Almonds, Pista, Kismis |
| Rs. 850/- | 600 gms | 100 gms each Kaju, Almonds, Pista, Kismis, Apricot, Figs |
| Rs. 1,100/- | 800 gms | 200 gms each Kaju, Almonds, Pista, Kismis |
| Rs. 1,600/- | 1200 gms | 200 gms each Kaju, Almonds, Pista, Kismis, Apricot, Figs |

| | Old Rate | New Rate |
|---|---|---|
| સનફલાવર સીડ | | ૨૮૦ |
| રોસ્ટેડ સનફલાવર સીડ | | ૪૦૦ |
| ચીયા સીડસ | | ૩૬૦ |
| ક્યુનોવા | | ૨૮૦ |
| કલીંગર સીડસ | ~~૭૬૦~~ | ૭૦૦ |
| ફ્લેક્સ સીડસ (અળસી) | | ૧૨૦ |
| રોસ્ટેડ ફ્લેક્સ સીડસ (અળસી) | | ૧૮૦ |
| રોસ્ટેડ ૭ સીડસ | | ૬૦૦ |
| ધાણાદાળ | | ૩૨૦ |
| જમ્બો રોલ્ડ ઓટ્સ | | ૧૮૦ |
| ટાઈગર નટ્સ | | ૧૮૦૦ |
| સ્વીટ ડ્રાયફ્રુટ ભેળ | ~~૧૨૦૦~~ | ૧૦૦૦ |
| સ્પાઈસી ડ્રાયફ્રુટ ભેળ | ~~૧૨૦૦~~ | ૧૦૦૦ |
| ચારોલી | | ૨૪૦૦ |
| ગ્રીન ઈલાયચી | | ૩૬૦૦/૪૦૦૦/૪૪૦૦ |
| સુપર ઈલાયચી | | ૪૮૦૦ |
| ઈલાયચી પાવડર | | ૪૦૦૦ |
| કેનબેરી | ~~૬૮૦~~ | ૬૦૦ |
| કેનબેરી આખી | | ૮૦૦ |
| મસાલા કેનબેરી | | ૯૦૦ |
| બ્લ્યુ બેરી | | ૧૬૦૦ |
| ડ્રાય કિવી | | ૬૦૦ |
| ડ્રાય માંગ્ગો | | ૬૮૦ |
| ડ્રાય પાઈનએપલ | | ૬૮૦ |
| બ્રાઝિલ નટસ | | ૩૮૦૦ |
| હેઝલ નટ | | ૨૦૦૦ |
| પ્રુન્સ | | ૮૦૦ |
| મીક્ષ ડ્રાયફ્રુટ | | ૧૦૦૦/૧૨૦૦ |
| પીકન નટ | | ૨૨૦૦ |
| મેકેડેમીયા નટસ | | ૩૦૦૦ |
| ચીલગોઝા | | ૫૨૦૦ |
| મખાના રેગ્યુલર | ~~૧૨૦૦~~ | ૧૦૦૦ |
| A મખાના | ~~૧૪૦૦~~ | ૧૨૦૦ |
| 2A મખાના | ~~૧૮૦૦~~ | ૧૬૦૦ |

| | Old Rate | New Rate |
|---|---|---|
| જમ્બો મખાના | ~~૨૦૦૦~~ | ૧૮૦૦ |
| ટર્કીશ એપ્રીકોટ (આલુચા) | | ૧૦૦૦/૧૨૦૦ |
| સૂકી ખજૂર (ખારેક) | | ૪૮૦ |
| તજ પાવડર | | ૬૦૦ |
| ગુંદર કણી | | ૨૮૦ |
| ડ્રાયફ્રુટ ચિક્કી | ~~૫૬૦~~ | ૫૨૦ |
| જીરાગોળી | | ૨૮૦ |
| મીઠા આમળા | | ૨૪૦ |
| હની આમળા | | ૩૨૦ |
| ઠાકોરજીની મિશ્રી | | ૮૦ |
| ઈરાની કેસર (૧ ગ્રામ) | | ૨૫૦ |
| કાશ્મીર કેસર (૧ ગ્રામ) | | ૩૦૦ |
| સ્પેનીશ કેસર (૧ ગ્રામ) | | ૪૪૦ |
| સ્પેનીશ કેસર (૧૪ ગ્રામ) | | ૪૮૦૦ |
| સ્પેનીશ કેસર (૨૮ ગ્રામ) | | ૯૦૦૦ |
| ભીમસેની કપુર | | ૧૦૦૦ |
| કાળા મરી | | ૧૦૦૦/૧૧૦૦/૧૨૦૦ |
| જાવત્રી | | ૩૨૦૦ |
| બાદયાન | | ૧૨૦૦ |
| જાયફળ | | ૧૨૦૦ |
| જમ્મુ કાશમીર લસણ | | ૨૦૦૦ |
| Mixed Fruit Diced | | 600 |
| Guava Slice | | 800 |
| Pineapple Diced | | 560 |
| Pineapple Ring | | 600 |
| Mango Slice | | 560 |
| Ginger Chunks | | 600 |
| Green Kiwi | | 480 |
| Natural Dry Strawberry | | 1000 |
| Orange Slice | | 1000 |



FREE HOME DELIVERY

પેમેન્ટ: કેશ ઑન ડિલિવરી બૅન્ક ટ્રાન્સફર, જીપે, પેટીએમ અને ક્રેડિટ કાર્ડ

સ્પેશિયલ કાજુ કતરી ૧,૨૦૦/- kg
ડ્રાયફ્રુટ ખજુરપાક ૧,૨૦૦/- kg

૭. જેબી શાહ માર્કેટ, પ્રભુ હોટલ સામે, સ્ટેશન નજીક, મસ્જિદ બંદર (પ.), મુંબઈ-૯. Open on all days till Diwali

દરેક પ્રકારના ખાદ્ય ઘી-તેલ હોલસેલ ભાવથી ઉપલબ્ધ. બધી જ બ્રાન્ડ્સ હવે હોલસેલ ભાવે ઉપલબ્ધ
મીનીમમ ઓર્ડર ૨,૦૦૦/- થાણા થી આગળ ૩,૦૦૦/- દહીસર થી વિરાર ૪,૦૦૦/- પુર્ણ મુંબઈ ફ્રી હોમ ડિલીવરી
Rates per kg.

S. Arts









**હાફ મેરેથોનઃ** નવી દિલ્હીમાં હાફ મેરેથોન યોજાઈ હતી. આની ઈન્ડિયન કેટેગરીમાં પ્રથમ આવનાર ભારતની સીમા (વચ્ચે), બીજી આવનાર ઉજલા (જમણે) અને ત્રીજી આવનાર સંજીવની જાધવ ફોટો પડાવી રહી છે. પુરુષોની રેસમાં કેન્યાના એલેક્સ મતાતા (મધ્યમાં)એ સુવર્ણ, ઈથિયોપિયાના બોયેલિગન ટેશગરે રજત અને કેન્યાના જેમ્સ કિપકોગેઈએ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. હાફ મેરેથોનમાં દિવ્યાંગોએ પણ ભાગ લીધો હતો. (પીટીઆઈ)

# નેશનલ સ્ટૉક એક્સ્ચેન્જ પર દરરોજ ૧૭ કરોડ સાયબર હુમલા

મુંબઈ : નેશનલ સ્ટૉક એક્સ્ચેન્જ (એનએસઈ) દરરોજ ૧૭ કરોડ સાયબર હુમલાનો સામનો કરે છે અને તેને ૨૪ કલાક અસ્ખલિત રીતે કામ કરવા 'સાયબર લડવૈયા'ની સમર્પિત ટીમની જરૂર પડે છે. એનએસઈએ ઑપરેશન સિંદૂર દરમિયાન એક દિવસમાં ૪૦ કરોડ સાયબર હુમલાનો સામનો કરવો પડ્યો હતો. આની ડિઝાઈન ડીડીઓએસ સિમ્યુલેશન જેવી હતી. જોકે હુમલાખોરો કર્મચારીઓ, મશીન અને આધુનિક તંત્રજ્ઞાનના સંકલિત પ્રયાસોને લીધે કોઈ નુકસાન પહોંચાડી શક્યા નહોતા.

એનએસઈના સિનિયર અધિકારીએ માહિતી આપી હતી કે દરરોજ એનએસઈ પર લાખો સાયબર હુમલા કરવામાં આવે છે, પરંતુ અમારી ટૅક્નિકલ ટીમ. તેની સિસ્ટમ અને ટૅક્નોલૉજી ખાસ સોફ્ટવોરનો ઉપયોગ કરીને ચોવીસ કલાક તેમના હુમલાને ખાળે છે. દરરોજ ૧૫થી ૧૭ કરોડ સાયબર હુમલા થાય છે અને આને લીધે અમારી ટીમ અને સિસ્ટમનું કામ પડકારરૂપ થઈ જશે.

બે સાયબર ડિફેન્સ સેન્ટરની ટૅક્નિકલ ટીમ હંમેશાં લડતના મોડમાં હોય છે. તે ઉચ્ચ કક્ષાના સોફ્ટવેર વડે નાણાકીય બજારના માળખા પરના આખા વર્ષ ચોવીસ કલાક ચાલતા હુમલાને નિષ્ક્રિય બનાવે છે અને મારી હટાવે છે. ટેકસાવી કર્મચારીઓ, મશીન અને ટૅક્નોલૉજીને સંડોવતા મજબૂત સાયબર સિક્યોરિટી આર્કિટેકચર એનએસઈના ઑપરેશન્સને સલામત બનાવે છે. એનએસઈએ મજબૂત આંતરિક સુરક્ષાના પગલાં લીધા છે અને તે એનએસઈ એકેડેમી દ્વારા તાલીમ પણ આપે છે. (એજન્સી)

# દિલ્હીમાં જૈન દેરાસરમાં ચોરી, ૪૦ લાખ રૂપિયાનો સોનાનો કળશ લઈ ચોર ફરાર

નવી દિલ્હીઃ ઉત્તરપૂર્વ દિલ્હીના જ્યોતિ નગરમાં એક જૈન દેરાસરમાં ચોરીની ઘટના બની હતી. આશરે ૪૦ લાખ રૂપિયાની કિંમતના સોને મઢેલા કળશની ચોરી થઈ હતી. ઘટના શુક્રવારે રાત્રે બની હતી, જ્યારે લોકો કરવા ચોથની ઉજવણી કરી રહ્યા હતા. દેરાસરમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં ચોરીની ઘટના કેદ થઈ ગઈ હતી.

ઉત્તરપૂર્વ દિલ્હીના જ્યોતિ નગરમાં આવેલા જૈન દેરાસરમાંથી ચોરાયેલ કળશ આશરે ૨૫ થી ૩૦ કિલોગ્રામ વજનનો હતો. પોલીસે જણાવ્યું હતું કે જૈન દેરાસરની ટોચ પરથી આશરે ૪૦ લાખ રૂપિયાના સોનાનો કળશની થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર, લાલ કિલ્લા પાસે એક જૈન ધાર્મિક કાર્યક્રમમાંથી આશરે ૧ કરોડ રૂપિયાના કળશની ચોરી થયાના થોડા દિવસો પછી જ આ ઘટના બની હતી.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, જૈન દેરાસરમાંથી ચોરાયેલો કળશ આશરે ૨૫ થી ૩૦ કિલોગ્રામ વજનનો છે અને તે તાંબા અને સોનાનો બનેલો છે. સમગ્ર ચોરી દેરાસરમાં લગાવાયેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આરોપી વીજળીના વાયરનો ઉપયોગ કરીને દેરાસરની છત પર ચઢી ગયો હતો અને ટોચ પર પહોંચ્યો અને સોનાનો 'કળશ' લઈને ફરાર થઈ ગયો હતો. શનિવારે સવારે સ્થાનિક લોકોએ દેરાસરની ટોચ પરથી કળશ ગાયબ જોયો અને દેરાસરના મેનેજમેન્ટને જાણ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, સીસીટીવી ફૂટેજમાં રાત્રે ૧૧:૪૫ વાગ્યે એક યુવાન બહાર ભટકતો દેખાય છે, પછી ઉપર ચઢીને કથિત રીતે કળશ લઈ ગયો છે. કેસ નોંધવામાં આવ્યો છે અને નજીકના વિસ્તારોમાંથી સીસીટીવી ફૂટેજનો ઉપયોગ કરીને શંકાસ્પદ વ્યક્તિને ઓળખવા અને શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન

લખનઊ : સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે આખા ઉત્તર પ્રદેશમાં રાજ્યવ્યાપી કાર્યક્રમો યોજાશે, એવી માહિતી ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે રવિવારે આપી હતી.

પોતાના નિવાસસ્થાને પત્રકાર પરિષદને સંબોધતા યોગીએ કહ્યું હતું કે રાજ્યની લોકાસભાના ૮૦ બેઠકોના દરેક મતદારક્ષેત્રમાં ત્રણ દિવસની કૂચ યોજાશે જે વિધાનસભાના વિવિધ પટ્ટાને આવરી લેશે.

કૂચ ઉપરાંત રાષ્ટ્રીય એકતાને વિશે જાગૃતિ લાવવા અનેક સ્થાનિક કાર્યક્રમો યોજાશે. જેમા પટેલનાં જીવન પર નિબંધ, પરિસંવાદ, સંમેલન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

યુવાનો કેફીદ્રવ્યમુક્ત ભારતની પ્રતિજ્ઞા લેશે. બધા ૭૫ જિલ્લામાં સ્વદેશી અને વેપાર મેળા યોજાશે જે સ્થાનિક ઉત્પાદનો અને 'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહન આપશે. આરોગ્ય શિબિર, યોગા સત્ર અને સ્વચ્છતા ઝુંબેશ એક અઠવાડિયા માટે શરૂ કરાશે. (એજન્સી)

# ફ્લિપકાર્ટ દંડ ભરી 'ફેમા' ભંગનો કેસ બંધ કરાવે : ઈડી

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ ઈ-કોમર્સની મોટી કંપની ફ્લિપકાર્ટને એવી ઓફર આપી છે કે જો વોલમાર્ટ ગ્રૂપ ફર્મ તેની ભૂલો સ્વીકારે અને પેનલ્ટી ભરે તો તેની સામેનો ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ ઍક્ટ (ફેમા) ભંગનો કેસ બંધ કરવામાં આવશે, એવી માહિતી સૂત્રોએ આપી હતી. ઈડીએ ફ્લિપકાર્ટને એવી ઓફર ફેમાના કમ્પાઉન્ડિંગ રૂલ્સ હેઠળ ગયા અઠવાડિયે આપી હોવાનું જણાય છે.

સૂત્રોએ કહ્યું હતું કે ઈડીએ કમ્પાઉન્ડિંગનો વિકલ્પ ફ્લિપકાર્ટને આપ્યો છે. ઈડીએ કમ્પાઉન્ડિંગને તેની ભૂલ કબૂલીને, પેનલ્ટી ભરીને તેની સાથે સંકળાયેલા સેલર નેટવર્કને નાબૂદ કરવાનું જણાવ્યું છે.

ફ્લિપકાર્ટને ઈ-મેલ પર પ્રશ્નાવલી મોકલવામાં આવી છે, પરંતુ કોઈ જવાબ મળ્યો નથી. ઈડીએ એમેઝોન ઈન્ડિયાને કંપનીનું સ્ટેટ્સ ચકાસવા સમન્સ મોકલ્યા હતા. એમેઝોન ઈન્ડિયાના પ્રવકતાનો સંપર્ક સાધવામાં આવતા તેમણે કહ્યું હતું કે અમે ચાલુ તપાસ હોય તો ટિપ્પણી કરતા નથી.

ઈ-કોમર્સ ફર્મના અધિકારીએ નામ ન જણાવવાની શરતે કહ્યું હતું કે અમેરિકા સાથે ચાલતી દ્વિપક્ષીય વેપારની ચર્ચામાં ભારતની વાટાઘાટોની તાકાત વધારવા ઈડીએ કમ્પાઉન્ડિંગનો વિકલ્પ આપ્યો છે. કમ્પાઉન્ડિંગનાં નિયમો કંપનીઓને સ્વૈચ્છિક રીતે ફેમાની જોગવાઈનો ભંગ સ્વીકારીને પેનલ્ટી ભરવાનો વિકલ્પ આપે છે જેથી લાંબા એન્ફોર્સમેન્ટ એક્શનનો સામનો ન કરવો પડે. ફેમાના કથિત ભંગ માટે ફ્લિપકાર્ટ અને એમેઝોન ઈન્ડિયા સામે ઈડી તપાસ કરી રહી છે. કંપનીઓ વેચાણ વધારવા ડિપ ડિસ્કાઉન્ટ આપે છે એવા આક્ષેપો છે. (એજન્સી)

# મડાગાસ્કરમાં બળવો

એન્ટાનાનારિવો (મડાગાસ્કર) : હિન્દ મહાસાગરમાં આવેલા મડાગાસ્કર ટાપુમાં બળવાનો પ્રયાસ થઈ રહ્યો છે, એવી જાહેરાત દેશના પ્રમુખે રવિવારે કરી હતી.

પ્રમુખ એન્ડ્રી રાજોલિનાની કચેરીએ નિવેદનમાં કહ્યું હતું કે હું દેશને અને આંતરરાષ્ટ્રીય આલમને એ જાણ કરવા માગું છું કે સત્તા ગેરકાયદે બળપૂર્વક હડપ કરવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

નિવેદનમાં સરકારને કોણ ઊથલાવવા માગે છે એ કહેવામાં આવ્યું નથી, પરંતુ સશસ્ત્ર દળોના જવાનો શનિવારે પ્રમુખ સામેના વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. આ વિરોધ સપ્ટેમ્બર પચીસથી સેવા આપવામાં વિફળતા અને કથિત સરકારી ભ્રષ્ટાચાર અને સગાવાદની વિરુદ્ધમાં છે. (એજન્સી)

# ઘરે બેઠા યુપીઆઈ મારફતે ભરી શકશો સ્કૂલની ફી, શિક્ષણ મંત્રાલયે તમામ રાજ્યોને લખ્યો પત્ર

નવી દિલ્હીઃ ભારતમાં શિક્ષણ પ્રણાલીને આધુનિક બનાવવા અને તેને વધુ પારદર્શક બનાવવાના પ્રયાસરૂપે શાળા ફી ચુકવણી પ્રક્રિયામાં મોટો ફેરફાર થઈ રહ્યો છે. શિક્ષણ મંત્રાલયે ભલામણ કરી છે કે બધી શાળાઓ ફી, પરીક્ષા ફી અને અન્ય નાણાકીય વ્યવહારો માટે યુપીઆઈ અપનાવું જોઈએ. આ પગલું શાળા વહીવટી પ્રક્રિયાઓને સરળ બનાવશે. સાથે સાથે માતાપિતા અને વિદ્યાર્થીઓને પણ નોંધપાત્ર રાહત આપશે.

મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગે તાજેતરમાં તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓને એક પત્ર લખ્યો છે, જેમાં ફી ચુકવણીમાં પારદર્શિતા વધારવા અને વહીવટી પ્રક્રિયાઓને ઝડપી બનાવવા માટે રોકડ વ્યવહારોને બદલે ડિજિટલ ટ્રાન્જેક્શન સિસ્ટમ અપનાવવાની ભલામણ કરવામાં આવી છે. મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે ડિજિટલ ટ્રાન્જેક્શન ભૂલોની શક્યતા ઘટાડશે. સાથે સાથે રેકોર્ડ રાખવાની પ્રક્રિયા પણ વધુ વ્યવસ્થિત અને સુરક્ષિત પણ બનાવશે.

જો વ્યવસ્થા લાગુ કરવામાં આવે છે તો વાલીઓને ફી ભરવા માટે દર મહિને શાળાઓની મુલાકાત લેવાની જરૂર રહેશે નહીં. તેઓ તેમના મોબાઇલ ફોનથી યુપીઆઈ અથવા નેટ બેન્કિંગનો ઉપયોગ કરીને ઘરેથી ફી ચૂકવી શકશે. આ સમય બચાવશે અને ચુકવણી પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરશે.

મંત્રાલયે પોતાના પત્રમાં એનસીઈઆરટી, સીબીએસઈ, કેવીએસ અને એનવીએસ જેવી સ્વાયત્ત સંસ્થાઓને ડિજિટલ ચુકવણી પ્રણાલી અપનાવવાની સલાહ પણ આપી છે. વધુમાં બધી શાળાઓને સુરક્ષિત અને પ્રમાણિત ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ફી અને પરીક્ષા ફી એકત્રિત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

શિક્ષણ મંત્રાલયનું માનવું છે કે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ લાગુ કરવાથી માત્ર શાળાઓના વહીવટી માળખામાં સુધારો થશે નહીં પરંતુ વિદ્યાર્થીઓ અને વાલીઓની નાણાકીય સાક્ષરતા પણ વધશે. આ પગલું ૨૦૪૭ સુધીમાં ભારતને ડિજિટલી સશક્ત અને સમાવિષ્ટ શિક્ષણ પ્રણાલી તરફ લઈ જવાના વિઝનનો એક ભાગ છે.

ડિજિટલ ચુકવણી પ્રણાલીના વિસ્તારણ શિક્ષણ ક્ષેત્રમાં નવી પારદર્શિતા આવશે. યુપીઆઈનો ઉપયોગ ફી ચુકવણી પ્રક્રિયાને સુરક્ષિત, ઝડપી અને ટ્રેસેબલ બનાવશે. આ ફેરફાર શાળા વહીવટને ડિજિટલ યુગમાં પ્રવેશવાની મંજૂરી આપશે, જેનાથી શિક્ષણ પ્રણાલી વધુ કાર્યક્ષમ અને આધુનિક બનશે.

# એમ્બ્યુલન્સમાં લાઈફ સપોર્ટ સુવિધા આપવા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે માગ્યો જવાબ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને અન્ય પક્ષો પાસેથી એમ્બ્યુલન્સમાં હંમેશાં પર્યાપ્ત જીવનરક્ષક સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે નિર્દેશો માંગતી અરજી પર જવાબ માગ્યો છે. કોર્ટ એ અરજી પર સુનાવણી માટે સહમત થઈ હતી જેમાં રોડ એમ્બ્યુલન્સના સંચાલન, જાળવણી અને નિયમનની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવા માટે એક સ્વતંત્ર સમિતિની રચના કરવાના નિર્દેશો માગવામાં આવ્યા હતા.

૧૦ ઑક્ટોબરના પોતાના આદેશમાં મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે કહ્યું હતું કે, ''નોટિસ જાહેર કરવામાં આવે અને તેનો ચાર અઠવાડિયામાં જવાબ આપવામાં આવે.'' અરજીમાં કેન્દ્ર સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને માર્ગ પરિવહન અને નેશનલ હાઈવે મંત્રાલયને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. અરજદારો સાયંશા પનંગીપલ્લી અને પ્રિયા સરકાર તરફથી વરિષ્ઠ વકીલ પર્સિવલ બિલિમોરિયા અને વકીલ જૈસ્મીન દામકેવાલા હાજર રહ્યા હતા.

પનંગીપલ્લી ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ (એઈમ્સ) ના ભૂતપૂર્વ ડિરેક્ટર, પ્રખ્યાત કાર્ડિયોથોરાસિક સર્જન ડૉ. પી. વેણુગોપાલના દીકરી છે. પ્રિયા સરકાર વેણુગોપાલની પત્ની છે. અરજીમાં જણાવાયું છે કે, ''અરજીકર્તાઓને એમ્બ્યુલન્સમાં અપૂરતી ઈમરજન્સી સુવિધાઓનો અહેસાસ એ સમયે થયો જ્યારે ડૉ. પી. વેણુગોપાલે પોતે હૉસ્પિટલના ઇમરજન્સી રૂમમાં જતા સમયે રસ્તામાં મૃત્યુ પામ્યા, કારણ કે એમ્બ્યુલન્સમાં ઈમરજન્સીમાં લાઈફ સપોર્ટ સુવિધાઓનો ભારે અભાવ હતો આને પરિણામે તેઓની ઓક્સિજનના અભાવનો સામનો કરવો પડ્યો હતો.'' અરજદારોને જાણવા મળ્યું કે સમગ્ર ભારતમાં એમ્બ્યુલન્સમાં પૂરતા ઈમરજન્સી સંસાધનોનો અભાવ એક મોટી ચિંતાનો વિષય છે. અરજીમાં જણાવાયું છે કે જો એમ્બ્યુલન્સમાં પૂરતી સુવિધાઓ હોત તો ઘણા લોકોના જીવ બચાવી શકાયા હોત.

અરજીમાં જણાવાયું છે કે, નીતિ આયોગના અહેવાલો અનુસાર, ભારતમાં ૯૦ ટકા એમ્બ્યુલન્સ આવશ્યક સાધનો અને ઓક્સિજન જેવી મૂળભૂત સુવિધાઓ વિના કાર્ય કરે છે. અપૂરતા સાધનો અને સુવિધાઓ મુસાફરી દરમિયાન દર્દીઓના મૃત્યુનું જોખમ વધારે છે અથવા ગંભીર બીમારીમાંથી સ્વસ્થ થવાની શક્યતા ઘટાડે છે, જે જીવનના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે. કેટલાક રાજ્યોએ એમ્બ્યુલન્સ નોંધણી માટે શરતો નક્કી કરી છે, પરંતુ વાહનોની નોંધણી થયા પછી તેનું નિરીક્ષણ કરવા અથવા પાલન સુનિશ્ચિત કરવા માટે કોઈ સિસ્ટમ નથી.

# બિહારમાં એનડીએની બેઠક વહેંચણી નક્કી થઈ

નવી દિલ્હી : બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને જનતા દળ (યુનાઈટેડ) દરેક ૧૦૧ બેઠક લડશે, જ્યારે કેન્દ્રીય પ્રધાન ચિરાગ પાસવાનની આગેવાની હેઠળની લોક જનશક્તિ પાર્ટી ૨૯ બેઠક પર ઉમેદવાર ઊભા રાખશે. એવી જાહેરાત ભાજપના બિહારના ચૂંટણી પ્રભારી ધર્મેન્દ્ર પ્રધાને કરી હતી. ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળી હતી જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બીજા સિનિયર નેતાઓ હાજર રહ્યા હતા. પ્રધાને કહ્યું હતું કે કેન્દ્રીય પ્રધાન જિતન રામની આગેવાની હેઠળના હિન્દુસ્તાની અવામ મોરચા અને ઉપેન્દ્ર કુશવાહાની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોક મોરચા દરેક છ ઉમેદવાર ઊભા રાખશે.

મુખ્ય પ્રધાન નીતીશ કુમારની આગેવાની હેઠળના એનડીએએ ૨૦૦૫માં આરજેડીની આગેવાની હેઠળના ૧૫ વર્ષના શાસનનો અંત આણ્યો હતો. ત્યાર પછી પહેલી વાર જેડી (યુ) ભાજપ કરતાં વધારે બેઠક નહીં લડે. આ જેડી (યુ)ની પડતી અને ભાજપનો વધતો પ્રભાવ બતાડે છે. ૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં ભાજપે જેડી (યુ) કરતાં એક વધુ બેઠક પર ચૂંટણી લડી હતી. આ પણ પહેલી વાર બન્યું હતું. પ્રધાને કહ્યું હતું કે એનડીએના સહયોગીઓએ એખલાસભરી રીતે બેઠકની વહેંચણી કરી છે. (એજન્સી)

# અમેરિકાએ વધારેલી ટૅરિફ સામે કડક પગલાં લઈશુંઃ ચીન

બીજિંગઃ ચીને રવિવારે રેર અર્થ અને સંબંધિત ચીજવસ્તુઓ પર તેના તાજેતરના નિકાસ નિયંત્રણ પગલાંનો બચાવ કરતાં તેને વૈશ્વિક શાંતિના રક્ષણ માટે એક કાયદેસર પગલું ગણાવ્યું હતું. તેમ જ જો ડોનલ્ડ ટ્રમ્પ ચીની નિકાસ પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી સાથે આગળ વધશે તો આકરાં પગલાં લેવાની અમેરિકાને ચેતવણી આપી હતી.

ચીને ગુરુવારે રેર અર્થ, લિથિયમ બેટરી અને રેર અર્થ આધારિત સુપરહાર્ડ સામગ્રીના ખનન અને પ્રક્રિયા સંબંધિત ટેક્નોલોજી અને સાધનોના નિકાસ પર નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી. આ નિયંત્રણો જે તાત્કાલિક અમલમાં આવ્યા છે તે ઉત્પાદન તક્નીકોના વિદેશી ટ્રાન્સફરને પણ આવરી લે છે. બીજિંગે કહ્યું કે કેટલીક વિદેશી કંપનીઓ ચીનમાંથી મેળવેલી સામગ્રીનો લશ્કરી હેતુ માટે ઉપયોગ કરી રહી હોવાની ચિંતા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ચીનના આ પગલાં પર પ્રતિક્રિયા આપતા અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૧ નવેમ્બરથી ચીની માલ પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી અને બધા મહત્ત્વપૂર્ણ સોફ્ટવેરની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનો સંકેત આપ્યો હતો. જેના કારણે વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે વેપાર યુદ્ધ ફરી શરૂ થયું છે.

ટ્રમ્પની ધમકી અંગેના પ્રશ્નના જવાબમાં ચીનના વાણિજ્ય મંત્રાલયે રવિવારે એક નિવેદનમાં અમેરિકા પર રાષ્ટ્રીય સુરક્ષાની અવધારણાને અતિશ્યોક્તિપૂર્ણ રીતે રજૂ કરવાનો અને સેમિકન્ડક્ટર તથા ચિપ ક્ષેત્રો સહિત ચીન સામે નિકાસ નિયંત્રણ પગલાંનો દુરુપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો.

નિવેદનમાં જણાવાયું છે કે ઇરાદાપૂર્વક ઊંચી ટેરિફની ધમકી આપવી એ ચીન સાથે વાતચીત કરવાનો યોગ્ય માર્ગ નથી. વેપાર યુદ્ધ અંગે ચીનનું વલણ સુસંગત છેઃ અમે તે ઇચ્છતા નથી, પરંતુ અમે તેનાથી ડરતા પણ નથી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે જો અમેરિકા ખોટા રસ્તે ચાલવાનું ચાલુ રાખશે તો ચીન ચોક્કસપણે તેના કાયદેસર અધિકારો અને હિતોનું રક્ષણ કરવા માટે કડક પગલાં લેશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા વિવિધ દેશો પર લગાવેલી ટૅરિફને લઈ વિવાદોમાં ઘેરાયેલા રહે છે. અમેરિકાના ભારત સહિત વિવિધ દેશો સાથે વ્યાપાર સંબંધોમાં તણાવ જોવા મળી રહ્યો છે. આ વચ્ચે ચીન અને અમેરિકા વચ્ચેના વેપાર વિવાદમાં ચીનએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તે અમેરિકના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ૧૦૦ ટકા ટેરિફની ધમકીથી પીછેહઠ નહીં કરીએ. ચીનના વેપાર મંત્રાલયે કહ્યું કે તેઓ ટેરિફ-યુદ્ધ નથી ઇચ્છતા, પરંતુ તેનાથી ડરતા પણ નથી. આ વાત ટ્રમ્પની નવેમ્બર પહેલીથી લાગુ થવાવાળી ૧૦૦ ટકા વધારાની ટેરિફની જાહેરાત પછી આવી છે, જે ચીનના દુર્લભ ખનિજોના નિકાસ પરના નવા પ્રતિબંધોના જવાબમાં છે.

ચીનના વેપાર મંત્રાલયે આપેલા એક નિવેદનમાં જણાવ્યું કે અમેરિકાએ ધમકીઓને બદલે વાતચીતથી વિવાદો હલ કરવા જોઈએ. આ નિવેદન ટ્રમ્પની ધમકીના બે દિવસ પછી આવ્યું છે, જેમાં તેણે ચીનના દુર્લભ ખનિજોના નિકાસ પરના પ્રતિબંધોને ''શાયતાન અને શત્રુતાપૂર્ણ'' કહ્યા હતા. આ ખનિજ ઉપભોક્તા અને સૈન્ય ઉત્પાદનો માટે મહત્વપૂર્ણ છે, અને ચીન વિશ્વના ૭૦ ટકા ખાણકામ અને ૯૦ ટકા પ્રોસેસિંગને નિયંત્રિત કરે છે. ચીને કહ્યું કે તેઓ વેપાર યુદ્ધથી બચવા માટે તૈયાર છે, પરંતુ જરૂર પડે તો મજબૂતીથી જવાબ પણ આપશે.

આ વિવાદથી ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની સંભવિત બેઠક પટરા પોસપોન થઈ શકે છે, અને વર્ષોથી ચાલી આવતી વેપાર સમજૂતી પર પણ સંકટ આવી શકે છે. એપ્રિલમાં બંને પક્ષોએ ૧૦૦ ટકા કરતાં વધુ ટેરિફ લગાવી હતી. ટ્રમ્પએ આ વર્ષે અનેક વેપારી સાથીઓ પર ટેરિફ વધારી છે. પરંતુ આ ચીન એ દેશોમાંથી જે પોતાના આર્થિક જોરના દમ પર કોઈ પણ પરિસ્થિતિમાં પીછેહઠ કરતા નથી.

ચીનના વેપાર મંત્રાલયના એક પ્રવક્તાએ કહ્યું કે વારંવાર ભારે ટેરિફની ધમકી આપવી ચીન સાથે મેળ ખાતી રીત નથી. તેઓએ વાતચીતથી ચિંતાઓ હલ કરવાની અપીલ કરી છે. નિવેદનમાં પણ જણાવાયું કે જો અમેરિકા જીદ પર અડગ રહેશે તો ચીન પોતાના હક અને હિતોની રક્ષા માટે કડક પગલાં લેશે. આ વાત અમેરિકના નવા નિકાસ નિયંત્રણો અને અઈ ચિપ્સ પરના પ્રતિબંધોના જવાબમાં આપવામાં આવ્યું હતું.

આ તણાવથી વૈશ્વિક બજારમાં અસ્થિરતા વધી શકે છે, કારણ કે દુર્લભ માટીયા મોબાઈલથી લઈને જેટ એન્જિન સુધીના ઉત્પાદનો માટે જરૂરી છે. અમેરિકા પોતાના ઉત્પાદનને વધારવા માટે ૪૦૦ મિલિયનનું રોકાણ કરી રહ્યું છે, પરંતુ તેમાં વર્ષો લાગશે. નિષ્ણાતો માને છે કે આ બંને પક્ષો વચ્ચેની વેપાર શાંતિને પડકાર આપી શકે છે અને વાતચીત જ એકમાત્ર રસ્તો છે.

અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીનથી આયાત કરાતા માલસામાન પર હાલની ૩૦ ટકા ટૅરિફ પર વધારાની ૧૦૦ ટકા ટૅરિફ એટલે કે કુલ ૧૩૦ ટકા ટૅરિફ પહેલી નવેમ્બરથી કે તેના પહેલા લાદવાની શુક્રવારે જાહેરાત કરતા અમેરિકા અને ચીનની વચ્ચે 'વેપાર-યુદ્ધ' શરૂ થયું હતું અને તેને કારણે વૈશ્વિક મંદીના ભણકારા વાગી રહ્યા છે. ચીને બહુ ઓછી મળતી ખનિજની નિકાસ પર નિયંત્રણ મૂકતા ટ્રમ્પે નારાજ થઇને સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે મને હવે દક્ષિણ કોરિયાના આગામી પ્રવાસ દરમિયાન ચીનના નેતા શી જિનપિંગને મળવાનું કોઇ કારણ નથી જણાતું. (એજન્સી)

# મોદી બુધવારે બિહારમાં ભાજપના કાર્યકરોને મળશે

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી બિહાર વિધનસભા ચૂંટણીના પ્રચારના શ્રીગણેશ ભાજપના કાર્યકર્તાઓ સાથે પરિસંવાદ વડે કરશે.

'એક્સ' પર લખેલી પોસ્ટમાં મોદીએ કહ્યું હતું કે હું 'મેરા બૂથ સબસે મજબૂત' પહેલ હેઠળ ૧૫ ઑક્ટોબરે ભાજપના કાર્યકર્તાઓ સાથે સંવાદ કરીશ.

મોદીએ વધુમાં લખ્યું હતું કે અમારા સમર્પિત કાર્યકર્તાઓ બિહારમાં બીજેપી-એનડીએની જીત માટે પૂરા જોશ સાથે કામ કરી રહ્યા છે. આવા કાર્યકર્તાઓ સાથે સંવાદ કરવાથી નવી પ્રેરણા મળે છે. મને સખત મહેનત કરી રહેલા કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કરવાની તક મળશે.

વડા પ્રધાને કાર્યકર્તાઓને તેમના સૂચનો મકલવા જણાવ્યું હતું. 'મેરા બૂથ સબસે મજબૂત' પહેલ હેઠળ પસંદ કરાયેલા કાર્યકર્તાઓ સાથે મોદી સંવાદ કરશે.

૨૪૩ સભ્યવાળી બિહાર વિધાનસભામાં બે તબક્કા-૬ અને ૧૧ નવેમ્બરે મતદાન થશે અને મતગણતરી ૧૪ નવેમ્બરે થશે. (એજન્સી)


ARKCruises
Worldwide Cruises
ARKTRAVELGROUP
DeckPro
DREAM CRUISES
Reimagine festivities with
SEASON
OF CELEBRATION
Festivities Bright, Fares Light
Ex Singapore
2N
starting from
$215*
Booking Dates:
Until 30th Nov 2025
3N
starting from
$325*
Departure Dates:
Until 12th APR 2026
3rd & 4th Sail for FREE
*T&C Apply
BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations:
+91 98199 57598
+91 90049 95154

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આવાસ યોજના હેઠળ રાજ્યમાં ૯.૦૯ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય સંપન્ન

## ગુજરાતને અત્યાર સુધીમાં ૧૪ અવૉર્ડ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૨૪ વર્ષ પૂર્ણ થયા તે અંતર્ગત ૧૩ ઑક્ટોબરે શહેરી વિકાસ દિવસની ઉજવણી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાનને ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ ઉજવણીથી આયોજનબદ્ધ શહેરી વિકાસનો પાયો નાખ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાની જાહેરાત કરવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના શહેરી વિસ્તારોમાં રહેતા ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના પરિવારોને પોતાના સ્વપ્નનું ઘર આપવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) જેવી મહત્ત્વપૂર્ણ યોજના અમલી બનાવી છે અને આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય છે.

વર્ષ ૨૦૧૫માં શહેરી વિસ્તારના ગરીબોને ઘરનું ઘર અપાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ની શરૂઆત કરવામાં આવી હતી. વડા પ્રધાને આ યોજના હેઠળ અનેક લોકોને આવાસની સુવિધા પૂરી પાડીને તેમના ચહેરા પર સ્મિત લાવ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ રાજ્યમાં ૯.૦૯ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય સંપન્ન થયું છે, જે એક નોંધપાત્ર સિદ્ધિ છે.

ગુજરાત પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર રાજ્ય છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ક્રેડિટ લિંક સબસિડી ઘટક હેઠળ છ લાખથી પણ વધુ લાભાર્થીઓને તેમના પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ અપાવવામાં ગુજરાત દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં અગ્રસ્થાને છે.

આ ઉપરાંત, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સિસ યોજના હેઠળ શહેરી ગરીબો અને કામદારોને સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવા માટે જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત થયાના ત્રણ જ માસમાં ગુજરાતના સુરત શહેરના સુડા વિસ્તારમાં નિર્માણ થયેલ ૩૯૩ આવાસોને મોડેલ-૦૧ અંતર્ગત ભાડાના મકાનોમાં રૂપાંતરિત કરીને પ્રોજેક્ટની મંજૂરી મેળવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.ગ્લોબલ હાઉસિંગ ટૅક્નોલૉજી ઇન્ડિયાના લાઇટ હાઉસ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારતમાંથી છ રાજ્યની પસંદગી કરવામાં આવી હતી, જેમાંથી ગુજરાત રાજ્યના રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવી હતી. રાજકોટમાં લાઇટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત મોનોલિથિક કોન્ક્રીટ કન્સ્ટ્રક્શન ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને ઈબલ્યુએસ-૨ પ્રકારના ૩૯.૭૭ ચોરસ મીટર કાર્પેટ એરિયા ધરાવતા કુલ ૧૧૪૪ આવાસનું નિર્માણ કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૧૭માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ક્રેડિટ લિંક સબસિડી હેઠળ પ્રથમ સ્થાન એનાયત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને પીએમ આવાસ માટે ત્રણ એવૉર્ડ આપવામાં આવ્યા હતા, તેમજ બીએલસી ઘટક અંતર્ગત ગુજરાત રાજ્યના ૩ લાભાર્થીને બેસ્ટ હાઉસ કન્સ્ટ્રક્શન કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ, વર્ષ ૨૦૨૨માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) માટે સાત વિવિધ કેટેગરીમાં એવૉર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આમ, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાતને અત્યાર સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા કુલ ૧૪ એવૉર્ડ્સ એનાયત કરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ની સફળતાના પરિણામે સપ્ટેમ્બર ૨૦૨૪થી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હાઉસિંગ ફોર ઓલ મિશનની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ભારતભરમાં આગામી ૫ વર્ષમાં (૨૦૨૪૨૦૨૯) એક કરોડ પાકાં ઘરો બાંધવાની યોજના છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત અફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશિપ, બેનિફિશ્યરી લેડ કંસ્ટ્રક્શન, ઈન્ટરસ્ટ સબસિડી સ્કીમ, એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ ઘટક હેઠળ વ્યક્તિ લાભ લઈ શકે છે. યોજના અંતર્ગત રાજ્યમાં કુલ ૨૯,૮૨૧ જેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. ■

# સરદાર સરોવર નર્મદા ડેમ છલોછલ, ડેમમાં જળસંગ્રહ ૧૩૮.૬૮ મીટર સુધી પહોંચી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ તેના નિર્માણ બાદ ઇતિહાસમાં પ્રથમ વખત સતત ૧૨ દિવસ સુધી તેની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર પર ૧૦૦ ટકા ભરાયેલો રહ્યો છે. આ એક અભૂતપૂર્વ ઘટના છે, જેણે ગુજરાત માટે જળસંચયનો નવો રેકોર્ડ સ્થાપ્યો છે. ઉપરવાસમાંથી એક લાખ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે, ત્યારે લેવલ જાળવવા માટે ડેમનો એક દરવાજો ૦.૬૮ મીટર જેટલો ખુલ્લો રાખી પાણી છોડાઈ રહ્યું છે. જળસપાટી ઊંચી રહેતા ડેમનાં રિવર બેડ પાવર હાઉસ અને કેનાલ હેડ પાવર હાઉસ સંપૂર્ણ ક્ષમતાથી ધમધમી રહ્યાં છે, જેના થકી દૈનિક રૂ. ત્રણ કરોડનું વીજ ઉત્પાદન થઈ રહ્યું છે.

હાલમાં, નર્મદા ડેમની સપાટી તેની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર પર જળવાઈ રહી છે. ડેમના ઉપરવાસમાંથી ૧,૦૦,૭૫૨ ક્યૂસેક પાણીની પુષ્કળ આવક થઈ રહી છે, જેની સામે ડેમમાંથી ૬૮,૩૮૩ ક્યૂસેક પાણીની જાવક થઈ રહી છે. હાલના આ આંકડા મુજબ, ડેમ ૧૦૦ ટકા ક્ષમતા સુધી ભરાઈ ગયો છે, જેના કારણે નર્મદા નદીનો નજારો અતિ સૌંદર્યમય બની ગયો છે.

ઉપરવાસ વિસ્તારમાં સતત વરસાદને કારણે ડેમમાં પાણીની આવક યથાવત્ છે. ડેમની મહત્તમ સપાટી સુધી પાણી ભરાયા બાદ એક દરવાજો ૦.૬૮ મીટર સુધી ખોલવામાં આવ્યો છે, જેથી પાણીનું સંતુલન જળવાઈ રહે. પાણીની જાવક નિયંત્રિત રીતે કરવામાં આવી રહી છે, જેથી નીચેવાસના વિસ્તારોમાં કોઈપણ પ્રકારની અસર ન થાય.

નર્મદા ડેમમાંથી હાલ સિંચાઈ માટે પણ પૂરતું પાણી ઉપલબ્ધ છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં ખેતી માટે નર્મદાના કેનાલ સિસ્ટમ મારફતે પૂરતા જળસંચયની સુવિધા મળી રહી છે. ડેમની હાલની પરિસ્થિતિને જોતા, નર્મદા નદીના કિનારાઓ પર પર્યટકોની પણ ભારે અવરજવર જોવા મળી રહી છે. સરદાર સરોવર ડેમ છલોછલ ભરાઈ જવાથી સમગ્ર વિસ્તારમાં ખુશીનું માહોલ જોવા મળી રહ્યો છે. રાજ્ય સરકાર અને નર્મદા નિગમના અધિકારીઓ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે, જેથી પાણીના સ્તરમાં કોઈપણ અચાનક ફેરફાર થાય તો તાત્કાલિક પગલા લેવામાં આવી શકે. ■

# અમદાવાદના એક જ પરિવારના ત્રણ લોકોના મૃતદેહો મળી આવતાં ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના સાણંદ તાલુકાના લોદરિયાદ ગામમાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આપઘાત કરતા ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક દૃષ્ટિએ આ ઘટના સામૂહિક આપઘાતની લાગી રહી હતી, પરંતુ ઘટનાસ્થળેથી મળેલા અન્ય પુરાવાઓના આધારે પોલીસે હત્યાની આશંકા પણ વ્યક્ત કરી હતી.

મળતી માહિતી મુજબ, લોદરિયાદ ગામની હદમાં ખોડલ હોટલ પાસે એક જ પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આપઘાત કર્યો હોવાની જાણકારી મળતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. સ્થાનિક પોલીસ સાથે ડીવાયએસપી, નાયબ મામલતદાર અને એફએસએલની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

પોલીસને તપાસ દરમિયાન ઘટનાસ્થળ પરથી ૧૦ પાનાની સુસાઇડ નોટ મળી આવી હતી, જે આ કેસમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ પુરાવો સાબિત થઈ શકે છે. પોલીસે સુસાઇડ નોટની સઘન ચકાસણી શરૂ કરી છે, જેથી મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ અને અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે જાણી શકાય.

પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. એફએસએલ ટીમ દ્વારા ઘટનાસ્થળ પરથી જરૂરી સેમ્પલો અને પુરાવાઓ એકઠા કરવામાં આવ્યા છે. મૃતકના ગળામાં છરીના ઘા જોવા મળ્યા છે, જેના કારણે આ બનાવ માત્ર આપઘાત છે કે પછી સામૂહિક હત્યા કરીને આપઘાતનો રંગ આપવાનો પ્રયાસ થયો છે, તે દિશામાં પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. ■

# જામનગરમાં સિક્કા નગરપાલિકાના કારોબારી ચેરમેન સહિત આઠ કોર્પોરેટરો કૉંગ્રેસમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં સિક્કા નગરપાલિકાના વર્તમાન કારોબારી ચેરમેન જુશબભાઈ બારૈયા તથા સાત કોર્પોરેટરોએ ભાજપનો છેડો છોડીને કૉંગ્રેસ હાથ થામ્યો હતો. આ આઠ નેતાઓને કૉંગ્રેસના સિદ્ધાંતો વધારે પસંદ આવ્યાં હોવાથી ભાજપનો સાથ છોડ્યો હતો. આ લોકો કૉંગ્રેસમાં જોડાતા જામનગરમાં હવે પંજો વધારે મજબૂત થશે તેવું રાજકીય વિશ્લેષકો માની રહ્યાં છે. કૉંગ્રેસના વરિષ્ઠ આગેવાનો અને જિલ્લા કક્ષાના નેતાઓએ આ લોકોનું પાર્ટીમાં સ્વાગત કર્યું હતું. કૉંગ્રેસે કહ્યું હતું કે, આ ફક્ત રાજકીય પરિવર્તન નથી, પરંતુ લોકહિત અને વિકાસ ને સમર્પિત વિચાર ધારાનો વિજય છે.

જામનગર જિલ્લામાં કૉંગ્રેસ પાર્ટીમાં ભાજપના લોકો જોડાતા પાર્ટી વધારે મજબૂત થઈ છે. જેથી આગામી ચૂંટણીમાં કૉંગ્રેસ એક નવી શક્તિ તરીકે પ્રગટ થશે. કૉંગ્રેસમાં જોડાયેલા ભાજપ સભ્યોની વાત કરવામાં આવે તો, વલીમામદ મલેક, અસગર હુંદડા, જ્યોત્સ્નાબેન ગૌસ્વામી, રેશ્માબેન કુંગડા, મામદભાઈ કુંગડા, રોશનબેન સુંભણીયા અને ઝુબેદાબેન સુંભણીયાનો સમાવેશ થાય છે.

જામનગર જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ મનોજ કથીરિયાએ આ તમામ લોકોનું કૉંગ્રેસ પાર્ટીમાં સ્વાગત કર્યું હતું. અમદાવાદ રાજીવ ગાંધી ભવન ખાતે કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, ઉપરાંત લાલજીભાઈ દેસાઈ, મનીષ દોશીની ઉપસ્થિતિમાં અને જામનગર જિલ્લા કૉંગ્રેસ અધ્યક્ષ મનોજભાઈ કથીરિયા, તાલુકા પ્રમુખ ઇકબાલભાઈ સુમરા અને યુવા કૉંગ્રેસ પ્રમુખ દેવરાજભાઈ ગોહિલની આગેવાનીમાં અનેક આગેવાનો અને કાર્યકર્તાઓએ કૉંગ્રેસ પક્ષમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ■

# અમદાવાદ મેટ્રોમાં અત્યાર સુધીમાં અંદાજે ૧૦ કરોડથી વધુ નાગરિકોએ મુસાફરી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજનું ગુજરાત માત્ર ઔદ્યોગિક વિકાસ માટે જ નહીં, પણ અદ્યતન માળખાગત સુવિધાઓ માટે પણ દેશભરમાં મૉડેલ તરીકે ઊભરી રહ્યું છે. ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ ગુજરાતની પ્રગતિની જીવંત સાબિતી છે. અમદાવાદ મેટ્રોની સફર વર્ષ ૨૦૨૫માં નવા આયામો સર કરી રહી છે. શરૂઆતમાં જ્યાં દિવસના સરેરાશ ૩૫ હજાર મુસાફરો મુસાફરી કરતા હતા, તે આંકડો આજે વધીને ૧.૫ લાખ સુધી પહોંચ્યો છે. અત્યાર સુધીમાં મેટ્રોમાં કુલ ૧૦.૩૮ કરોડ નાગરિકોએ મુસાફરી કરી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને ૯૯.૮૪ ટકા સમયસર સેવા આપીને મુસાફરોનો વિશ્વાસ જીત્યો છે.

ગુજરાતનાં શહેરો હવે ટ્રાફિક નહીં પરંતુ ટ્રાન્ઝિટની નવી ઓળખ સાથે આગળ વધી રહ્યા છે. અમદાવાદ અને ગાંધીનગરની વચ્ચે દોડતી મેટ્રો ટ્રેન હવે માત્ર મુસાફરીનું સાધન નથી, પરંતુ રાજ્યના આધુનિક પરિવહન સ્વપનને સાકાર કરતી એક મજબૂત કડી બની છે.અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો નવેમ્બર ૨૦૧૪માં મંજૂર થયો હતો. માર્ચ ૨૦૧૯માં વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક સુધી ૬.૫ કિમીનો પ્રથમ ભાગ શરૂ થતાં અમદાવાદના નગરજનોને નવી સફરની શરૂઆત મળી. વર્ષ ૨૦૨૨માં વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૩૨ કિમીની લાઈનનું લોકાર્પણ થતાં મેટ્રો અમદાવાદ શહેરના ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ ભાગને જોડતી લાઈન શરૂ થઈ હતી.

બીજા તબક્કામાં ગુજરાતના પાટનગર ગાંધીનગર અને આર્થિક પાટનગર અમદાવાદને જોડતો કુલ ૨૮.૨ કિમીનો રૂટ તૈયાર કરવામાં આવ્યો છે. મોટેરાથી સેક્ટર-૧ અને ગિફ્ટસિટી સુધીનો ભાગ સપ્ટેમ્બર ૨૦૨૪માં શરૂ થયો જ્યારે સચિવાલય સુધીનો ભાગ એપ્રિલ ૨૦૨૫માં ખુલ્લો મુકાયો છે. ટૂંક સમયમાં અમદાવાદથી મહાત્મા મંદિર સુધીનો રૂટ સંપૂર્ણ કાર્યરત થતાં કુલ ૬૮ કિ.મી.ના રૂટ પરના ૫૪ સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે.

મોટેરાથી સચિવાલય સુધી દોડતી મેટ્રો માત્ર અંતર નથી ઘટાડી રહી તે બે નગરોના વિકાસને એક જ ધારા સાથે જોડે છે. વિદ્યાર્થીઓથી લઈને ઓફિસના કર્મચારીઓ સુધી, હવે દરેક માટે આ સફર ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બની છે. મેટ્રોનું ભાડું માત્ર ₹૦૫ થી ₹૪૦ સુધીનું રાખવામાં આવ્યું છે. દૈનિક મુસાફર માટે પ્રતિ કિલોમીટર સરેરાશ રૂ. ૧ ના ભાડે સફર કરાવતી મેટ્રો સામાન્ય માણસ માટે ખરેખર બજેટ-ફ્રેન્ડલી મુસાફરી બની ગઈ છે. ■

# નડિયાદમાં એસસી-એસટી સેલમાં ફરજ બજાવતા એએસઆઈ ચાર લાખની લાંચ લેતા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા જિલ્લામાં એસીબીએ નડિયાદ ખાતે એસસી-એસટી સેલમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર જયદીપસિંહ સોઢા પરમારને લાંચ લેતા ઝડપી પાડ્યાં હતાં. એસીબીએ છટકું ગોઠવીને રૂપિયા ૪ લાખની લાંચ લેતા એએસઆઈને રંગે હાથે ઝડપાયા હતાં. એસીબીએ માત્ર ૪૪ દિવસમાં બે લાંચ કેસ ઝડપ્યાં હોવાથી લાંચિયા તત્વોમાં ફફડાટ છવાયો હતો.

ફરિયાદીના પરિવારજનો વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં ધરપકડ ન કરવા, લોકઅપમાં ન બેસાડવા અને ઘેર જવા દેવા બદલ આરોપી એએસઆઈ જયદીપસિંહ સોઢા પરમારએ રૂપિયા ચાર લાખની લાંચની માગી હતી. જેથી ફરિયાદીએ આ મામલે એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદીએ નોંધાવેલી ફરિયાદના આધારે એસીબીએ ટ્રેપ ગોઠવી હતી. જેમાં એસસી-એસટી સેલના કચેરીના કમ્પાઉન્ડમાં જ જયદીપસિંહ પોતાની કારમાં લાંચની રકમ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

એસીબીએ લાંચની રકમ કબજે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી દીધી હતી. માત્ર ૪૪ દિવસમાં આવા બે કેસ પ્રકાશમાં આવ્યા છે. આ પહેલા ૨૮ ઓગસ્ટે લીંબાસી પોલીસ મથકના કોન્સ્ટેબલ પંકજ મેર ૪૦ હજાર રૂપિયાની લાંચ લેતા ઝડપાયો હતો. જેની સામે પણ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દીધી હતી. ■

# બોટાદમાં આપની સભામાં પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ

## ભારે પથ્થરમારો, ટિયરગૅસના શેલ છોડાયા, ઈસુદાનની અટકાયત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોટાદ એપીએમસીમાં વેપારીઓ દ્વારા હરાજીમાં નક્કી થયેલા ભાવથી ઓછી કિંમત ચૂકવવામાં આવે છે. બોટાદ એપીએમસીમાં ખેડૂતો પાસેથી કપાસ ખરીદીમાં થતા ગેરકાયદેસર 'કડદા' પ્રથાના વિવાદે હવે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. ખેડૂતોને થતાં અન્યાય સામે આમ આદમી પાર્ટીએ વિરોધ અભિયાન હાથ ધર્યું છે. આ દરમિયાન રવિવારે બોટાદના હડદડ ગામમાં આમ આદમી પાર્ટીની ખેડૂત પંચાયતમાં હાજર લોકો પર પોલીસે લાઠીચાર્જ કરતા પરિસ્થિતિ વણસી હતી. બાદમાં ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો.

મળતી માહિતી મુજબ, કડદા પ્રથાનો વિરોધ કરી રહેલા આપના નેતા રાજુ કરપડાએ બોટાદના હડદડ ગામ ખાતે ખેડૂતો સાથે એક ખેડૂત મહાપંચાયતનું આયોજન કર્યું હતું. જોકે, પોલીસ દ્વારા આ મહાપંચાયતને મંજૂરી આપવામાં આવી ન હતી. તેમ છતાં આમ આદમી પાર્ટી દ્વારા હડદડ ગામમાં જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. હડદડ ગામે ખેડૂત પંચાયત માટે મોટી સંખ્યામાં ખેડૂતો ભેગા થયા હતા. પોલીસે અહીં એકઠા થયેલા લોકોને વિખેરવાનો પ્રયાસ કરતાં વાતાવરણ તંગ બન્યું હતું. જ્યારે પોલીસની ટીમ આ બેઠક અટકાવવા અને પરિસ્થિતિ નિયંત્રિત કરવા માટે હડદડ ગામે પહોંચી ત્યારે ગુસ્સે થયેલા લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. આ હિંસક વિરોધ દરમિયાન, ટોળાએ પોલીસની ફરજમાં અવરોધ ઊભો કર્યો હતો અને પોલીસની ગાડીઓ પર પથ્થરમારો કરીને તોડફોડ કરી હતી. પોલીસની એક કારને પણ ઉથલાવી દીધી હતી.

પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે અને ટોળાને વિખેરવા માટે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં ટિયર ગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. હડદડ ગામે પરિસ્થિતિ વધુ વણસતા, કોઈ પણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે વધુ પોલીસ ફોર્સ બોલાવી લેવામાં આવી હતી અને સમગ્ર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ઘર્ષણ અને પથ્થરમારાના કારણે વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસે સમગ્ર વિસ્તારમાં કોમ્બિંગ શરૂ કર્યું હતું.

આ દરમિયાન રવિવારે આપના પ્રદેશ અધ્યક્ષ ઇસુદાન ગઢવી, પાર્ટીના મહામંત્રી સાગર રબારી સહિતના નેતાઓ કિસાન મહાપંચાયતમાં ભાગ લેવા માટે બોટાદ જવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે પોલીસે બગોદરા હાઈવે પર તેમની અટકાયત કરી હતી. લગભગ એક હજાર જવાનોનો કાફલો ગોઠવી દેવામાં આવ્યો હતો. પોલીસ ડ્રોનથી નજર રાખી રહી હતી. ઇસુદાન ગઢવીએ પ્રેસ નોટ બહાર પાડીને કહ્યું હતું કે ખેડૂતો-શ્રમિકોના ભોગે કળદો કરનારાઓ વર્ષે રૂ. પાંચ હજાર કરોડ રૂપિયા બનાવે છે. ત્યારે આ વ્યવસ્થા બદલવાની જરૂર છે.

આ મામલે બોટાદ જિલ્લા પોલીસવડા ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું હતું કે, લગભગ ત્રણ પોલીસકર્મીઓને ઈજા થઈ છે અને એમને ગંભીર માથામાં ઈજા થઈ છે. તો એમાં ગુનો દાખલ કરવામાં આવશે. એ જે લોકોએ પોલીસ ઉપર જે આવી રીતે હુમલો કરવામાં આવ્યો છે અને જેનાથી મોત નીપજી શકે એવા પથ્થરોની તૈયારી કરીને કરવામાં આવ્યું છે, તો એમાં આપણે ગુનો દાખલ કરીશું અને બધા આરોપીઓને પકડીશું. ■

# દિવાળીમાં વતન જવા ઉધના રેલવે સ્ટેશન પર હજારો મુસાફરોનું માનવ મહેરામણ ઉમટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના તહેવારમાં લોકો પોતાના વતન જતાં હોય છે. ગુજરાતમાં અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લોકો કામ અર્થે આવતા હોય છે. દિવાળી ટાણે ઘરે જવા માટે તેઓ મોટા ભાગે ટ્રેનમાં ટ્રાવેલ કરવાનું પસંદ કરતા હોય છે. આ વખતે અત્યારથી સુરતના ઉધના સ્ટેશન પર માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું, જ્યાં સેંકડો લોકોની લાઈન પણ જોવા મળી હતી.

ઉત્તર પ્રદેશ અને બિહારના શ્રમિકો અને નોકરિયાત વર્ગ પોતાના માદરે વતન જવા રવાના થઈ રહ્યા છે. સુરતના ઉધના રેલવે સ્ટેશન પર અત્યારે ૬,૦૦૦થી મુસાફર આવી ગયા હોવાનો વીડિયો વાઇરલ થયો હતો. આ રેલવે સ્ટેશન પર અત્યારે આશરે ૧ કિમી લાંબી મુસાફરોની લાઈન જોવા મળી હતી. સંખ્યા એટલી વધી ગઈ હતી કે સ્ટેશન પર ટિકિટ લેવા અને ટ્રેનમાં જવા માટે મોડી રાતથી લોકોએ લાઈન લગાવી દીધી હતી. આ ભીડને જોતા રેલવે પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓ દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ માટે વિશેષ વ્યવસ્થા ગોઠવી હતી.

તહેવારોમાં ઉધના સ્ટેશન પર લોકોનો ધસારો રહેતો હોય છે. આ મુસાફરો માટે નિયમિત ટ્રેનો ઉપરાંત અન્ય સ્પેશિયલ અને અનરિઝર્વ્ડ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. દિવાળીના તહેવાર સાથે બિહારમાં વિધાનસભાની ચૂંટણી હોવાથી બિહારના લોકો મતદાન કરવા માટે જઈ રહ્યાં છે. બિહારની ચૂંટણીને ધ્યાનમાં રાખતા આ વર્ષે રેલવે વિભાગ દ્વારા વધારાની ટ્રેન દોડાવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. ■

# દિવાળી પછી યોજાશે ઍર શૉ

અમદાવાદઃ ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા દર વર્ષે એર શોનું આયોજન કરવામાં આવતું હોય છે. આ વર્ષે દિવાળી પછી ૨૪ ઓક્ટોબરે મહેસાણામાં અને ૨૬ ઓક્ટોબરે અમદાવાદમાં એર શોનું આયોજન કરવામાં આવશે. આ એર શોમાં અદ્ભુત એરોબેટિક પ્રદર્શનથી ગુજરાતના આકાશને ચમકાવાશે. આ ૧૯૯૬માં રચાયેલ એસકેએટી એશિયાની એકમાત્ર નવ વિમાનોની એરોબેટિક ટીમ છે. વર્ષોથી સૂર્યકિરણ એરોબેટિક ટીમ સમગ્ર ભારતમાં અને ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઇલેન્ડ, સિંગાપોર અને યુએઈ સહિત અનેક દેશોમાં ૭૦૦થી વધુ પ્રદર્શન કર્યા છે. આ એરોબેટિક ટીમ સર્વદા સર્વોત્તમ સૂત્ર દ્વારા સંચાલિત છે. જે ચોકસાઈ, શ્રેષ્ઠતા અને શિસ્તનું પ્રતીક હોવાનું પણ કહેવાય છે. ભારતમાં બનાવેલા નવ હોક એમકે૧૩૨ વિમાનો ઉડાડતા, પાઇલટ્સ વિમાનો વચ્ચે ૫ મીટરથી ઓછા અંતરે રમી શકે તેવા અદ્ભુત સ્ટંટ કરીને લોકોને મંત્રમુગ્ધ કરે છે.

આ એર શોમાં લૂપ્સ, રોલ્સ, હેડ-ઓન ક્રોસ, બઝ અને ઇન્વર્ટેડ ફોર્મેશન જેવા આકર્ષક દિલધડક કરતબો કરવામાં આવશે તેવું પણ જાણવા મળ્યું છે. ■

# પ્રસિદ્ધ જૈન તીર્થ ક્ષેત્ર મહૂડી જવા પીલવઈ-મહુડી ફોર લેન માર્ગનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પ્રસિદ્ધ જૈન તીર્થ ક્ષેત્ર મહૂડીને પીલવાઈ સાથે જોડતા ૪.૪૫ કિલોમીટર લાંબા રોડને રૂપિયા ૨૦ કરોડના ખર્ચે ફોર લેન થવાની કામગીરી પૂર્ણ થતા આ માર્ગનું રવિવારે લોકાર્પણ કર્યું હતું. આ માર્ગ ચારમાર્ગીય થવાથી મહૂડી તીર્થ ક્ષેત્રના દર્શને આવતા શ્રદ્ધાળુઓને વાહન યાતાયાતમાં વધુ સારી સુવિધા મળશે અને સમય તથા ઇંધણની બચત પણ થશે. આ સાથે અમદાવાદ-ગાંધીનગરથી વિજાપુરને જોડતા આ મુખ્ય માર્ગના વિસ્તૃતિકરણને કારણે ટ્રાફિકજામથી પણ લોકોને છુટકારો મળશે.

માર્ગ અને મકાનને આપેલા દિશાનિર્દેશ અને માર્ગદર્શનમાં સિમેન્ટ કોંક્રીટના રોડ નિર્માણથી ચોમાસામાં વરસાદી પાણીની અસરોથી માર્ગોને નુકશાન થતું અટકાવવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સેવા, સમર્પણ અને સુશાસનના ૨૪ વર્ષ પૂર્ણ થઈ ૨૫મા વર્ષમાં પ્રવેશ અવસરે તારીખ ૭ થી ૧૫ ઓક્ટોબર રાજ્યવાપી વિકાસ સપ્તાહ ઉજવાઈ રહ્યું છે, તેવામાં દિવાળીના તહેવારો પહેલા ભૂપેન્દ્ર પટેલ દ્વારા તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ફોરલેનની કામગીરી ૧૦ મહિનામાં પૂર્ણ થઈ ગઈ હતી.

ભૂપેન્દ્ર પટેલે સુપ્રસિદ્ધ જૈન તીર્થ સ્થળ મહુડી જિનાલયમાં ભગવાન ઘંટાકર્ણની આરતી, પૂજા-અર્ચના કરીને રાજ્યની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ ૪.૪૫ કિલોમીટર રોડને રૂપિયા ૨૦ કરોડના ખર્ચે ફોર લેન કરવામાં આવ્યો હોવાથી લોકોને ઘણો ફાયદો થવાનો છે. ■

# આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવત આગામી ૧૪ અને ૧૫ ઑક્ટો.એ ગુજરાતની મુલાકાતે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવત આગામી ૧૪ અને ૧૫ ઑક્ટોબર એમ બે દિવસ ગુજરાતના પ્રવાસે આવવાના છે. બે દિવસ ગુજરાતની મુલાકાતમાં અમદાવાદ ખાતે આવેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ સાથે બેઠક કરશે. ગાંધીનગરના કોબા ખાતે આવેલા પ્રેક્ષા વિશ્વ ભારતી ધ્યાન કેન્દ્ર ખાતે આચાર્ય મહાશ્રમણજી સાથે પણ મુલાકાત કરશે. કોબા ખાતે જાહેર કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની નિમણૂક અને દિવાળી પહેલા સરસંઘચાલક મોહન ભાગવતની ગુજરાત મુલાકાત ખૂબ જ સૂચક માનવામાં આવી રહી છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘચાલકની બે દિવસ ગુજરાત મુલાકાતમાં ૧૪ ઑક્ટોબરે બપોરે તેઓ અમદાવાદ આવી પહોંચશે. એરપોર્ટથી સીધા તેઓ અમદાવાદના સંઘ કાર્યાલય ડૉ. હેડગેવાર ભવન ખાતે પહોંચશે, જ્યાં બપોરે સંઘના કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે. બીજા દિવસે સવારે સાડા નવ વાગ્યે ગાંધીનગરના કોબા ખાતે આવેલા પ્રેક્ષા વિશ્વભારતી ધ્યાન કેન્દ્ર ખાતે જશે. આચાર્ય મહા શ્રવણજી સાથે મુલાકાત કરી અને પ્રવચન આપશે. બાદમાં બપોરે અમદાવાદ સંઘ કાર્યાલય ખાતે પરત ફરશે. બપોરે સંઘ કાર્યાલય ખાતે તેઓ ફરી સંઘના ઉચ્ચ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે.

તાજેતરમાં જ ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની નિમણૂક કરવામાં આવી છે. ભાજપમાં આગામી દિવસોમાં ખૂબ મોટા ફેરફાર થઈ શકે છે ત્યારે દિવાળી પહેલા ગુજરાતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક આવી રહ્યા છે અને બે દિવસ સતત બેઠકોનો દોર કરવાના છે ત્યારે ખૂબ ગુજરાતના રાજકારણમાં સંઘનું યોગદાન સૂચક માનવામાં આવી રહ્યું છે. બે દિવસ મોહન ભાગવત ગુજરાતમાં છે ત્યારે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નવનિયુક્ત ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ પણ મોહન ભાગવતની મુલાકાત કરે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

# ધર્મતેજ

## મનન

## જીવનના સમયની વહેંચણી...

હેમંત વાળા
feedback@bombaysamachar.com

એમ જણાય છે કે જીવનનો સમય ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. એક ભાગ તો જીવનને ટકાવી રાખવા માટેની સ્વાભાવિક ક્રિયામાં પસાર થઈ જાય છે. બીજો ભાગ કર્મોના ભોગવટા માટે છે. ત્રીજા ભાગ માટે વ્યક્તિને સ્વતંત્રતા છે. આ બીજા ભાગના સમયનો ઉપયોગ તે જે રીતે કરે છે તેનાથી નક્કી થાય કે તેનું બંધન વધુ દ્રઢ બનશે કે જેની તે સ્થિતિ જળવાઈ રહેશે કે મુક્તિ તરફ પગલાં મંડાશે. પહેલાં ભાગને આપણે સ્વાભાવિક સમય કહીશું, બીજા ભાગને કર્મફળ અને ત્રીજાને પુરુષાર્થ. આ સમયગાળાને ઉંમર સાથે લેવાદેવા નથી. ઉંમરના પ્રત્યેક તબક્કે આ ત્રણેય પ્રકારની ઘટના અસ્તિત્વમાં આવે.

સ્વાભાવિક સમયગાળામાં ખાવું, પીવું, ઉત્સર્ગ કરવું અને મોટા થવું, આટલી ક્રિયાઓ કેન્દ્રમાં હોય. જરૂરી નથી કે આ સમયગાળો બાળપણનો હોય. આ ક્રિયા તો સમગ્ર જીવનમાં પ્રસરેલી હોય. આ સમયગાળાની બીજી મહત્ત્વની વાત એ છે કે અહીં કોઈપણ હેતુ વગર, કોઈપણ પ્રયોજન વગર, કોઈપણ પ્રક્રિયા વગર પણ સમય પસાર થતો રહે છે. જીવનનો આ એવો તબક્કો છે જે કોઈપણ પ્રકારનાં પૂર્વાપર સંબંધ વિના પસાર થઈ જાય. મહદઅંશે અહીં કર્મફળનો ભોગવટો નથી કે નવું કર્મફળ ઊભરતું નથી. આપમેળે અસ્તિત્વ ટકી રહે તે પ્રકારનો આ તબક્કો છે. અસ્તિત્વ ટકી રહે તે માટે જે જરૂરી હોય તે કરવાનો આ તબક્કો છે. અસ્તિત્વનું ટકવું એ જ આ તબક્કાનો મૂળભૂત હેતુ જણાય છે. આ તબક્કો છે એટલે અસ્તિત્વ ટકી રહે છે, જીવન ચાલુ રહે છે.

બીજા તબક્કામાં કર્મફળનો ભોગવટો હોય. અહીં ખુશી પણ પ્રાપ્ત થાય અને દુઃખ પણ મળે. જો સત્કર્મ એકત્રિત થયાં હોય તો જીવનમાં સારી સારી વાતો સ્થાપિત થાય અને જો દુષ્કર્મ એકત્રિત થયાં હોય તો તેનાથી વિપરીત પરિણામ આવે. કરેલાં સારાં કર્મોનું પરિણામ માણવા, સત્કર્મના કારણે જે પણ સુખદ પરિસ્થિતિ ઉદ્ભવે તેને અનુભવવા સમય જોઈએ. તેવી જ રીતે દુષ્કર્મના પરિણામે જે કંઈ દુઃખદ પરિસ્થિતિ ઉદ્ભવે તેની પીડા સહન કરવાં માટે પણ સમય જોઈએ. સુખ કે દુઃખ, સફળતા કે નિષ્ફળતા, સન્માન કે અપમાન, પ્રેમ કે અવહેલના, સંતોષ કે અસંતોષ, શાંતિ કે ઉદ્વેગ, આરામ કે તકલીફ, ઉપલબ્ધિ કે રિક્તતા, ઇચ્છિત કે અનિચ્છિત - જે પણ પરિસ્થિતિ ઊભી થાય તેની અનુભૂતિ માટે સમય જરૂરી છે. આ સમય એટલે કર્મફળના ભોગવટાનો સમય.

અહીં સમજવાની વાત એ છે કે સત્કર્મ અને દુષ્કર્મનો સામસામે છેદ નથી ઉડતો. સત્કર્મનું સકારાત્મક પરિણામ મળે અને દુષ્કર્મનું નકારાત્મક. સત્કર્મ દ્વારા સ્થાપિત થનારી સારી બાબતો અસ્તિત્વમાં આવે અને દુષ્કર્મના કારણે પસંદ ન રહે તેવી પરિસ્થિતિ સર્જાય. અહીં જમા-ઉધારનો તાળો નથી બેસાડાતો. જમા જમા રહે છે અને ઉધાર ઉધાર રહે છે. ખુશી માણવા માટે તો કોઈ પ્રશ્ન નથી, પીડા પણ સહન કરવી જ રહી.

પીડા જિંદગીના કોઈપણ તબક્કે આવી શકે. ખુશીની અનુભૂતિ પણ ઉંમરના કોઈપણ પડાવે પ્રતીત થઈ શકે. એમ કહેવાય છે કે કર્મફળનો ભોગવટો ત્યારે જ પૂરો થાય જ્યારે



તેની માટેની જાગ્રતતા હોય. મન દ્વારા સકારાત્મક અને નકારાત્મક બાબતો અનુભવાય ત્યારે જ કર્મફળનો નિવેડો આવે. તેથી એક તારણ એવું નીકળી શકે કે કર્મફળના ભોગવટાનો સમય બહુ નાની ઉંમરે ન હોય. સામાન્ય માનવીના જીવનની પેટર્ન સમજતાં એમ જણાય છે કે કર્મફળના ભોગવટાની સારી વાતો મુખ્યત્વે યુવાવસ્થામાં આવે અને ખરાબ બાબતો ઘડપણ તરફ વધુ રહે. પણ આ સામાન્ય નિયમ નથી. અગાઉ કહ્યું તેમ દરેક તબક્કો સમગ્ર જીવનમાં પ્રસરેલો રહે.

એમ કહી શકાય કે ત્રીજા પુરુષાર્થના તબક્કામાં જીવનનો અર્થ, જીવનનો હેતુ, જીવનનાં ઉદ્દેશ્ય પર કામ કરવાની સંભાવના ઊભી થાય. આ ભક્તિ કરવાનો તબક્કો છે. આ ગુરુદેવને સંપૂર્ણતામાં સમર્પિત થઈ જવાનો તબક્કો છે. આ આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરી તેનાં આધારે આધ્યાત્મિક ચિંતન દ્વારા પરમ તરફનો માર્ગ સમજવાનો તબક્કો છે. આ નિષ્કામ કર્મ કરવાનો તબક્કો છે. ધ્યાન, યોગ, સાધના, સત્સંગ માટેનો આ તબક્કો છે. જીવનના આ ભાગમાં વ્યક્તિ પોતાની રુચિ અનુસાર જે તે માર્ગને પસંદ કરી પોતાનાં કલ્યાણ વિશે પ્રયત્નશીલ થઈ શકે. મોટેભાગે જીવનના આ તબક્કાની અવગણના થતી હોય છે. ઘણાં લોકો તો આ સમયગાળાનું અસ્તિત્વ સ્વીકારવા જ તૈયાર નથી હોતાં. આ સમયગાળાને તેઓ જીવનના અન્ય બે સમયગાળામાં વહેંચી દે છે. આ પણ એક પ્રકારનો પુરુષાર્થ છે જેની પણ આગળ જતાં અસરો સ્થાપિત થાય જ.

સ્વાભાવિક સમયગાળો કુદરત નિયંત્રિત કરે છે તેમ કહેવાય. ટકી રહેવાની પ્રત્યેક ક્રિયા કુદરતના નિયમોને આધીન હોય છે. સમર્થ યોગી તેમાં બદલાવ લાવી શકે પરંતુ સામાન્ય માનવીનું અસ્તિત્વ હતો કુદરતના નિયમોને આધીન હોય છે. ખોરાક કેટલાં સમયમાં પચે તે માનવીના હાથની વાત નથી. બીજો તબક્કો નિયતિ નિર્ધારિત કરે છે. આમાં પણ માનવીનો હસ્તક્ષેપ માન્ય નથી. જેટલાં સમયગાળા સુધી જે સુખ કે દુઃખ ભોગવવાનું હોય તેટલાં સમયગાળામાં તે સુખ કે દુઃખ ભોગવવું જ પડે. અહીં તીવ્રતા તેમજ સમયગાળો બંને સંચિત થયેલાં કર્મને આધારિત હોય.

ત્રીજા પ્રકારના સમયગાળાનો ઉપયોગ માનવી નક્કી કરી શકે. પોતાની સમજ પ્રમાણે તે તેમાં પ્રવૃત્તિ થઈ શકે. અહીં તે કામનાને પણ મહત્વ આપી શકે અને વિવેકને પણ. અહીં તે આક્રમક બની શકે અને સંયમ પણ જાળવી શકે. અહીં તે અંતરાત્મા તરફ ગતિ કરી શકે અને બાહ્ય આકર્ષણમાં લિપ્ત પણ રહી શકે. આગળ જતાં વ્યક્તિની કઈ ગતિ થાય છે તે સમયના આ તબક્કા પર આધાર રાખે છે. સાવચેતી આ તબક્કા માટે રાખવાની છે. ■

# મન એક રોગ છે, જો મન ન હોય તો ઘણીબધી બીમારીઓનો ઉદ્ભવ જ ન થાય

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



એક પ્રશ્ન છે, 'બાપુ, કથામાં કાલે આપે કહ્યું કે જમુનાજી મન, ઈચ્છાઓ, સત્ત્વ, પ્રાણ અને પુણ્યની ગાંઠને મિટાવી દે છે. એનો વિસ્તાર કરો. જમુનાજલમાં વહી જઈએ તો પ્રાણ જાય જ અને આપ જો કોઈ બીજા સંદર્ભમાં પ્રાણની વાત કરો છો તો પ્રાણ ગયો, ભજન-હરિનામ કેવી રીતે થશે? તો પ્રાણગાંઠનો મતલબ શું છે ? આપણે તો એવું જ સાંભળીએ છીએ કે ધર્મકાર્યનું આ પુણ્ય છે, આ પુણ્ય છે. જો જમુના પણ પુણ્ય હરિ લેતી હોય તો પુણ્ય કરવાની શું જરૂર?'

मनश्चादी प्राण आदिश्च इच्छाआदिश्च
सत्व आदिश्च पुण्यआदिश्च इत्येषा पंचवर्गणां।

પાંચ કેન્સરની ગાંઠો છે અથવા તો રોગ છે. ગોસ્વામીજીએ 'ઉત્તરકાંડ'માં ગરુડની જિજ્ઞાસા પર મનોરોગનું વિશ્લેષણ કર્યું છે. અહીં થોડું જુદા રૂપમાં પરંતુ એનો સાર તો એ જ છે કે આપણા જીવનના પાંચ રોગ છે, આપણી પાંચ ગ્રંથિઓ છે. એનું નિકંદન કરનારી આ યમુનાજી છે. એનો પ્રવાહ એ ગ્રંથિઓથી આપણને મુક્ત કરી દે છે. પહેલી ગાંઠનું નામ છે મન. તો મન સ્વયં રોગ છે. મન ન હોય તો ઘણીબધી બીમારીઓનો ઉદ્ભવ જ ન થઈ શકે. મન એક ગાંઠ છે. અને સંતોએ મન પર કામ કર્યું છે. તુલસીદાસજીએ 'રામચરિતમાનસ'માં પણ એ જ કહ્યું, 'मोरे मन प्रबोध जेहिं होई । મારા મનનો રોગ જાય. 'राम भजि सुनु सठ मना । હે મન ! તું રોગ બનીને મારા જીવનમાં બેઠો છે. એ વાત પણ સાચી કે મન ન હોય તો કોઈ કામ નહીં થાય; સુખ-દુઃખનો અનુભવ નહીં થાય,પરંતુ ઉપનિષદ ઘણી ઊંચાઈની વાત કરે છે એટલા માટે આપણે પણ એટલી ઊંચાઈ પર જઈને સમજવું પડશે, કેમ કે બહુ જ હાઈટની વાત છે. આપણે જ્યાં જીવી રહ્યાં છીએ ત્યાં તો મન જરૂરી છે. સુખ-દુઃખ હોય; મન લગાવીને કામ કરવું, મન લગાવીને સૌની સેવા કરવી. બધી જગ્યાએ મન જરૂરી છે, પરંતુ ધીરેધીરે ઉપર ગયા બાદ માણસને ખબર પડી જાય છે, સાધકને સમજાઈ જાય છે કે મન પણ એક ગાંઠ છે, એક રોગ છે.

તો એક ગાંઠ છે આ મન. બીજી ગાંઠ,'प्राण आदिश्च।' પ્રાણ ગાંઠ છે. હવે પ્રાણ પર તો જીવન છે. પ્રાણન ગાંઠનો મતલબ પ્રાણ નીકળી જવો એમ નહીં, પરંતુ જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી જિજીવિષા છે કે હજી વધારે જીવવું છે, હજી વધારે જીવવું છે, હજી વધારે જીવવું છે. એ જિજીવિષાની ગાંઠ છે. તો પ્રાણ ગાંઠ નથી, જિજીવિષા ગાંઠ છે. માણસની જિજીવિષા હોય છે કે હજી જીવવું છે, એ નીકળી જવું જોઈએ.

રામકથારૂપી યમુનાના પાનથી અયોધ્યાવાસીઓની જિજીવિષા ગઈ, એમની પ્રાણની ગાંઠ ગઈ. તો પ્રાણ ગાંઠ છે એનો મતલબ જિજીવિષા ગાંઠ છે. પ્રાણબળ તો માણસમાં હોવું જોઈએ, અવશ્ય. પ્રાણબલ છે તો આપણે બોલી શકીએ છીએ. પ્રાણબલ છે તો તમે સાંભળી શકો છો. પ્રાણબલ તો સાધના માટે, જીવન માટે બહુ જ આવશ્યક છે. બહુ જીવવું છે એમ નહીં જેટલું જીવવું છે એમાં બહુ જ મોજ કરવી છે, હરિ ભજવા છે, પ્રેમથી જીવવું છે. રોતાં રોતાં શા માટે જીવવું? તો જિજીવિષા રોગ છે, પ્રાણ રોગ નથી. એટલા માટે શાસ્ત્ર ગુરુમુખે સમજવું પડે છે.

આપણે માત્ર ભાષાંતર વાંચી લઈશું તો તો આપણી શંકા વધુ દ્રઢ થશે કે પ્રાણની ગાંઠ યમુનાજી લઈ લેશે ! અને તો પછી યમુનોત્રીમાં કોઈ આવશે જ નહીં! અહીં વારંવાર આવો. આવવું જરૂરી છે. કેમ કે યમુના જિજીવિષા ખેંચી લેશે.

ત્રીજી ગાંઠ છે ઈચ્છા. ઉપનિષદકારોએ ઈચ્છાને ત્રીજી ગાંઠ કહી છે. અને યમુના ઈચ્છા છીનવી નથી લેતી, બધી ઈચ્છા પૂરી કરી દે છે કે પછી ઈચ્છા બચે જ નહીં. કાલિ સમક્ષ જઈને 'મા, મા' કહીને ચોધાર આંસુએ રડતાં રડતાં ઠાકુર રામકૃષ્ણદેવ કહે છે કે મા, મારી એક જ કામના છે અને તે એ કે મારી કામના ન રહે. અને ફરી જગદ્ગુરુ શંકરને યાદ કરું-

**न मोक्षस्याकांक्षा भवविभववाञ्छपि च न मे
न विज्ञानापेक्षा शशिमुखि सुखेच्छापि न पुनः ।**

જ્યારે આદિ ગુરુ શંકર દેવ્યપરાધક્ષમા-પનસ્તોત્ર' ગાય છે ત્યારે કહે છે, મારે મુક્તિ નથી જોઈતી; મને કોઈ ઈચ્છા નથી. અને ત્રણ પ્રકારની ઈચ્છાને આપણે ત્યાં તૃષ્ણા કહી છે. તુલસીદાસજી એની ચર્ચા કરતાં 'માનસ'માં લખે છે-

सुत बित लोक इर्षना तीनी ।
केहि कै मति इन्ह कृत न मलीनी ।।

પુત્રેષણા, વિત્તેષણા અને લોકેષણા એ ત્રણ પ્રકારની ઈચ્છાઓને રોગ ગણાવવામાં આવી છે. એનો મતલબ કોઈ પુત્રની કામના કરે તો એ કંઈ ખરાબ નથી. દશરથે પણ એવી કામના કરી હતી. દેવતાઓ પાસે પુત્રની ઈચ્છા જરૂર કરી શકાય પરંતુ એ ઈચ્છા પૂરી ન થાય તો ફરિયાદ પણ ન થવી જોઈએ. એવું થાય તો સમજવું કે ભગવતીની કૃપાથી એષણા દૂર થઈ ગઈ છે. બાકી સંસારી ઈચ્છશે કે અમને પુત્રપ્રાપ્ત થાય. વિત્ત, પૈસા પણ આપણા માટે જરૂરી છે. મોટામોટા ત્યાગની વાતો ખોખલી સિદ્ધ થાય છે. જરૂરી છે પૈસા. આવાં સત્કર્મ કરવાં હોય તો પૈસા જરૂરી છે.

ઉપનિષદનું ચોથું સૂત્ર છે, સત્વ વગેરેથી મુક્તિ. આ વાત જરા કઠીન લાગશે ! સત્વ છૂટી જાય ! અને આપણે તો એવું ઈચ્છીએ છીએ એ તમોગુણ છૂટી જાય; થોડો રજોગુણ છૂટી જાય. સત્વગુણ તો જળવાઈ રહે. તો બાપ ! મન એક મોટી ગ્રંથિ છે. મનને કારણે આપણે ઈર્ષ્યા કરીએ છીએ. આ મનને કારણે આપણે દ્વેષ કરીએ છીએ. આ મનને કારણે નિંદા કરીએ છીએ. આ મનને કારણે આપણે કોઈનું સારું જોઈ નથી શકતા. આ મનને કારણે આપણે કોઈની સરાહના સહન નથી કરી શકતા. હવે વધુ શું કહું ? આપણે બધાં આમાંથી પસાર થઈએ છીએ. મન એક મોટી ગાંઠ છે.

કેન્સરની ગાંઠ સારી છે કે કમ સે કમ એને કાઢી શકાય છે.આ મન આપણને બહુ કર્મો કરાવે છે. એટલા માટે તુલસીએ લખ્યું છે કે- कर्मकथा रबिनंदिनि बंदिनि। યમુના એ કર્મકથા છે. પહેલી ગાંઠ છે મન. બીજી ગાંઠ છે ઇચ્છાઓ. ત્રીજી ગાંઠ છે પ્રાણ. ચોથી ગાંઠ છે સત્વ. અને ઉપનિષદ કહે છે કે પાંચમી ગાંઠ છે પુણ્ય. આ બધી ગાંઠો સમાપ્ત કરવી હોય તો એ ધારાનું નામ છે-યમુના. મને લાગે છે કે આપણી સાધના માટે, આપણી ભવિષ્યની જિંદગીની પ્રસન્નતા માટે યમુનાજી આપણને વરદાન આપી શકે છે.

(સંકલન : જયદેવ માંકડ)■

# મહર્ષિ વાલ્મીકિઃ જીવન રૂપાંતરની પ્રેરણા આપનાર

## ફોકસ પ્લસ

આર. સી. શર્મા
feedback@bombaysamachar.com


*વિયોગી હોગા પહલા કવિ
આહ સે ઉપજા હોગા ગાન
નિકલકર આંખો સે ચુપચાપ
બહિ હોગી કવિતા અનજાન*

સુમિત્રાનંદન પંતની આ પક્તિઓ આદિકવિ મહર્ષિ વાલ્મીકિના પ્રેરક વ્યક્તિત્વની યાદ અપાવે છે. આદિકવિ મહર્ષિ વાલ્મીકિ જીવન રૂપાંતર માટે એક એવું ઉદાહરણ છે જે હર કોઈ પોતાની ક્ષમતા પ્રમાણે જીવનમાં આગળ વધી શકે છે. આપણે સૌ જાણીએ છીએ કે પહેલા તેમનું નામ રત્નાકર હતું અને તેઓ એક ભયાનક ડાકુ હતા. પરંતુ એક દિવસ દિવ્ય પ્રેરણા અનુસાર તેમણે ઈશ્વરની તપસ્યા કરવાનો કઠિન માર્ગ અપનાવ્યો અને પોતાના જીવાનને સંપૂર્ણ રીતે બદલી નાખ્યું. તેમનો આ બદલાવ આખી દુનિયા માટે પ્રેરણા દાયક હતો. મનુષ્ય પોતાનાં કર્મો અને દ્રઢ માન્યતાને આધારે પોતાનામાં એક ચોક્કસ બદલાવ લાવી જ શકે છે.

રામાયણના રચયિતા અને સંસ્કૃત સાહિત્યના આદિકવિ વાલ્મીકિ એ મહારથી છે જેમણે, હિંદુ ધર્મ અને સંસ્કૃતિને કર્તવ્ય, નૈતિકતા, અનુશાસન અને આદર્શની શિક્ષા આપી છે. તેમના જન્મદિવસ અથવા તો પ્રકટ્યા દિવસનો મહિમા ધાર્મિકતા સાથે સામાજિક મહત્ત્વ પણ ધરાવે છે. મહર્ષિ વાલ્મીકિની એક જ વાત યાદ આવે કે, કોઈ વ્યક્તિ જો દ્રઢ નિશ્ચય કરી લે તો તેનું આખું જીવન બદલી શકે છે. તેમની જાતિ કે પૃષ્ઠભૂમિ કોઇપણ હોય. મહર્ષિ વાલ્મિકીના જીવનની આ પ્રેરણાનું મહત્ત્વ સૌથી વધારે છે.

આજ કારણોથી દર વર્ષે મહર્ષિ વાલ્મીકિ જયંતી દેશના ઘણાખરા ભાગમાં ખૂબ જ ધામધૂમથી મનાવે છે. પંચાંગ અનુસાર આશ્વિન પૂર્ણિમાના દિવસે મહર્ષિ વાલ્મીકિ જયંતીને અનુરૂપ પૂજા, પાઠ તેમજ વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવે છે. મહર્ષિ વાલ્મીકિ જયંતી સમાજમાં ભાઈચારો, સહઅસ્તિત્વ અને સામાજિક ન્યાયની ભાવનાને પ્રોત્સાહિત કરે છે.

આ અવસર પર વાલ્મીકિ મંદિરોમાં રામાયણનો પાઠ, સ્તુતિ ગીત, ભજન, ધ્યાન અને પૂજા અનુષ્ઠાનના માધ્યમ દ્વારા મહર્ષિ વાલ્મીકિને યાદ કરવામાં આવે છે. હિંદુ પૌરાણિક કથાઓને આધારિત જયારે ભગવાન રામે સીતાજીને વનવાસ મોકલી આપ્યા હતા ત્યારે સીતાજી મહર્ષિ વાલ્મીકિના આશ્રમમાં રહી હતી અને લવ અને કુશને શિક્ષિત વાલ્મીકિએ જ કર્યા. તેથી આ જ કારણે આજે પણ વાલ્મીકિ આશ્રમોનું સામાજિક મહત્ત્વ વધારે છે.



મહર્ષિ વાલ્મીકિ પાસેથી એ શીખવાનું કે, કોઈ પણ વ્યક્તિ જો દ્રઢ નિશ્ચય અને અથાગ પ્રયત્ન કરી સકારાત્મક બદલાવ કરવા માગે તો તે કરી શકે છે. ભારતમાં વાલ્મીકિ સમુદાય ખાસ કરીને પંજાબ, હરિયાણા, કર્ણાટક, અને ઉત્તર પ્રદેશમાં હોય છે. તેથી જ આ શહેરોમાં વાલ્મીકિ જયંતીને અનુરૂપ ઘણા કાર્યક્રમો થાય છે.

વાલ્મીકિ સમુદાયની ધાર્મિક, આધ્યાત્મિક ઓળખને વ્યક્ત કરવા માટે વાલ્મીકિ જયંતી સૌથી શ્રેષ્ઠ દિવસ છે. આનાથી સામાજિક સમરસતા વધે છે અને વિવિધ પ્રકારના સંસ્કૃતિક કાર્યક્રમોથી સાર્વજનિક જીવન પ્રેરિત થાય છે. આ દિવસે મંદિરોમાં વિશેષ પૂજા કરવામાં આવે છે અને મંદિરોને ફૂલો, દીવા અને રંગોળીથી સુશોભિત કરવામાં આવે છે. મહર્ષિ વાલ્મીકિની આરતી પૂરી થાય છે અને તેમની સ્તુતિના ગીત ગવાય છે. આ દિવસે રામાયણનો પાઠ અને ભજન તેમ જ કીર્તન પણ થાય છે.

દેશના ઘણા ભાગમાં મહર્ષિની શોભા યાત્રા નીકળે છે. આ શોભા યાત્રામાં મહર્ષિ વાલ્મીકિની મૂર્તિ, તેમના જીવનને સંબંધિત પ્રસંગો અને કવી પત્રક આપવામાં આવે છે. દિલ્હીમાં લાલકિલ્લાથી જ્યાં વાલ્મીકિ મંદિર સ્થિત છે ત્યાં એક ભવ્ય શોભા યાત્રા આયોજિત કરવામાં આવે છે.

આ દરમિયાન જરૂરિયાત વર્ગને કપડા અને ભોજનનું દાન કરવામાં આવે છે. આ પ્રસંગ પર ખાસ કરીને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવે છે જેમકે, કવિ સમ્મેલન, નાટક, સંગીત, નૃત્ય કાર્યક્રમ, બાળકો દ્વારા રામાયણ વગેરેનું આયોજન કરવામાં આવે છે. તેમ જ શાળા, આશ્રમો અને વિવિધ સામાજિક સંગઠનોની ઓફિસમાં આ દિવસે વાલ્મીકિ શિક્ષા આપવા વાળા ઘણા કાર્યક્રમો યોજાય છે. આ દિવસે મહર્ષિ વાલ્મીકિના જીવન, તેમ જ તેમની પ્રસિદ્ધ રચના રમાયણ પર ધાર્મિક આખ્યાન પણ આયોજિત કરવામાં આવે છે. આ દિવસે મહર્ષિ વાલ્મીકિના અનુયાયી જપ, તપ, અને સાધનના માધ્યમ દ્વારા તેમનું સ્મરણ કરે છે અને તેમના જન્મદિન પર વ્રત રાખી સંકલ્પ કરે છે કે, તેમના બતાવેલ માર્ગ પર ચાલવાનું નક્કી કરે છે.

દેશના ઘણા ભાગમાં વાલ્મીકિ જયંતીના દિવસે મેળા ભરાય છે અને રંગારંગ કાર્યક્રમ થાય છે. અમૃતસરના રામ તીર્થસ્થળ પર અલગ રીતે જ મહર્ષિ વાલ્મિકીની જયંતી મનાવવામાં આવે છે.

મનાવવામાં આવે છે કે, તેમના આ આશ્રમ રામ તીર્થમાં માત્ર તપસ્વી જીવનમાં જ રહેતા હતા પરંતુ તેઓએ આ જ આશ્રમમાં સીતાજીને આશ્રય આપ્યો હતો. આજે તેમની આંઠ ફૂટ ઉંચી સોનાની મૂર્તિ છે અને દર વર્ષે અશ્વિન પૂર્ણિમાની તિથી પર જયારે મહર્ષિ વાલ્મીકિ જયંતી પૂરી થાય છે, દેશ વિદેશથી હજારો લોકો અહીં તેમના દર્શન માટે આવે છે.

આવી જ રીતે ચેન્નાઈમાં વાલ્મીકિ મંદિર છે, માનવામાં આવે છે કે, આ મંદિર ૧૩૦૦ વર્ષ જૂનું છે. માનવામાં આવે છે કે, રામાયણની રચના બાદ મહર્ષિ વાલ્મીકિએ આજ મંદિરમાં વિશેષ પૂજા પાઠ કરીને આરામ કર્યો હતો. તેથી જ વાલ્મીકિ જયંતીના દિવસે અહીં લોકો આવે છે. આવી જ રીતે આખા દેશમાં મહર્ષિ વાલ્મીકિ જયંતી તેમના આદર્શોના અનુકરણ કરી મનાવવામાં આવે છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# અમદાવાદમાં યોજાયેલા બે ગરિમાપૂર્ણ જ્ઞાનોત્સવ





તા. ૧૪/૯/૨૦૨૫ના દિવસે અમદાવાદ ખાતે હઠીસિંહના દહેરાં, જૈન ઉપાશ્રય ખાતે જૈનાચાર્યશ્રી વિજયશીલચન્દ્ર-સૂરિજી. મ.સા.ની નિશ્રામાં જ્ઞાનોત્સવ અને ગ્રંથોત્સવ જેવો એક સંપૂર્ણ સાત્ત્વિક છતાં અત્યંત ગરિમાપૂર્ણ સાહિત્યિક સમારોહ સંપન્ન થયો, જેનું મીઠું અને મર્મ ભર્યું સંચાલન સૌના પ્રિય એવા તેજસ્વી યુવાન રમજાને કરેલું દીપપ્રાગટ્ય પછી બત્રીશ બત્રીશ વર્ષોથી પ્રકાશિત થતા સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ તથા મધ્યકાલીન ગુજરાતી ભાષાના શોધસામયિક 'અનુસંધાન'ના આર્ટપેપર પર સચિત્ર પ્રકાશિત કરેલા એક્સોમા અંકના બે ખંડ તથા અન્ય સાત સાત ગ્રંથોનું વિમોચન ભાણસાહેબ સમાધિસ્થાન કમીજલાના મહંતશ્રી પૂ. જાનકીદાસજીબાપુ, કબીરસાહેબ ધારાના પૂ. નિર્મળદાસજી સાહેબ અને કવિશ્રી દલપતરામ પઢિયારસાહેબના હસ્તે થયું. આ ગ્રંથોનું સુરૂચિપૂર્ણ કલાત્મક પ્રકાશન કરનારા સ્નેહીજનોનું પણ સન્માન ટ્રસ્ટીઓ દ્વારા થયું. બે-પાંચ શબ્દોમાં મેં મારો ભાવ વ્યક્ત કર્યો અને પછી રાજેશ પંડ્યા, હેમંત દવે અને હસિત મહેતાએ 'અનુસંધાન'ની સાહિત્ય-શોધયાત્રા વર્ણવી. દલપતરામસાહેબ અને પૂ. જાનકીદાસજીબાપુએ પણ 'અનુસંધાન' શબ્દનો વ્યાપ અને વૈભવ વર્ણવ્યો.

વિજયશીલચન્દ્રસૂરિજી મહારાજસાહેબ દ્વારા વિ.સં.૨૦૫૪/ઈ.સ.૧૯૯૮થી શરૂ કરેલ મહિને એકવાર લખાયેલા બોધદાયક સત્સંગ પત્ર પ્રેરણાના આજ સુધીમાં પાંચ પુસ્તકો 'ધર્મ તત્ત્વચિન્તન' ભાગ-૧થીપ ૧ રૂપે પ્રકાશિત થતા રહ્યા છે. એ બધામાંથી આ ભક્તિચિંતન વાળા પત્રો/લેખોને તારવીને 'ભક્તિતત્ત્વચિંતન' પુસ્તકનું સંકલન કરવામાં આવ્યું છે.

ઈ.સ.૨૦૧૦માં પ્રકાશિત 'ધર્મતત્ત્વચિંતન'-૧ના પ્રવેશકમાં જ મહારાજસાહેબે જણાવેલું કે : 'લખનાર જૈન સાધુ હોય અને મેળવનાર જૈન ગૃહસ્થ હોય એટલે સ્વાભાવિક રીતે જ જૈન ધર્મ સંબંધી વાતો અને પરિભાષા આ પત્રોમાં જોવા મળે, આમ છતાં જૈન ન હોય એવા વિચારશીલ લોકોને પણ સમજ પડે અને ચિન્તનપ્રેરક બને તેવી વાતો મોટાભાગના પત્રોમાં વણી લેવામાં આવી છે...' આ સંપાદનની સાથોસાથ આપણને પૂ. મહારાજસાહેબ દ્વારા તા. ૨૫/૩/૨૦૨૦થી ૧૧/૧૦/૨૦૨૦ સુધીના જૈનતીર્થ શેરીસા મુકામે ચાતુર્માસ અને કોરોનાકાળના પત્રચિંતન રૂપે લખાયેલા અને ઈ.સ.૨૦૨૧માં 'પ્રાર્થનાભીના પત્રો' નામે પ્રકાશિત થયેલા ૩૧૨ પૃષ્ઠોમાં સમાવિષ્ટ ૪૦ જેટલા પત્રોના પુસ્તકનું સ્મરણ થાય.

ગુજરાતી સાહિત્યમાં 'પત્ર સાહિત્ય' વિશે અભ્યાસ કરનારા કોઈપણ સંશોધક અભ્યાસીએ મહારાજસાહેબના આ તમામ પત્રસંગ્રહો ઉપરાંત નિરંજન રાજ્યગુરુ સાથેના પત્રવ્યવહાર 'સંદેશા સત શબદ સ્નેહના' (પ્રકા. જ્ઞાનની બારી,અમદાવાદ ૨૦૨૨)ને ધ્યાનમાં લેવા જ પડે એવી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે.

એ પછી તુરંતના ગાળામાં જ તા. ૨૭-૦૯-૨૦૨૫ના રોજ ફરી હઠીભાઈની વાડીમાં શીલચન્દ્રસૂરિજી મ.સા. પ્રેરિત 'મધ્યકાલીન સાહિત્યનો પરિસંવાદ'માં અભય દોશી, દર્શનાબહેન ધોળકિયા, સેજલ શાહ, ઋષિકેશ રાવલ, રમજાન હસણિયા જેવા અભ્યાસી વક્તાઓએ વિશદ અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપેલાં.

રાત્રિ કાર્યક્રમમાં આ પરિસંવાદમાં આવેલા જુદી જુદી યુનિવર્સિટીઓના અનુસ્નાતક અભ્યાસ કરતા તથા પીએચ.ડી. પદવી અર્થે સંશોધન કરતા વિદ્યાર્થીઓ સાથે આચાર્યશ્રી તથા નિરંજન રાજ્યગુરુએ સંશોધન કાર્ય કેમ કરવું તેના માર્ગદર્શન સાથે ગોષ્ઠિ કરી હતી પછી બાઉલગાનના અભ્યાસી સતીષચન્દ્ર વ્યાસે મહાકવિ કાલીદાસની 'ઋતુસંહાર' રચના વિશે મૌલિક વૈજ્ઞાનિક સંશોધન અંગે પ્રેઝન્ટેશન અને નિરંજન દ્વારા શરદઋતુ સાથે સંકળાયેલ ચારણી-ડિંગળી છંદોના ગાન અને શક્તિ ઉપાસનાના ગરબાનું ગાન કરેલું.

બીજા દિવસે તા. ૨૮-૯ના રોજ શ્રી હેમચન્દ્રાચાર્ય ચન્દ્રકથી ભારતીય સંસ્કૃતિના વિદ્વાન શ્રી ડો.પ્રવીણચન્દ્ર પરીખને નવાજવામાં આવ્યા હતા અને આ. વિજયનંદીઘોષસૂરિએ તૈયાર કરેલ પાણી પણ સજીવ છે તે વિશે માર્ગદર્શન આપી અંગ્રેજીમાં તૈયાર ડો. જીવરાજ જૈન પાસે કરાવેલા પુસ્તકનું વિમોચન કરવામાં આવેલું. આ પ્રસંગે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદી અને અનેક વિદ્વાન સાહિત્યકારો તથા જૈન શ્રેષ્ઠિઓની હાજરી હતી. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# નારી વર્ણનમાં પ્રગટતો સમાદર


નારીવર્ણનને અનુસંગે નારીના રૂપ, ગુણ અને એના પ્રભાવને આલેખતા દુહાની મોટી પરંપરા છે. પ્રાકૃત, અપ્રભંશના અનેક દુહાઓ હેમચંદ્રાચાર્યે કૃત કરીને તે સમકાલીન પરંપરાનો પરિચય કરાવ્યો. અનુગામીઓએ આ પરંપરાને પચાવીને પછી પોતાની કળાશક્તિનો વિનિયોગ કરીને રચેલા દુહાઓ આપણી બહુ મોટી મુડી છે. એમાંથી પ્રગટતું નારીરૂપ અને નારી ચિત્ત માનવીય ભાવવિશ્વથી પણ ભાવકને પરિચિત કરે છે. માત્ર શૃંગાર નહીં પણ નારીના પ્રભાવક વ્યક્તિત્વનો ઓળખ કરાવતી વિગતો પણ દુહાઓ ભાવક ચિત્તને આજ સુધી ભીંજવતા રહીને પરંપરામાં જીવંત રહ્યા છે. ભાવથી ભીંજવતા આવા થોડાં દુહા આસ્વાદીએ.

**પગ જોઈ પાની જોઈ, નીરખી જોયાં નેણ;**
**ગુણવંતી ગોરી તણાં, વહાલાં લાગે વેણ.**

નારીનાં નીરખવાં-અવલોકવાં જેવાં અવયવોને અનુસંગે અહીં દુહાગીર કહે છે કે પગ જોયા. જોવાની તો માત્ર પીંડી નથી એમના પગ ગોઠણથી-પાની સુધીના ભાગનું દર્શન અહીં અભિપ્રેત છે.

નારીની આંખો નેણ-પાંપણના પલકારાની એક જીવંત છબી નયન દ્વારા પમાય છે. પણ આવી ગોરી ગુણવંતી છે. આવી સુંદરતા અને ગુણગાન નારીનાં વેણ-વાતું બહુ વહાલી-મીઠી લાગે. અહીં નારી પણ વહાલ નીખનાવનાર પરિબળ માત્ર સુંદરતા નથી પરંતુ ગુણવાનપણું એમના પરત્વે વહાલ નીપજાવે છે.

બીજા એક દુહામાં પણ આવા ભાવને ધારદાર રીતે



અભિવ્યક્તિ અર્પેલ છે તે અવલોકીએ.

**પીતળ સરખી પિંડિયું, હીંગળા સરીખા હાથ ;**
**નવરો દીનો નાથ, (તે દી)પંડ બનાવી પૂતળી.**

નારીનાં બે અવયવ-અંગને અહીં ઉપમા અર્પીને વર્ણવેલ છે. પીતળ જેવી નકોર અને એવા વર્ણવાળી પીંડીઓ. અને હાથ પણ રતુમડા હીંગળા જેવા કાંડાથી બાવડા સુધીનો ભાગ એની રતાશને કારણે એના નીરોગી પણાની તંદુરસ્તીની ગવાહી પુરી પાડે છે. જયારે સર્જનહાર દયાનાથ બ્રહ્મા સાવ નવરા-નિરાંતવાળા હશે ત્યારે આ પુતળી જેવી દેહદ્દષ્ટિનું નિર્માણ એણે કર્યું હશે.

બીજો એક દુહો પણ નારીના દેહલાલિત્ય સંદર્ભે પરંપરામાં અવલોકવા મળે છે, તેને આસ્વાદીએ.

**મચકે પગલાં માંડતી, લચકે પીઠનો લંક;**
**સહજ હાસ કરે સુંદરી, દાડમ કળી દમંક**

ઝીણી મચકથી- ધીરેથી પગલા માંડતી-તરતી અને એની કટ્ય-પીઠને લચકો-બાંધો નાજુક વળાંક ચાલતી વખતે આપતી સન્નારી સહજ રીતે હાસ્ય રેલાવતી મલકાતી હોય ત્યારે એના દાડમની કળી-દાણાં જેવા દાંત ધવલ તેજ પાથરતા હોય છે.

નારીનું તેજ, તપ અને તરવરાટ ભર્યા લયાન્વિત દેહ દુહામાં વર્ણવીને નારીની મહત્તાને કવિએ અભિવ્યક્ત કરી છે તે આસ્વાદ્ય બની રહે છે. આવો એક વિશેષ દુહો પણ અવલોકીએ.

**ઢાળ્યાં નીચાં લોચન, ગાલે પડિયા શેરડા ;**
**ચૂંદડી ભીડી તંન, લાજે ઘેરી કુંવરકા.**

જયારે નારી નીચા નયન ઢાળીને નિમ્મિલિત નયને દ્દષ્ટિપાત કરે છે - નજર નાખે છે ત્યારે એના ગાલે શેરડા પડતા હોય છે. પોતાની ચુંદડીને અંગસાથે ભીડીને - શરીર સાથે લપેટીને કુંવરી લજ્જાશીલ બનીને આપણને એનામાં ઘેરી લેતી હોય છે. એની લજ્જા, સંકોચભાવ પણ દર્શનીય બની રહે છે. એનું રૂપ આવા સમયે આવી ક્ષણે જ વિશેષ ખીલી ઉઠે છે.

નારી વર્ણનમાંથી નારી પરત્વેનો પ્રગટનો સમાદર અહીં દ્દષ્ટિગોચર થાય છે. નારી દર્શનીય, પુજનીય અને પ્રેક્ષણીય આવા કારણે બની રહે છે. નારીની મહત્તાને પ્રગટાવતા વલણોને દુહાગીરે ભારે સંયમથી આપણામાં સંક્રાંત કર્યા છે, દુહાની આ મોટી વિશિષ્ટતા છે. ■

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# એક અનોખું મંદિર, જ્યાં પ્રસાદમાં પ્રાપ્ત થાય છે સોનું, ચાંદી ને રોકડા રૂપિયા!

**દિવાળીના** સપરમા દિવસો આવી પહોંચ્યા છે. દિવાળી એટલે માં લક્ષ્મીની પૂજાનું પર્વ અને નવવર્ષ સુખ અને સમૃદ્ધિમાં જાય તેવી કામના કરવાનો તહેવાર. પણ આ સમયે સોનાનો ભાવ આસમાન ફાડીને અંતરિક્ષમાં પહોંચ્યો છે! એટલે મહાલક્ષ્મીની પૂજા તો આપણે કરીશું, પણ સોનું ખરીદવું સામાન્ય માણસ માટે સ્વપ્નવત બન્યું છે. તેવામાં જો કોઈ કહે કે, લક્ષ્મીજીની પૂજા કરો તો પ્રસાદમાં સાચું સોનું મળશે, તો?!! આ ગપગોળું નથી, પણ ખરેખર દેવી મહાલક્ષ્મીનું એવું એક મંદિર છે, જ્યાં હકીકતમાં પ્રસાદમાં સોનું અપાય છે!

મધ્ય પ્રદેશના રતલામના માણકમાં પણ એક અનોખું મંદિર આવેલું છે. અન્ય મંદિરોમાં, આપણે દર્શન કરવા જઈએ તો ભક્તોને સામાન્ય રીતે લાડુ, પેંડા, મોહનથાળ જેવી મીઠાઈઓ અથવા ફળફળાદિ કે અન્ય ખાદ્ય પદાર્થ પ્રસાદ રૂપે મળે છે, પરંતુ આપણે જે મંદિરની વાત કરી રહ્યા છીએ એ દેવી મહાલક્ષ્મીના મંદિરની સૌથી ખાસ વાત એ છે કે ભક્તોને દાગીના પ્રસાદ તરીકે મળે છે. આ મંદિરમાં આવતા ભક્તો સોના અને ચાંદી લઈને ઘરે જાય છે. મહાલક્ષ્મીનું આ મંદિર ખૂબ જ પ્રખ્યાત છે અને અહીં આવનાર ભક્ત ક્યારેય ખાલી હાથે જતો નથી, તેમની ઈચ્છાઓ હંમેશાં પૂર્ણ થાય છે.

મંદિરમાં ઘરેણાં અને પૈસા ચઢાવવાની પરંપરા દાયકાઓથી ચાલી આવી રહી છે.



ભક્તોમાં એવી શ્રદ્ધા છે કે દેવી મહાલક્ષ્મીના ચરણોમાં પોતાના ધનનો એક હિસ્સો અર્પણ કરવાની અહીં માનતા માનવામાં આવે તો તે અવશ્ય પૂરી થાય છે. ત્યારથી અહીં દેવીના ચરણોમાં ધનનો ઢગલો થવાનું શરૂ થયું છે. કહેવાય છે કે જૂના સમયમાં આ પ્રદેશના રાજાઓ તેમના રાજ્યની સુખ-સમૃદ્ધિ અને ધન-ધાન્યની વૃદ્ધિ માટે મંદિરમાં સોનું, ચાંદી અને ધન અર્પણ કરતા હતા. આ પરંપરા આજે પણ જીવિત છે. હવે ભક્તો પણ માતા દેવીના ચરણોમાં ઘરેણાં અને પૈસા ચઢાવી રહ્યા છે અને પોતાના તથા પરિવારની સુખ -સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. દેવી મહાલક્ષ્મીના આ મંદિરમાં આખું વર્ષ ભક્તોની ભીડ રહે છે. ભક્તો અહીં આવે છે અને કરોડો રૂપિયાના દાગીના અને રોકડ રકમ દેવીના ચરણોમાં અર્પણ કરે છે.

અહીં એટલું બધું સોનું અને પૈસા ચઢાવવામાં આવે છે કે સુરક્ષા માટે પોલીસ અને કૅમેરા ચોવીસ કલાક તૈનાત રહે છે. મંદિર સમિતિ પ્રસાદ તરીકે મળેલા દાગીના અને પૈસાનો સંપૂર્ણ રેકોર્ડ પણ રાખે છે. એવું પણ કહેવાય છે કે આ મંદિરનો મહિમા એટલો છે કે, ભક્તો અહીંયા દેશ-વિદેશની વિવિધ ચલણી નોટો પણ ચઢાવામાં અર્પણ કરે છે.

કેમકે આ મંદિર દેવીના એક સ્વરૂપનું છે એટલે નવરાત્રિઓ તો ખાસ ઉત્સવ બને જ છે. પણ દેવી મહાલક્ષ્મીનું મંદિર હોવાથી અને દિવાળી એ લક્ષ્મીપૂજનનો વિશેષ અવસર હોવાથી અહીંયા દિવાળીની રોનક કંઈક અલગ જ હોય છે. દિવાળીના અવસરે મંદિરમાં ધનતેરસથી શરૂ કરીને પાંચ દિવસના પ્રકાશ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. દિવાળીના દિવસે આ મંદિરના દરવાજા ૨૪ કલાક ખુલ્લા રહે છે. સામાન્ય રીતે કોઈ ઉત્સવ કે વિશેષ પર્વ નિમિત્તે મંદિરોને ફૂલો, દીપકો અને લાઈટોથી શણગારવામાં આવે છે. પરંતુ આ મંદિરની ખાસિયત એ છે કે દિવાળી સમયે મંદિરના ગર્ભગૃહને ફૂલોથી નહીં પરંતુ ભક્તો દ્વારા દાનમાં આપેલા ઘરેણાં અને રૂપિયાની નોટોથી શણગારવામાં આવે છે. અહીં સજાવટમાં વપરાતા સોના-ચાંદી અને રોકડની કિંમત લગભગ ૨૦૦ થી ૩૦૦ કરોડ જેટલી થતી હોવાનો અંદાજ છે.

દીપોત્સવ દરમિયાન, ખાસ કરીને ધનતેરસને દિવસે મંદિરમાં કુબેરનો દરબાર ભરાય છે. તે નિમિત્તે 'કુબેરની પોટલી' ભક્તોને પ્રસાદ રૂપે આપવામાં આવે છે. શું હોય છે આ પોટલીમાં? કહે છે કે સાચી શ્રદ્ધા અને ભક્તિથી દેવી મહાલક્ષ્મીના દર્શને આવનાર અને મનમાં લોભ અને લાલચ ન રાખનાર ભક્તને ખરેખર મોંઘા ઘરેણાં પ્રસાદ રૂપે આ પોટલીમાં પ્રાપ્ત થાય છે. જી હા, ભક્તો દ્વારા દેવીના ચરણોમાં અર્પણ થયેલા સોના-ચાંદી અને રૂપિયા જ કુબેરની પોટલી રૂપે ભક્તોમાં પ્રસાદ તરીકે વિતરણ કરવામાં આવે છે.

ભારતમાં નાણાંની દ્રષ્ટિએ ધનવાન ગણાય તેવા અનેક પ્રસિદ્ધ મંદિરો છે, પણ એ મંદિરોમાં પણ ભક્તોને સોનું-ચાંદી પ્રસાદમાં આપવામાં આવે તેવું સાંભળવા નથી મળ્યું. તે રીતે આ મંદિર ખરેખર વિશિષ્ટ છે.

લોકો પ્રસાદ તરીકે મળેલા સોનાના દાગીના અને રોકડ રકમ સાચવીને રાખે છે, એવું કહેવાય છે કે તેનાથી ઘરમાં સમૃદ્ધિ આવે છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# મૃદુ વાણી શરીરનું તપ છે...

ગત અંકમાં ગુરુ અને વડીલોના પૂજનને તપતુલ્ય ગણાવીને હવે ભગવાન કૃષ્ણ મૃદુ વાણીને પણ શારીરિક તપની ઉપમા આપી રહ્યા છે, તે સમજીએ.

કહેવાયું છે કે પાણી, વાણી અને કમાણી સાચવીને વાપરજો, કારણ કે ભવિષ્યમાં જો આ ત્રણેય નહીં હોય તો, ભવિષ્ય જ નહીં હોય.

આજે શાળાઓમાં સામાન્ય વિદ્યાર્થીનું વર્ગમાં ગ્રાહ્યપણું અને શિક્ષકની વાણીની અભિવ્યક્તિમાં ગાઢ સંબંધ છે. જ્યારે શિક્ષક વિદ્યાર્થીઓ સાથે નરમાશથી વાત કરે છે, ત્યારે વિદ્યાર્થીઓ વધુ ઘનિષ્ઠ રીતે શીખે છે. જો તે જ શિક્ષક કઠોર ભાષાનો ઉપયોગ કરે છે, તો વિદ્યાર્થીઓ ભયભીત થઈ જાય છે અને શીખવામાં રસ ગુમાવે છે. અહીં મૃદુ વાણીની અસર સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

'મૃદુ (માર્જવં) વાણી એ શરીરનું તપ છે.' એ માત્ર એક ગીતા વચન નથી, પરંતુ એક જીવન મંત્ર છે. તે આપણને શીખવે છે કે આપણે આપણી વાણી દ્વારા શાંતિ ફેલાવી શકીએ છીએ, પ્રેમ વહેંચી શકીએ છીએ અને સમાજમાં સંવાદિતા બનાવી શકીએ છીએ. તેથી, દરેક વ્યક્તિએ તેને પોતાના જીવનનો એક ભાગ બનાવવો જોઈએ. તે સાચા અર્થમાં આત્મસંયમ અને તપસ્યાનું પ્રતીક છે. જ્યારે આપણે ગુસ્સામાં હોય, ત્યારે મૃદુ વાણી એ ગુસ્સાને શાંત કરવા અને પરિસ્થિતિને નિયંત્રિત



કરવા માટે એક શક્તિશાળી સાધન બની શકે છે.

વ્યક્તિની વાણી તેના પાત્ર અને માનસિક સ્થિતિનું પ્રતિબિંબ છે. માણસના વર્તન, વિચાર અને વ્યક્તિત્વનું સૌથી પ્રભાવશાળી માધ્યમ છે, જ્યારે કોઈ વ્યક્તિ મૃદુ વાણીનો ઉપયોગ કરે છે, ત્યારે તે માત્ર અન્ય લોકોને જ આકર્ષિત કરતાં નથી, પરંતુ પોતાની અંદરની અશાંતિ, ગુસ્સો અને તણાવને પણ શાંત કરે છે. આ એક પ્રકારનું ધ્યાન છે, જે દરેક વ્યક્તિ કરી શકતી નથી. જ્યારે આપણે શાંત રહીએ છીએ અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ નરમ શબ્દોનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે તે ખરેખર એક તપસ્વી પ્રકારનું વર્તન છે. એટલા માટે જ એવું કહેવામાં આવ્યું છે કે મૃદુ વાણી એ શરીરની તપસ્યા છે.

વ્યક્તિનો અવાજ તેની ઓળખ છે. તે માત્ર તેના વિચારોનો અરીસો જ નથી, પરંતુ તેના સંસ્કાર અને આત્માની ઝલક પણ આપે છે. સૌમ્ય, નમ્ર અને પ્રેમાળ વાણીનું મહત્ત્વ દરેક ધર્મ અને દર્શનમાં જણાવવામાં આવ્યું છે. ખાસ કરીને, ભગવદ્ ગીતામાં, શ્રીકૃષ્ણએ અર્જુનને માત્ર શસ્ત્રોનું જ્ઞાન જ નહીં, પણ વાણી, આચરણ અને સ્વભાવની મર્યાદાઓ પણ શીખવી હતી.

ભગવદ્ ગીતા, અધ્યાય ૧૭, શ્લોક ૧૫માં શ્રીકૃષ્ણ કહે છે:

'એવી વાણી જેનાથી કોઈ ચિડાઈ ન જાય, જે સાચી, પ્રેમાળ અને લાભદાયી હોય અને જેની સાથે સ્વાધ્યાય (ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ) હોય, તેને 'વાણીનો તપ' (વંગમય તપ) કહેવામાં આવે છે.' આ શ્લોકમાં 'મૃદુ વાણી'ની વ્યાખ્યા સ્પષ્ટ રીતે આપવામાં આવી છે. માત્ર સત્ય બોલવું પૂરતું નથી, તે પ્રેમાળ અને પરોપકારી પણ હોવું જોઈએ. જો સત્ય બોલવાથી બીજાને દુઃખ થાય છે, તો તે વાણીને તપસ્વી માનવામાં આવતી નથી.

જ્યારે આપણે કડવી વસ્તુઓ ટાળીએ છીએ અને મૃદુ શબ્દો પસંદ કરીએ છીએ, ત્યારે આપણી અંદર પણ સકારાત્મક ઊર્જા ઉત્પન્ન થાય છે. તે આત્મ-સંતોષ અને શાંતિનો સ્રોત બની જાય છે. ઘણી વખત ઝઘડા અને વિવાદો માત્ર કડવી ભાષાને કારણે થાય છે. જો તે સમયે સંયમ અને મૃદુ વાણીનો ઉપયોગ કરવામાં આવે તો કોઈ વિવાદ થતો નથી. મધુરભાષી વ્યક્તિ સમાજમાં આદર અને સ્નેહ મેળવે છે. લોકોને તેની કંપની ગમે છે અને તે સ્વાભાવિક રીતે નેતૃત્વની સ્થિતિમાં આવી જાય છે.


મહાત્મા ગાંધીજીની મૃદુ વાણી અને અહિંસાવાદી દૃષ્ટિએ તેમને વિશ્વભરમાં માન્યતા અને આદર અપાવ્યો. તેમના મૃદુ શબ્દોએ અનેક વિવાદોને શાંત કર્યા અને લોકોમાં એકતા અને શાંતિનો સંદેશ ફેલાવ્યો.

ક્યારેક લોકો એવું વિચારે છે કે કઠોરતાથી બોલવું પ્રભાવશાળી છે, પરંતુ સત્ય તેનાથી તદ્દન વિપરીત છે. કઠોર અને અપમાનજનક ભાષા માત્ર બીજાને નાખુશ જ નથી કરતી, પરંતુ વક્તાના વ્યક્તિત્વ પર પણ નકારાત્મક અસર કરે છે. આ સંબંધોને બગાડે છે, મનને ખલેલ પહોંચાડે છે અને સામાજિક પ્રતિષ્ઠા પર પણ ખરાબ અસર કરે છે.

એટલે જ મહંતસ્વામી મહારાજ કહે છે - વાણી એવી હોવી જોઈએ કે તેનાથી કોઈને પીડા ન થાય. તે સત્ય પર આધારિત હોવી જોઈએ, જૂઠ અથવા છેતરપિંડીથી મુક્ત હોવી જોઈએ. આપણી વાણી પ્રિય, નમ્ર, સૌમ્ય અને હૃદયસ્પર્શી હોવી જોઈએ. ■

## પ્રકરણ-30

**અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...**




**યોગેશ સી પટેલ**

'આમ નીરખી શું રહ્યા છો, ઑફિસર?'

'હું નીરખતો નથી, જવાબની રાહ જોઉં છું!'

'મેં કહ્યું તો ખરું... હવે કેવો જવાબ જોઈએ છે?'

'સાચો જવાબ!' ઈન્સ્પેક્ટર ગોહિલે કહેતાં જ ડૉ. ભંડારી ઊકળ્યા.

'ખરેખર... ઑફિસર. હું તમારા આ સલ્લુને ઓળખતો નથી અને મને તેની સાથે કોઈ નિસબત નથી!' ડૉ. ભંડારીએ સમજાવ્યું.

'તમારું પણ આવું જ કહેવું છે?' ગોહિલે ડૉ. મંદિરા સામે જોતાં પૂછ્યું.

'હા.' ચીડિયા સ્વભાવની ડૉ. મંદિરા પોલીસના સવાલોના દબાણમાં સહેલાઈથી આવી જાય એવી નહોતી.

સલ્લુ ઉર્ફે સલીમ શેખની તપાસ ડૉ. ભંડારી અને ડૉ. મંદિરા સુધી પહોંચતાં ગોહિલે સલ્લુની જાણકારી મેળવવાને બહાને બન્નેને પોલીસ સ્ટેશને બોલાવ્યાં હતાં.

'તમે એ વ્યક્તિને ઓળખતાં નથી તો સારવાર અને અંધેરીની હૉસ્પિટલમાં ઑપરેશનની ભલામણ કયા આધારે કરી?' ડૉ. મંદિરાને બીજી રીતે સવાલમાં સપડાવવાનો પ્રયાસ ગોહિલે કર્યો.

'ઑફિસર, તમારી જાણ ખાતર એક વાત કહી દઉં... સારવાર માટે દરદીની સમસ્યા... બીમારી જાણવાની જરૂર હોય છે... તેનો વ્યવસાય કે કામધંધો નહીં!' ડૉ. મંદિરા સરળતાથી પકડમાં આવે એમ નહોતી.

'આરે હૉસ્પિટલ મલ્ટિસ્પેશિયલિટી નથી એટલે અહીં શક્ય ન હોય તે સારવાર માટે દરદીને અન્ય હૉસ્પિટલમાં મોકલવા જ પડે છે!'

ડૉ. મંદિરા બોલતી હતી ત્યારે તેનો અવાજ ભલે ગોહિલને કર્કશ લાગતો હોય, પણ ડૉ. ભંડારીને રણકા જેવો લાગતો. પોતે ક્યાં બેઠા છે એ થોડી ક્ષણ માટે ડૉ. ભંડારી ભૂલી ગયા. તેમની નજર ડૉ. મંદિરાના બૅબી પિન્ક કલરની લિપસ્ટિકથી રંગાયેલા હોઠ પર હતી.

'બાઈક સ્કિડ થવાથી સલ્લુ જમીન પર પટકાયો, જેને કારણે તેના પગમાં ફ્રેક્ચર થયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે તેની પ્રાથમિક સારવાર અમે કરી, પણ...'

થોડું અટકીને ડૉ. મંદિરા બોલીઃ 'હાડકામાં ક્રેકને કારણે તેનું ઑપરેશન કરવું જરૂરી હતું, જે અમારે ત્યાં શક્ય નહોતું. એટલે તેને અંધેરીની હૉસ્પિટલમાં જવાનું સજેસ્ટ કર્યું!' સતત બોલવાને કારણે ડૉ. મંદિરાના હોઠ ભીના થવા લાગ્યા, જેને કારણે લિપસ્ટિકની ચકમ વધી.

'એ જ હૉસ્પિટલ શા માટે?' ગોહિલનો ફરી પ્રશ્ન.

'સલ્લુએ કહ્યું, તે ગરીબ છે. ઑપરેશનનો ખર્ચ કરવાની તેની ક્ષમતા નથી એટલે અંધેરીની હૉસ્પિટલમાં મોકલ્યો. ત્યાં સારવારનો ખર્ચ ઓછો આવે છે અને અમુક ટ્રસ્ટમાંથી મદદ પણ મળી રહે છે!' ડૉ. મંદિરાએ વાત પૂરી કરતાં કહ્યું.

'અને ખર્ચ તમે આપ્યો, બરાબરને?' આ પ્રશ્ન ડૉ. ભંડારીને કરાયો એટલે તેમની નજર ડૉ. મંદિરાના ભીના હોઠ પરથી ખસીને ગોહિલ તરફ ગઈ.

'મેં ખર્ચ નથી આપ્યો... અમારું ટ્રસ્ટ એ હૉસ્પિટલ સાથે જોડાયેલું છે અને ટ્રસ્ટના ભંડોળમાંથી ઑપરેશનની ફી ભરવામાં આવી હતી!' ડૉ. ભંડારીએ સ્પષ્ટતા કરી.

'ઑફિસર, અમારા સિવાય બીજાં બે ટ્રસ્ટ પણ એ હૉસ્પિટલ સાથે સંકળાયેલાં છે.'

'તો તમારા ટ્રસ્ટે જ શા માટે ફી ભરી?' ગોહિલનો પ્રશ્ન કડવો લાગ્યો.

'કદાચ તમને જાણ નહીં હોય, પણ સલ્લુ પાસે વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરનો આર્થિક સહાય માટેનો ભલામણ પત્ર હતો.'

'...તો શું વિધાનસભ્ય સલ્લુને ઓળખતા હતા?' પત્ર વિશે જાણ હોવાનું છુપાવી ગોહિલે ડૉ. ભંડારીની નસ દબાવી.

'એ મને કઈ રીતે ખબર હોય? તમે એમને જ પૂછોને?' ડૉ. ભંડારીનો ઉશ્કેરાટ વધ્યો.

'તમે એમને તો પૂછી શકતા નથી... અમને કારણ વગર ત્રાસ આપો છો.' ડૉ. મંદિરા પણ રોષે ભરાઈ.

'મૅડમ... તમે પણ તો પૂરતી માહિતી આપી શકતાં નથી. પહેલાં મંજરી અને હવે સલ્લુ. અંજુને પણ તમે ઓળખતાં હશો?' ગોહિલે જાણીજોઈને આ મુદ્દો છેડ્યો.

'જુઓ ઑફિસર, અંજુને હું ઓળખતી નથી... અને હવે તમારા કોઈ સવાલના જવાબ હું નહીં આપું!' ડૉ. મંદિરા ખુરશી પરથી ઊભી થઈ.

'અંજુને તમે તો ઓળખતા જ હશો?' ડૉ. ભંડારી સામે જોઈ ગોહિલે પૂછ્યું.

'ના... હુંય અંજુને ઓળખતો નથી. આરેના મેડિકલ કૅમ્પનું આયોજન કૃપા સંભાળતી હતી... એટલે ત્યાં કોણ સેવા આપે છે અને કોણ સેવા આપવાની ના પાડે છે એની મને જાણ નથી!'

હવે ડૉ. ભંડારી પણ ખુરશીમાંથી ઊભા થઈ ગયાઃ 'ઑફિસર... આ રીતે સવાલજવાબ કરશો તો અમારે ડૉક્ટર્સ યુનિયનમાં રાવ કરવી પડશે!' કહીને બન્ને ડૉક્ટર કૅબિન બહાર ગયાં.

અજાણતાંમાં ગુસ્સામાં ડૉક્ટરના મોઢે નીકળેલી વાત 'મેડિકલ કૅમ્પમાં કોણ સેવા આપે છે અને કોણ સેવાની ના પાડે છે...' ગોહિલે પકડી પાડી...

* * * *

'જરાય ડરવાની જરૂર નથી. અમે તારી સાથે છીએ... એ ભૂતડી તો શું, એનું આખું ખાનદાન આવી જાયને તોય અમે એને જોઈ લઈશું!' ગોહિલે ધરપત આપી.

હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવ્યા પછી નીલ સત્રાને પોલીસ સ્ટેશને બોલાવવામાં આવ્યો હતો. આરેના મુખ્ય માર્ગ પર કદરૂપા ચહેરાવાળી સ્ત્રી જોઈને ડરી ગયેલો નીલ ફરી ત્યાં જવા તૈયાર નહોતો. ગોહિલની ટીમે સમજાવ્યા પછી સુરક્ષાની ખાતરી આપતાં તે જંગલમાં આવવા માની ગયો હતો.

'તારી કાર અહીં ઝાડ સાથે અથડાઈ હતી... હવે, આપણે તું જે દિશામાંથી આવ્યો એ તરફ જઈએ.' ગોહિલ શાંતિથી સમજાવતો હતો, પણ નીલ હજુય વચ્ચે વચ્ચે ધ્રૂજી ઊઠતો હતો.

દિનકર રાવ દેસાઈ માર્ગ પર ક્યાં ભૂતડી દેખાઈ એ ચોક્કસ જગ્યા નીલને યાદ નહોતી. કદાચ તેનું મગજ હજુ ભયભીત હતું. એટલે ગોહિલે કારને જ્યાં અકસ્માત નડ્યો ત્યાંથી આગળ વધવાનું નક્કી કર્યું.

'મનમાંથી ડર કાઢીને શાંતિથી વિચારજે... કોઈ ઉતાવળ નથી. જો અત્યારે અંધારું નથી અને ભરબપોરે કોઈ ભૂત રસ્તા પર ભટકતાં નથી!' ગોહિલે નીલની હિંમત વધારવાનો પ્રયાસ કર્યો.

આરેના મુખ્ય માર્ગ પર વાહનચાલકોને હાર્ટ અટેક શા માટે આવે છે એ જાણવા ગોહિલ તેની ટીમ સાથે રાતે તપાસ કરી ચૂક્યો હતો. તે સમયે કોઈ જાણકારી મળી નહોતી. એટલે અત્યારે બપોરના સમયે તે તપાસ માટે નીકળ્યો હતો. શરીરને દઝાડતા તાપ છતાં ગોહિલની ટીમ આ રહસ્યનો ભેદ ઉકેલવા માગતી હતી.

'મને લાગે છે... કદરૂપી બાઈ દેખાઈ એ જગ્યા અહીંથી ઘણી આગળ છે.' હિંમત કરીને આખરે નીલ બોલ્યો.

**સર... હવે બહુ થયું એનું. એ ભૂતડી હોય કે કોઈ પણ... વાળ ખેંચીને એને જંગલની બહાર કાઢું છું!**

'મધરાતે અકસ્માત થયો હતો... આટલા ઘોર અંધારામાં આમ તો કંઈ સ્પષ્ટ દેખાયું નહીં હોય, પણ એવી કોઈ જગ્યા... વિશાળ વૃક્ષ કે કોઈ નિશાની, જે યાદ રહી ગઈ હોય!' એપીઆઈ પ્રણય શિંદેએ પૂછ્યું.

રસ્તાને કિનારે ચાલતા નીલ સાથે ગોહિલની ટીમ વનિચા પાડા ક્રોસ રોડને કિનારે આરે હૉસ્પિટલ નજીક પહોંચી. જંગલ હોવાથી રસ્તાની બન્ને બાજુ ઝાડીઝાંખરાં અને ઘટાદાર વૃક્ષોથી ઘેરાયેલી હતી. હૉસ્પિટલ જોઈને ડૉ. હિરેમઠ અને ડૉ. મંદિરા યાદ આવતાં ગોહિલનું મોં કડવું થયું તો શિંદેએ કોઈ બબડાટ કરી બાવડાં ફુલાવ્યાં.

બપોરનો સમય હોવાથી મુખ્ય માર્ગ પર બન્ને તરફ વાહનોની સતત અવરજવર હતી. અમુક ડ્રાઈવરો તો કુતૂહલવશ વાહનોની ગતિ ધીમી કરી પોલીસની ટીમ શું નિરીક્ષણ કરી રહી છે તે જોવા લાગ્યા. સાદા વેશમાં હોવા છતાં મુંબઈગરાં પોલીસને ઓળખવામાં માહેર હોય છે.

'એવી કોઈ યાદગાર નિશાની નહોતી દેખાઈ, પણ પાંદડાંથી હર્યુંભર્યું મોટું ઝાડ હતું... અને એ ઝાડથી થોડે જ આગળ પેલી બાઈ દેખાઈ હતી.'

પછી કંઈ યાદ આવ્યું હોય તેમ નીલ બોલ્યોઃ 'અને હાં... નજીકમાં એક માઈલસ્ટોન હતો, પણ એના પરનો નંબર હું જોઈ શક્યો નહોતો!'

નીલ હવે ઘણો સ્વસ્થ જણાતો હતો. તેનો ડર ઓછો થતો હોવાનું ગોહિલને લાગ્યું.

'કોઈ વાંધો નહીં... નંબર નથી તો શું થયું. આપણે એ માઈલસ્ટોન નજીક જઈને તપાસ કરીએ!' ગોહિલ તેના સ્વભાવ અનુરૂપ શાંતિથી કામ લેતો હતો.

વાહનોના કર્કશ હૉર્ન અને પરસેવો કાઢતી ગરમી વચ્ચે પણ ગોહિલની ટીમ એકાગ્રતાથી આખા પરિસરનું નિરીક્ષણ કરવામાં વ્યસ્ત હતી. થોડું ચાલ્યા પછી નાનો માઈલસ્ટોન દેખાયો એટલે બધા સાવધ થઈ ગયા.

'આ જ હતો એ માઈલસ્ટોન?' ઈન્સ્પેક્ટર કદમે આંગળી ચીંધી.

'કદાચ!'

'ઠીક છે... અહીં આસપાસ તપાસ કરો. કોઈ મહત્ત્વની જાણકારી ન મળે તો આગળ બીજો માઈલસ્ટોન શોધીશું!'

ગોહિલે ટીમને આદેશ આપ્યો અને નીલને બોલેરોમાં બેસવા કહ્યું. ટીમની પાછળ કોન્સ્ટેબલ સંજય માને ગોકળગાયની ગતિએ બોલેરો ચલાવતો હતો.

'લગભગ તો આ જ છે!'નીલે કહ્યું એટલે અધિકારીઓમાં જોશ ફૂંકાયું. જુસ્સા સાથે અધિકારીઓ ઝાડીઝાંખરાંમાં તપાસ માટે ઘૂસ્યા.

'આ જંગલમાંથી ભૂતડી બહાર આવી હતી?' શિંદેએ લડાયક મિજાજમાં કહ્યું.

'એ નથી ખબર!'

'સર... હવે બહુ થયું એનું. એ ભૂતડી હોય કે કોઈ પણ... વાળ ખેંચીને એને જંગલ બહાર કાઢું છું!' કહીને બાવડા ફુલાવતો શિંદે પણ વનરાજીમાં ઘૂસ્યો.

'મૉડર્ન બૅકરીવાળું બસ સ્ટોપ અહીંથી દૂર નથી!'

ગોહિલે વિચાર્યું અને દળવીની વાત યાદ કરીઃ 'મૉડર્ન બૅકરી બસ સ્ટોપ આસપાસ સફેદ સાડીવાળી સ્ત્રીને જોયાનો દાવો અનેક લોકોએ કર્યો છે!'

'કદમ... રાતે પણ તો વાહનો આ માર્ગ પરથી પસાર થતાં હોય છે... તો પછી ભૂત ક્યાંથી આવે છે?'

કદમ ગોહિલનો પ્રશ્ન સમજ્યો નહીં એટલે તે ગોહિલને એકટશે જોતો રહ્યો. બન્ને ધીમે ધીમે ચાલતા મૉડર્ન બૅકરી બસ સ્ટોપની દિશામાં આગળ વધી રહ્યા હતા અને દળવી તેમની પાછળ દોરવાતો હતો.

'હું એમ કહેવા માગું છું કે લોકોની આટલી અવરજવર વચ્ચે ભૂત દેખાય?'

'...પણ રાતે વાહનો જૂજ સંખ્યામાં પસાર થતાં હોય છે. પેલી રાતે આપણે જોયુંને... રસ્તો કેટલો સૂમસામ હોય છે!' કદમે કહ્યું.

'તો આપણને કેમ સફેદ સાડીવાળી ન દેખાઈ!' કદમ પાસે આ સવાલનો જવાબ નહોતો.

'સર... એ રોજ રાતે નથી દેખાતી!' દળવી વચ્ચે બોલ્યો.

'અચ્છા... તો એ રાતે તેને રજા હશેને?' ટોણો મારતો હોય તેમ ગોહિલે કહ્યું. ચાલતાં ચાલતાં ત્રણેય એક વિશાળ ઝાડ પાસે પહોંચ્યા.

'દળવી... તારી ભૂતડી આ જ ઝાડ આસપાસ દેખાઈ હશે પેલા નીલને?' ગોહિલે અમસ્તો પ્રશ્ન કર્યો.

'સર... એના કહેવા મુજબ તો ઘટાદાર મોટું ઝાડ આ જ લાગે છે!' દળવી પણ અવઢવમાં હતો.

ગોહિલ ઝાડ ફરતે નિરીક્ષણ કરવા લાગ્યો ત્યારે કદમ અને દળવીની નજર રસ્તાને કિનારે ઝાડીઝાંખરાં વચ્ચે ફરતી હતી. એ જ સમયે શિંદે સહિત ટીમના અધિકારીઓ પાછા ફર્યા.

'સર... શંકાસ્પદ જેવું કંઈ નથી!' ખાલી હાથ ફર્યાનો શિંદેને વસવસો હતો.

'આ ભૂતનું શું રહસ્ય હોવું જોઈએ?' બોલતી વખતે ગોહિલની નજર બધે ફરી રહી હતી.

'કદમ... ખરેખર ભૂત હશે કે પછી ભૂતનું નાટક હશે?' ગોહિલનો પ્રશ્ન વિચિત્ર લાગ્યો.

'તમને એવું લાગે છે કે વાહનચાલકોને ડરાવવા કોઈ ભૂત બનીને ફરતું હશે!' કદમનો જવાબ પણ વિચિત્ર હતો.

'ચ્યા માયલા! જંગલમાં રાતે આટલું જોખમ કોણ લે... એ પણ એક સ્ત્રી આમ અંધારામાં એકલી રસ્તા પર ચાલે?'

દળવી બોલતો હતો ત્યારે ગોહિલની નજર ઝાડ પર હતી. આંખો ઝીણી કરીને તે ઝાડને તાકી રહ્યો હતો.

'નીલને પૂછો... ભૂત ઝાડ પર લટકતું હતું કે રસ્તા પર ચાલતું હતું?' કહીને નિશાન ભેદતો હોય તેમ ગોહિલની નજર ઝાડ પરના લક્ષ્ય પર હતી... (ક્રમશઃ)■

---

## ફન વર્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ચીડ | લાપરવાહી |
| ચીવટ | ખાલી |
| ચીટકવું | રુચિ |
| ચિંતાતુર | ઉખડવું |
| ચિક્કાર | બેફિકર |

### ઓળખાણ પડી?

ભારતીય રેલવેના સૌથી લાંબા પ્લેટફોર્મ તરીકે ખ્યાતિ ધરાવનાર આ પ્લેટફોર્મની ઓળખાણ પડે છે? એની લંબાઈ ૪૯૪૪ ફૂટ છે.




અ) હુબલી જંકશન બ) કોલામ જંકશન ક) પરભણી જંકશન ડ) અમૃતસર જંકશન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સા | ૨ હિ | ત્ય | ■ | ૩ શિ | લ્પ | ૪ ક | લા | ■ | ૫ ચિ |
| ૬ ગ | ત | ■ | ૭ હ | વા | ■ | વ | ■ | ૮ પ | ત્ર |
| ૯ મ | કા | ૧૦ ન | ■ | ૧૧ ચ | ૧૨ વ | ન | ■ | ૧૩ તા | પ |
| ૧૪ ટે | રી | ફ | ■ | ■ | ળ | ■ | ૧૫ કે | વ | ટ |
| ■ | ■ | ૧૬ ર | મ | ૧૭ ત | ગ | મ | ત | ■ | ■ |
| ૧૮ ત | ૧૯ ર | ત | ■ | ૨૦ ક | ણ | ■ | ૨૧ કી | ૨૨ રા | ણા |
| ૨૩ ર | સ | ■ | ૨૪ મો | દી | ■ | ૨૫ ક | ■ | જ | ■ |
| ણે | ■ | ૨૬ ટ | ટા | ર | ■ | ૨૭ ર | ૨૮ બા | ર | ણ |
| ૨૯ ત | ૩૦ દા | ■ | બા | ■ | ૩૧ મા | ત | ર | મ | ■ |
| ૩૨ ર | ઝ | ળ | પા | ટ | ■ | બ | ■ | ૩૩ ત | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ | | ■ |
| ૭ | | ■ | ૮ | ૯ | ■ | ૧૦ | | ■ | ૧૧ |
| | ■ | ૧૨ | | | ■ | | ■ | ૧૩ | |
| ૧૪ | | | ■ | ■ | ૧૫ | | | ■ | |
| ■ | ■ | | | ૧૬ | | ■ | ■ | ૧૭ | |
| ૧૮ | | | | ■ | ૧૯ | ૨૦ | ૨૧ | | ■ |
| | ■ | | ■ | ૨૨ | | | | ■ | ૨૩ |
| ૨૪ | | ■ | ૨૫ | | ■ | ૨૬ | | | |
| | ■ | ૨૭ | ■ | ૨૮ | | ■ | | | ■ |
| ■ | ૨૯ | | | | ■ | ૩૦ | | | |

**આડી ચાવી**

૧. ગાઢું (વાદળ), ભયાનક (યુદ્ધ) (૪)
૪. જંગલમાંનો પગરસ્તો (૪)
૭. ધ્વનિ, અવાજ (૨)
૮. જલસા, આનંદ (૨)
૧૦. ૧૦૦ કિલો (૨)
૧૨. નાની ધોતી (૩)
૧૩. માનવીના --- ને નંદવામાં વાર શી? (૨)
૧૪. ઉપપત્ની (૩)
૧૫. નદીની શરૂઆત --- થી થાય (૩)
૧૬. ખાટલો (૨)
૧૭. પવિત્ર (૨)
૧૮. જુલમી (૪)
૧૯. પાંદડાંની થાળી (૪)
૨૨. મુખ્ય રાણી (૪)
૨૪. બે આંકડાની પહેલી સંખ્યા (૨)
૨૫. રમતનો આપવાનો દાવ (૨)
૨૬. બધા હસે તે (૪)
૨૮. રહેવા માટે જોઇએ (૨)
૨૯. પ્રપંચ, કડાકૂટ, પંચાત (૪)
૩૦. મડદાની જેમ (૪)

**ઊભી ચાવી**

૧. ધન આકાર (૪)
૨. મોટી નદી (૨)
૩. ખેલ, ક્રીડા (૩)
૫. નટોમાં શ્રેષ્ઠ, કૃષ્ણ (૪)
૬. જાંઘ (૨)
૯. જંગલ (૨)
૧૧. ડર લાગે એવું (૪)
૧૨. બધાનું આગવું (૫)
૧૫. જલદીથી, ફટાફટ (૪)
૧૭. વારો, પાળ (૨)
૧૮. સંતાડવું તે (૪)
૨૦. રીત, પદ્ધતિ (૩)
૨૧. રાણીને માન આપો (૫)
૨૨. પહેલાં પાણી ભરવા જતી (૪)
૨૩. દિલગીરી, શોક (ઉ.) (૪)
૨૭. વજન કરવાનું સાધન (૨)

### ગુજરાત મોરી મોરી રે

પ્રભાવશાળી જૈન તીર્થ અને ગૌશાળા માટે શ્રદ્ધાળુઓમાં જાણીતું અણસ્તુ તીર્થ ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે એ જણાવો.

અ) જૂનાગઢ બ) વડોદરા
ક) અમદાવાદ ડ) મહેસાણા

### માતૃભાષાની મહેક

અ ગુજરાતી ભાષાના મૂળાક્ષરોમાંનો પહેલો હ્રસ્વ સ્વર અને અક્ષર છે. તેનો ઉચ્ચાર મોઢું થોડું ઉઘાડી શ્વાસ મૂકવાથી થાય છે અને ગમે તેટલો લંબાવી શકાય છે. અન્ય વર્ણની મદદ વગર તેનો ઉચ્ચાર થતો હોવાથી તે સ્વર કહેવાય છે. તેનો ઉચ્ચાર કરવામાં મોઢાના કોઈ ભાગનો ઉપયોગ થતો નથી, પણ તેનો અવાજ કંઠમાંથી નીકળે છે, તેથી તે કંઠસ્થ કહેવાય છે.

### ઈર્શાદ

*બંધ હોય ખડકી ને બંધ હોય બારી, પણ ધારી લે,*
*છાપરેથી કૂદીને કોઈ તને કહી દે કે, આજથી તું મારી, તો?*

*વિનોદ જોશી*

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'વરસાદ અડીંગો જમાવીને બેઠો છે' પંક્તિમાં 'અડીંગો' શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) ચોખ્ખી ના બ) લાંબો પડાવ ક) આળસુનો પીર ડ) જમીનનો સાદ

### સુડોકુ-૯૧૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | ૯ | | | | ૧ |
| ૭ | | | ૬ | | ૫ | | | ૨ |
| | ૯ | | | ૧ | | | ૬ | |
| | ૭ | ૨ | | | | ૫ | ૯ | |
| ૩ | | ૪ | | | | ૮ | | ૬ |
| | ૮ | ૫ | | | | ૭ | ૧ | |
| | ૨ | | | ૮ | | | ૩ | |
| ૫ | | | ૯ | | ૬ | | | ૭ |
| ૪ | | | | ૭ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૩ | ૪ | ૨ | ૧ | ૮ | ૭ | ૫ |
| ૧ | ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૩ | ૬ | ૨ |
| ૫ | ૨ | ૭ | ૮ | ૬ | ૩ | ૧ | ૯ | ૪ |
| ૯ | ૬ | ૫ | ૧ | ૪ | ૭ | ૨ | ૮ | ૩ |
| ૩ | ૭ | ૮ | ૨ | ૫ | ૬ | ૪ | ૧ | ૯ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૮ | ૯ | ૬ | ૫ | ૭ |
| ૨ | ૪ | ૬ | ૫ | ૯ | ૮ | ૭ | ૩ | ૧ |
| ૭ | ૫ | ૧ | ૬ | ૩ | ૨ | ૯ | ૪ | ૮ |
| ૮ | ૩ | ૯ | ૭ | ૧ | ૪ | ૫ | ૨ | ૬ |

### માઈન્ડ ગેમ

૧થી ૧૦૦ સુધીમાં આવતા પ્રાઈમ નંબર (અન્ય કોઈ નંબરથી નિઃશેષ ભાગાકાર ન થઈ શકે)માં સૌથી મોટો પ્રાઈમ નંબર કયો?

અ) ૧૮૯ બ) ૯૩
ક) ૯૭ ડ) ૯૯

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ચાકર | માલિક |
| ચાટણ | પેય |
| ચાલાક | ડફોળ |
| ચાહક | નિંદક |
| ચારિત્ર્યશીલ | લફંગુ |

ગુજરાત મોરી મોરી રે: ભાવનગર

ઓળખાણ પડી?: ભોપાલ

માઈન્ડ ગેમ: ૧૮૭૫

ચતુર આપો જવાબ અર્થ જણાવો: તલ્લીન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) લજિતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) મીનળ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) હર્ષા મહેતા (૧૬) ભાવના કર્વે (૧૭) મહેશ સંઘવી (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મહેન્દ્ર લોઢાવિયા (૨૩) મહેશ દોશી (૨૪) અરવિંદ કામદાર (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અલકા વાણી (૨૮) અંજુ ટોલિયા (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) ડાયના સંતોકે (૩૧) જાગૃતિ નિતીન બજરિયા (૩૨) નિતીન જયંતિલાલ બજરિયા (૩૩) પ્રવીણ વોરા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) હિનાબેન દલાલ (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) ગીતા ઉદેશી (૪૩) પ્રતિમા પમાણી

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay
samachar.com



# મહાભારતનું યુદ્ધ એટલે ન્યાયની સાબિતી

**ઈશ્વરનો** ન્યાય સીધો દેખાતો નથી, પણ વાસ્તવિકતા એ છે કે સમગ્ર સૃષ્ટિનો વ્યવહાર હંમેશાં ન્યાયસંગત હોય છે. એકવાર એમ જણાય કે ચીરહરણ સમયે ઈશ્વરે દ્રૌપદીને અન્યાય થવા દીધો, જીવનના એક કાળખંડ સુધી યુધિષ્ઠિરને પણ અન્યાય થયો, મીરાં અને નરસિંહને પણ અન્યાય થયો હોય તેમ કોઈ માની શકે, પરંતુ વાસ્તવમાં આમ નથી હોતું. યોગ્ય પરિસ્થિતિ સ્થાપિત થાય ત્યારે, ઈશ્વરને સંપૂર્ણ સમર્પિતતા તથા ભક્તિભાવથી બોલાવવામાં આવે ત્યારે, ઈશ્વર ‘ન્યાય’ સ્થાપિત કરવા હાજર હોય છે. જે કંઈ વિપરીત પરિસ્થિતિ પ્રતિત થાય તેની પાછળ ક્યાં તો ભક્તના ઘડતરની યોજના હોય, તેની કસોટી હોય અથવા લાંબાગાળાના ‘ન્યાય’નું આયોજન હોય. ઈશ્વરને ત્યાં અન્યાય પણ નથી અને ન્યાયમાં વિલંબ પણ નથી. ઈશ્વરનો ન્યાય અચૂક પ્રગટ થાય છે. છતાં પણ અમુક સમયે કેટલાંક લોકોને ઈશ્વરના ન્યાય માટે શંકા રહી શકે. આ શંકાના નિવારણ માટે જ મહાભારતનું યુદ્ધ આલેખાયું હશે.

કહેવાય છે કે ઈશ્વરનો ન્યાય અદ્રશ્ય અને અતિ સૂક્ષ્મ હોય છે. સામાન્ય રીતે તે નજરે ન ચડે તેવો અને માણસની બુદ્ધિની પહોંચના બહારના વિસ્તારમાં હોય છે. ગુઢ જણાતો ઈશ્વરનો ન્યાય સમય આવતાં સ્પષ્ટ થાય છે. અનીતિ, અધર્મ અને અસત્યનો નાશ કરવામાં ઈશ્વરની ન્યાય પદ્ધતિ સમજવા ધીરજ અને પારદર્શક દ્રષ્ટિ જરૂરી છે. ભવિષ્ય સુધી માનવીની પહોંચ ન હોવાથી ઈશ્વરનો સમગ્ર સૃષ્ટિ માટેનો હિતકારી ન્યાય ધ્યાનમાં નથી આવતો. ઈશ્વરનો ન્યાય આ રીતે પડદા પાછળ રહેતો હોવાથી ઘણીવાર સામાન્ય માનવી તેના પરથી વિશ્વાસ ગુમાવી બેસે છે. સાંપ્રત સમયમાં તો એમ જોવા મળે છે કે જે અધર્મ અને અસત્યનું આચરણ કરે છે તેનાં પર પરિસ્થિતિ વધારે ‘મહેરબાન’ રહે છે. સમજવાની વાત એ છે કે ઈશ્વરનું સામ્રાજ્ય ન્યાયનું સામ્રાજ્ય છે, તેમાં ધર્મ અને સત્યનું જ વર્ચસ્વ છે. મહાભારતના સમયે, ન્યાયનું જ વર્ચસ્વ છે તેમ સ્થાપિત કરવા માટે, ન્યાયમાં સત્ય અને ધર્મની ભૂમિકા જ આધારભૂત છે તેમ સિદ્ધ કરવા માટે મહાભારતના યુદ્ધની આવશ્યકતા હતી.

અધર્મના મૂળ સમાન દુર્યોધને હસ્તિનાપુરની રાજ્યસત્તા પર યુધિષ્ઠિરનો હક અધર્મથી છીનવી તેમને તેમના બંધુ અને પત્ની સાથે વનવાસ માટે મજબૂર કર્યાં હતાં. લાક્ષાગૃહમાં તેમને જીવતા સળગાવી દેવાનો પ્રયત્ન પણ કર્યો હતો. કપટથી રમાયેલ જુગાર તથા દ્રૌપદીના અપમાન જેવી અનેક અધર્મી બાબતોને કારણે ભીમે ગદાયુદ્ધમાં તેનો વધ કર્યો હતો. આ ન્યાય હતો. દુશાસને દુર્યોધનના દરેક અધર્મમાં તેને સાથ આપેલો. તેણે દ્રૌપદીનું ચીરહરણ કરવા માટે પણ પ્રયાસ કરેલો. મહાભારતના યુદ્ધમાં ભીમે તેને પણ પરાજિત કરેલો અને તેની છાતી ચીરી નાખી હતી. આ ન્યાય હતો.

કર્ણની કથા પણ આ જ પ્રકારની છે. તેણે અધર્મને, અન્યાયને સાથ આપેલો જેથી મહાભારતના યુદ્ધમાં અર્જુને તેનો વધ કર્યો હતો. આમ સાત્ત્વિક જીવન જીવનાર ભીષ્મ પિતામહે પણ જે તે મજબૂરીને કારણે અધર્મને સાથ આપવો પડેલો. વળી દ્રૌપદીના અપમાન વખતે તેઓ મૌન રહ્યાં હતાં. અંતે તેમણે બાણશય્યા પર જીવનનાં અંતિમ શ્વાસ લેવા પડ્યાં હતાં. ગુરુ દ્રોણાચાર્ય પણ અધર્મના પક્ષે લડતાં હોવાથી ધૃષ્ટદ્યુમ્નના હાથે તેમનું મૃત્યુ થયું હતું. દુર્યોધન અને અન્ય કૌરવોને અધર્મનો પાઠ પઢાવનાર ગાંધાર દેશના રાજકુમાર શકુનીનો યુદ્ધમાં સહદેવે વધ કર્યો હતો. જયદ્રથનો પણ યુદ્ધમાં જ અર્જુનના હાથે વધ થયો હતો. અર્જુન દ્વારા તીરથી તેનું મસ્તક કપાયું હતું. અધર્મનો સાથ આપનાર ભૂરિશ્રવા, કૃપાચાર્ય, કૃતવર્મા જેવાં અનેકનો મહાભારતના યુદ્ધમાં સંહાર થયો હતો. સમાજને ઈશ્વરના ન્યાયમાં વિશ્વાસ સ્થાપિત થાય તેની માટે આ જરૂરી હતું.

માનવીને જે યોગ્ય કે અયોગ્ય જણાય તે મુજબ ઈશ્વરનો ન્યાય નથી હોતો. ઈશ્વરના ન્યાયની સ્થિતિ અને ગતિ ગહન છે. ન્યાય કર્મને આધારિત છે અને ગીતામાં જણાવ્યું છે કે કર્મ, વિકર્મ અને અકર્મ, ત્રણેયનું ચોક્કસ પરિણામ હોય છે. અહીં ક્યાંય અપવાદ નથી. જે અપવાદ જણાતો હોય છે તે પણ એક ચોક્કસ યોજનાના ભાગરૂપે હોય છે. કર્મ અને તેને આધારિત ન્યાય વચ્ચેનું સમીકરણ નજરે ન ચડે. શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં પણ જણાવાયું છે કે ‘દેવો ન દશ્યંતિ તવૈવ મહિમાનમ્’ અર્થાત્ દેવતાઓ પણ ઈશ્વરનાં કાર્યો અને ન્યાયને સંપૂર્ણ જોઈ શકતાં નથી - સમજી શકતાં નથી - પામી શકતાં નથી. એમ સમજી શકાય કે ઈશ્વરીય ન્યાય-તત્ત્વનું વર્ણન તેમજ અભિવ્યક્તિ અશક્ય છે. તે હૃદયની શુદ્ધિથી અનુભવાય છે, બુદ્ધિથી નહીં. ઈશોપનિષદમાં કહેવાયું છે કે ‘વિદ્યા ચાવિદ્યા ચ યસ્તદ્વેદોભયં સહ’ અર્થાત્ જેને વિદ્યા અને અવિદ્યા, બંને સાથે સમજાય છે, તે જ ઈશ્વરના નિયમોને અનુભવે છે. સામાન્ય દ્રષ્ટિએ ન્યાય અદશ્ય છે. વિદ્યા અને અવિદ્યા, બંનેની સમન્વયિત દ્રષ્ટિ એક વ્યક્તિમાં લગભગ અશક્ય છે અને તેથી જ ઈશ્વરીય ન્યાય સમજમાં નથી આવતો. માનવીને વર્તમાનની જાણ હોય છે, તે પણ અંશતઃ. માનવીને ભૂતકાળની સ્મૃતિ પણ હોય, તે પણ બહુ મર્યાદિત માત્રામાં, બહુ જ સીમિત કાળખંડ માટે. ભવિષ્ય માનવીની પહોંચની બહારનો વિસ્તાર છે. ભવિષ્ય એ ન્યાયનો વિસ્તાર છે. ભવિષ્ય હવે પછીની પળ પણ હોઈ શકે અને આગળનો કોઈ જન્મ પણ. ભવિષ્યમાં થનારી ઘટના પાછળ અનેક પરિબળો કારણભૂત રહે અને તેથી તે ઘટનાને વાસ્તવિક ન્યાય તરીકે જોવું એ માનવી માટે અસંભવ છે. આવા સંજોગોમાં ન્યાય પર વિશ્વાસ સ્થાપિત થાય તે માટે પણ મહાભારતના યુદ્ધની આવશ્યકતા હતી. મહાભારતના યુદ્ધથી એ સમજી શકાય કે ઈશ્વરનો ન્યાય સમજમાં ન આવે પરંતુ તેનું પરિણામ સમજમાં આવી શકે.

ઈશ્વર સર્વજ્ઞ છે, તટસ્થ છે, નિષ્પક્ષ છે, સાક્ષી છે, સત્ય અને ધર્મનો આગ્રહી છે, સર્વનો હિતેચ્છુ છે, તેથી ત્યાં અન્યાયની કે વિલંબિત ન્યાયની કોઈ સંભાવના નથી. યોગ્ય સમયે દરેકને ન્યાય ઉપલબ્ધ છે. ઈશ્વરની વ્યવસ્થા જ તે પ્રકારની છે. ■

# એવું વરદાન આપો કે મારું શરીર સુવર્ણ જેવું થઈ જાય ને હું પરમ સુંદરી બનું

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay
samachar.com

**કૈલાસ** ખાતે વહેલી સવારે માતા પાર્વતી ભગવાન શિવની પૂજા-અર્ચના માટે ન પહોંચતાં શિવગણો ચિંતિત થાય છે. એજ ક્ષણે ત્યાં દેવર્ષિ નારદ ઉપસ્થિત થતાં ભગવાન શિવને કહે છે, ‘પ્રભુ માતા વહેલી પ્રભાતે તમારી પૂજા-અર્ચના કરતાં હોય છે, આજે કેમ નથી.’ ભગવાન શિવ નંદી મહારાજને મોકલે છે. નંદી મહારાજ પરત આવી કહે છે કે દ્વાર પર ગણેશ ઊભા છે અને તેમણે કહ્યું કે, ‘માતાનો આદેશ છે કે ભગવાન શિવ સિવાય કોઈને પણ અંદર પ્રવેશ આપવો નહીં.’ ભગવાન શિવ તુરંત માતાના ભવન પાસે પહોંચે છે. જુએ છે કે ગણેશ ત્યાં નથી. ભગવાન શિવ ભવનમાં પ્રવેશતાં જુએ છે કે માતા પાર્વતી તો તપમાં લીન છે. ભગવાન શિવના પૂછતાં માતા પાર્વતી કહે છે, ‘સ્વામી હું તારાની અવસ્થા જોઈ ખૂબ દુઃખી છું. સ્ત્રીઓ ક્યાંય સુરક્ષિત નથી. મારી એવી કામના છે કે એક શક્તિ વન હોય જ્યાં દરેક સ્ત્રી સુરક્ષિત રહે, એ શક્તિવનમાં કોઈપણ પુરુષ પુરુષ ન રહેતાં સ્ત્રી બની જાય અને એ શક્તિવનમાં પ્રકૃતિની પ્રધાનતા રહે પુરુષની નહીં.’ આટલું સાંભળતાં જ ભગવાન શિવ કહે છે, ‘જેવી તમારી ઇચ્છા દેવી.’ માતા પાર્વતી અને ભગવાન શિવ શક્તિવનની પરીક્ષા કરવા કામ્યાખ વન પહોંચતાં જ ભગવાન શિવ પોતે સ્ત્રીરૂપ ધારણ કરે છે. બીજી તરફ માતા તારા અને બુધ ભગવાન શિવની આરાધનામાં લીન હોય છે. મહારાજ ઈલ અને રાણી વિજયા માતા તારા અને બુધ પાસે પહોંચી તેમના આશિર્વાદ લઈ કામ્યાખ વનમાં પ્રવેશ કરે છે. કામાખ્યા વનમાં પ્રવેશ કરતાં જ મહારાજ ઈલ પણ સ્ત્રી બની જાય છે. મહારાજ ઈલ વિજયાને કહે છે, ‘ભગવાન શિવની લીલા અપરંપાર છે, ભગવાન શિવના આશીર્વાદ મેળવવા તપસ્વીઓ અહીં આવતા હોય તો આપણે હવે અહીં જ તપસ્યા કરવી જોઈએ.’ પ્રસન્ન માતા પાર્વતી અને ભગવાન શિવ ત્યાં ઉપસ્થિત થાય છે અને આશીર્વાદ આપતા કહે છે, ‘મહારાજ ઈલ અને રાણી વિજયા તમારું કલ્યાણ થાઓ, કામ્યાખ વનમાં જે યુગલ તપસ્યા કરશે તેમની દરેક મનોકામના પૂર્ણ થશે.’ સાથે સાથે તેમણે બુધ અને તેની માતા તારાને આશીર્વાદ આપી કલંક દૂર કર્યો, એ જ સમયે દેવગુરુ બૃહસ્પતિનું આગમન થતાં ભગવાન શિવે દેવી તારાને માફી આપવા જણાવ્યું. ભગવાન શિવની આજ્ઞાને શિરોમાન્ય કરી દેવગુરુ બૃહસ્પતિએ દેવી તારા અને પુત્ર બુધનો સ્વીકાર કર્યો. રાજમહેલ પરત ફરેલા મહારાજ ઈલ અને રાણી વિજયાને તેમના શરીરમાં અનેરી શક્તિનો સંચાર થયેલો જણાય છે અને નવ મહિનાના ટૂંકા ગાળામાં જ તેઓને પુત્ર રત્નની પ્રાપ્તિ થાય છે. પરત કૈલાસ ફરેલાં માતા પાર્વતી અને ભગવાન શિવનો ઘરસંસાર સારી રીતે ચાલતો હતો. ભગવાન શિવ વારે વારે માતા પાર્વતીને ‘કાળી’ કહીને ક્રોધિત કરતા, દેવી પાર્વતીને આ ગમતું નહીં, તેઓ અંદરથી ધૂંધવાઈ જતાં, પરંતુ પોતાના ક્રોધને કળાવા દેતાં નહીં. ‘કાળી’નું બિરુદ મહેણાંટોણાં રૂપે એમના અંતરને ઠેસ પહોંચાડતું હતું. ભગવાન શિવને માતા પાર્વતી આ પ્રકારે ગુસ્સો કરે એની મજા આવતી હતી.

* * *

એક દિવસ કૈલાસ પર વિરાજમાન ભગવાન શિવે માતા પાર્વતીને ‘કાળી’ કહીને સંબોધ્યાં. દેવીને થયું કે હવે તો હદ થાય છે. આનો કોઈ ઉપાય શોધી કાઢવો જોઈએ. મારા મૌનને સંમતિ માની સ્વામી



આ મશ્કરી મૂકતા જ નથી. પોતાના સ્વામીએ ‘કાળી’ તરીકેનું સંબોધન કરતાં કાળજામાં તીરની માફક ખૂંચી ગયું. માતા પાર્વતીએ ગંભીર મુદ્રા ધારણ કરી લીધી.

ભગવાન શિવઃ ‘પ્રિયે આજે મારી ઇચ્છા આનંદ વિહારની છે ચાલો આપણે ક્યાંક વિહાર કરીએ?

માતા પાર્વતી તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળતાં ભગવાન શિવને ખાતરી થઈ ગઈ કે દેવીને જરૂર ખરાબ લાગ્યું છે. તેમણે ફરી ફરી ઘણીવાર માતા પાર્વતીને કહ્યું કે, ‘દેવી ચાલો આજે આપણે ક્યાંક આનંદ વિહાર કરીએ?’

તેમણે ઘણીવાર મનાવવાની કોશીશ કરી પણ દેવી માન્યા નહીં.

ક્રોધિત માતા પાર્વતી ગૃહત્યાગ કરીને હિમાલયના કોઈ ઉચ્ચ શિખર પર પહોંચી ગયાં. ત્યાં તેઓ કઠોર તપ કરવા લાગ્યાં. થોડાજ સમયમાં માતા પાર્વતી તપમાં તલ્લીન થઈ ગયાં. માતા પાર્વતીએ એક પગે ઊભા રહીને તપશ્ચર્યા આદરી. એવામાં એક સિંહ આવી ચઢ્યો.

સિંહે વિચાર્યું કે, વાહ મારું કામ તો થઈ ગયું. ક્યાં સુધી આ સ્ત્રી એક પગે ઊભા રહીને તપ કરશે? ક્યારેક તો બેશુદ્ધ બનીને ઢળી પડશે ને! ઢળી પડશે એટલે આ શિકારથી મારી ભૂખ ભાંગીશ.

એને ક્યાં ખબર હતી કે આ તો જગતજનની માતા પાર્વતીજીનું તપ હતું. દિવસોના દિવસો અને મહિનાઓ પસાર થઈ ગયા. માતા પાર્વતી તપમાં હજીય તલ્લીન હતાં. આદ્યશક્તિના અખંડ તપની પ્રશંસા દેવી-દેવતાઓ કરવા લાગ્યા. દેવર્ષિ નારદ ભગવાન શ્રીહરિ વિષ્ણુ પાસે પહોંચે છે.

દેવર્ષિ નારદઃ ‘હે પ્રભુ! માતા પાર્વતીનું તપ તમે જ પૂર્ણ કરાવી શકો છો. તમારે મધ્યસ્થિ કરવી જોઈએ. જેથી માતા પાર્વતી પરત કૈલાસ ફરે.’

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ ‘તેમણે જે કાર્યસિદ્ધ માટે તપ શરૂ કર્યું છે એ બ્રહ્માજી જ પૂર્ણ કરી શકે. તમારે બ્રહ્માલોક જઈ બ્રહ્માજીને વિનંતી કરવી જોઈએ.’

સમગ્ર દેવતાઓ દેવર્ષિ નારદ સહિત બ્રહ્મલોક પહોંચે છે. તેઓ બ્રહ્માજીને માતા પાર્વતીનું તપ પૂર્ણ કરાવવા વિનંતી કરે છે.

બ્રહ્માજીઃ ‘પાર્વતીનો સ્વર બ્રહ્મલોક પહોંચશે ત્યારે હું એમને અવશ્ય વરદાન આપીશ. તમે સંસારના ઉત્કર્ષ માટે તમને જે જવાબદારી આપવામાં આવી છે એ પાર પાડો.’

બ્રહ્માજીની આજ્ઞા થતાં જ દેવતાઓ પોત પોતાના લોક પરત ફરે છે. થોડાં જ સમયમાં માતા પાર્વતીનો સ્વર બહ્મલોક પહોંચતાં બ્રહ્માજી પ્રસન્ન થાય છે અને માતા પાર્વતી પાસે પહોંચે છે.

બ્રહ્માજીઃ ‘દેવી, હું તમારા તપથી અતિ પ્રસન્ન છું, આવું કઠોર તપ તમારા સિવાય અન્ય કોઈ કરી શકે નહીં. તમે જે વરદાન માગશો એ વરદાન હું તમને આપીશ.’

માતા પાર્વતીઃ ‘વરદાનની આકાંક્ષાથી મેં તપ કર્યું નથી. વરદાન માગવાથી તપનું મહત્ત્વ ઘટી જાય છે’.

એકાએક માતા પાર્વતીની નજર સામે બેઠેલા ભૂખ્યા સિંહ પર પડી. માતા પાર્વતી સિંહની ઇચ્છાને પામી ગયાં હતાં.

માતા પાર્વતીઃ ‘મને હવે જીવનો ખપ નથી, બિચારો સિંહ વર્ષોથી મને ટાંપીને ભૂખ્યો બેઠો છે, મારી રક્ષા કરી છે. માટે તેને વરદાન આપો.’

બ્રહ્માજીએ વિચાર કર્યા પછી વરદાન આપ્યું કે, ‘હે વનરાજ, તું ભગવાન શિવ અને માતા પાર્વતીનો અનન્ય ભક્ત થા. સંસારમાં કોઈ પ્રાણી તમારાથી બળવાન નહીં થાય.’

સિંહ માતા પાર્વતી અને ભગવાન શિવનો ભક્ત થયો. તેથી દેવી પાર્વતીને તો ખાઈ ન શકે! એટલે કૈલાસ તરફ આગળ વધ્યો.

બ્રહ્માજીઃ ‘દેવી પાર્વતી તમે જે બાબતે ક્રોધિત થઈ તપ કર્યું એ બાબતે તમારે અવશ્ય વરદાન માગવું જોઈએ.’

માતાને જ્ઞાત થતાં તેમણે કહ્યુંઃ ‘મને એવું વરદાન આપો કે મારું શરીર સુવર્ણ જેવું થઈ જાય અને હું પરમ સુંદરી બનું, જેથી સ્વામી મને કાળી કહી ચીડવી ન શકે.’

બ્રહ્માજીઃ ‘તથાસ્તુ.’

તથાસ્તુ કહેતાં જ માતા પાર્વતી પરમ સુંદરી બની ગયાં. પ્રસન્ન માતા પાર્વતીને લઈ બ્રહ્માજી કૈલાસ પહોંચે છે.

માતા પાર્વતી સાથે બ્રહ્માજીને જોતાં ભગવાન શિવ પ્રસન્નતા અનુભવે છે અને શિવગણો માતા પાર્વતી અને બ્રહ્માજીનું સ્વાગત કરે છે. (ક્રમશઃ)■


# પ્રાણપુષ્ટિ એટલે પ્રાણ બળવાન બને

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@
bombaysamachar.com

**વ્યક્તિના** સાંવેગિક જીવનની કેળવણીમાં પ્રાણાયામ કેવી રીતે ઉપયોગી થઈ શકે તેમ છે તે આપણે આધુનિક શરીરવિજ્ઞાનની પરિભાષામાં સમજવાનો પ્રયત્ન કરીએ. એ હકીકત શરીરવિજ્ઞાનની અને મનોવિજ્ઞાન દ્વારા સિદ્ધ થઈ ચૂકી છે કે શરીરસ્થ અંતઃસ્ત્રાવી ગ્રંથિઓના સ્ત્રાવ સાથે વ્યક્તિના સાંવેગિક જીવનને સંબંધ છે. આ સ્ત્રાવમાં થતા પરિવર્તનની વ્યક્તિના સાંવેગિક જીવન પર અસર પડે છે. કામ, ક્રોધ, વિષાદ, ઉલ્લાસ, વૈફલ્ય, ઉત્સાહ આદિ સાથે અંતઃસ્ત્રાવી ગ્રંથિઓના સ્રાવનો ગાઢ સંબંધ છે.

પ્રાણાયામના અભ્યાસ દ્વારા જ્ઞાનતંત્ર અને તેના દ્વારા અંતઃસ્ત્રાવી તંત્ર સ્વસ્થ, સમતોલ અને કાર્યક્ષમ બને છે. પરિણામે વ્યક્તિના સ્વસ્થ સાંવૈગિક જીવનમાં તેનાથી સહાય મળે છે. પ્રાણાયામ દ્વારા જ્ઞાનતંત્ર અને અંતઃસ્રાવી તંત્ર સ્વસ્થ, સમતોલ અને કાર્યક્ષમ બને છે, આ સિદ્ધ થયેલી હકીકત છે.



*(ક) પ્રાણમય ક્ષેત્રે :* પ્રાણાયામની સૌથી વિશેષ અસર પ્રાણ ઉપર થાય છે. કારણ કે પ્રાણાયામ મુખ્યતઃ અને પ્રત્યક્ષ રીતે પ્રાણ પર અસર કરે છે. પ્રાણાયામ મૂલતઃ પ્રાણના સંયમનની જ સાધના છે. પ્રાણાયામ દ્વારા પ્રાણમય ક્ષેત્રે ચાર કાર્યો સિદ્ધ થાય છેઃ

(i) પ્રાણપુષ્ટિઃ પ્રાણપુષ્ટિનો અર્થ છે, પ્રાણ બળવાન બને.

(ii) પ્રાણશુદ્ધિ : પ્રાણશુદ્ધિનો અર્થ છે, પ્રાણ વિશુદ્ધ બને એટલે કે પ્રાણ ભોગાભિમુખ નહીં, પરંતુ યોગાભિમુખ બને. પ્રાણ વાસનાઓની મલિનતાથી મુક્ત બને.

(iii) પ્રાણસંયમ : પ્રાણ ઉચ્છૃંખલ નહીં, પરંતુ સંયમિત હોય અર્થાત્ પ્રાણના પ્રવાહોની ગતિ સુસંવાદી બને.

(iv) પ્રાણજાગરણ : સુષુપ્ત પ્રાણ જાગ્રત બને અને ઊર્ધ્વગામી બને.

પ્રાણમય શરીરમાં ઘટતી આ ચારે ઘટનાઓ આધ્યાત્મિક વિકાસ માટે અને શરીર-મનના સ્વાસ્થ્ય માટે ખૂબ મૂલ્યવાન છે. વસ્તુતઃ પ્રાણાયામના અભ્યાસનો હેતુ જ આ છે.

આ હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામ કઈ રીતે ઉપયોગી બને છે, તે આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં મૂકવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. પ્રાણમય શરીર અને તેની ગતિવિધિ વિશે વૈજ્ઞાનિક ગણાય તેવો ખાસ અભ્યાસ થયો પણ નથી, પરંતુ શાસ્ત્ર અને હજારો વર્ષનો, અસંખ્ય યોગીઓનો અનુભવ સાક્ષી પૂરે છે કે ઉપરોક્ત હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામ અજોડ સાધન છે.

(ડ) બ્રહ્મચર્ય માટેઃ બ્રહ્મચર્યના પાલનથી યોગસાધનામાં ઘણી સહાય મળે છે. તે સાથે એ જાણવું આવશ્યક અને રસપ્રદ છે કે યૌગિક ક્રિયાઓના અભ્યાસથી બ્રહ્મચર્યના પાલનમાં સહાય મળે છે.

પ્રાણાયામ, શીર્ષાસન, સર્વાંગાસન, વિપરીતકરણી, વજાસન, ઉડ્ડિયાન, નૌલી અને અશ્વિનીમુદ્રા બ્રહ્મચર્યપાલનમાં ઉપયોગી થાય તેવી ક્રિયાઓ છે. ■

# માત્ર ચૂપ રહેવું એ મૌન નથી...

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

**ધર્મશાસ્ત્રોમાં** કથન અને ભજનનું બહુ માહાત્મ્ય છે. સાથે તેટલું જ મહત્ત્વ મૌનને પણ અપાયું છે. શ્રીમદ ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે, ‘ગુપ્ત વિચારોમાં હું મૌન છું અને જ્ઞાનીઓમાં જ્ઞાન છું.’ ઈશ્વર ખુદ કહે છે કે હું મૌન છું.

કબીર સાહેબે કહ્યું છે કે, ‘બોલી એક અનમોલ હૈ, જો કોઈ બોલે જાની.’ વાણી અણમોલ રત્ન સમાન છે, જો તે સમજી વિચારીને બોલાય તો. સમજ્યા-વિચાર્યા પછી બોલવા જેવું ન લાગે તો શું કરવું? તો મૌન રહેવું! વિદુરનીતિમાં વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે કે આદરપૂર્વક મૌનનું પાલન ભયને દૂર કરનાર છે, પણ જો તેનો યોગ્ય અમલ ન થાય તો એ જ મૌન ભય પ્રદાન કરનારું સાબિત થાય. કહેવાનો અર્થ એ કે ક્યારે બોલવું અને ક્યારે મૌન રહેવું તેની અક્કલ હોવી જોઈએ! શાસ્ત્રો કહે છે કે ‘મુનિમૌન પરો ભવેત્’ મુનિ માટે મૌન જ તેમની પ્રતિષ્ઠા છે.

વ્યક્તિ મૌન પણ અલગ અલગ કારણોસર ધારણ કરે છે.

**શાંત મૌનઃ** વિચારો, મંતવ્યો અને સૂચનો કહેવાને બદલે રોકી રાખવા, કારણ કે સૂચનથી કોઈ ફરક પડશે નહીં.

**રક્ષણાત્મક મૌનઃ** દંડ અથવા ઠપકો મળવાના ડરથી માહિતી, ચિંતાઓ અથવા ભૂલો છુપાવવી.

**સામાજિક/સંબંધી મૌનઃ** આ એક પ્રકારનું ‘સારું’ મૌન છે જે લોકો અથવા સંગઠનનું રક્ષણ કરવાના હેતુથી માહિતી અથવા માલિકીનું જ્ઞાન ગુપ્ત રાખવા ધારણ કરાય છે.

**ખંધુ મૌનઃ** દુષ્ટ ઇરાદા સાથે મૌન, જેમાં સાથીદાર અથવા ઉપરી અધિકારીને ભૂલ કરવા દેવાનો (અથવા જાણીબૂઝીને તેમને નહીં રોકવાનો) સમાવેશ થાય છે.

**લઘુતાગ્રંથિથી મૌનઃ** આ રક્ષણાત્મક મૌન જેવું જ છે, પણ વધુ અંગત એ રીતે કે વ્યક્તિના પોતાના ભૂતકાળના અનુભવો, અસલામતી



અથવા આત્મ-શંકાથી ઉદ્ભવે છે.

વ્યવહારમાં, મૌનના કદાચ અનંત પ્રકારો હોય છે, અંતિમ સંસ્કારમાં આદરપૂર્ણ મૌન પાળીએ, જેના પ્રશંસક હોઈએ તે અથવા જ્ઞાન કે પદમાં આપણા કરતા ઉચ્ચ વ્યક્તિ બોલી રહી હોય ત્યારે આપણે મૌન રહીએ. અદ્ભુત પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે આપણા શબ્દો શાંત થઇ જાય છે અને આપણે કુદરતનું મૌન આચમન કરીએ છીએ.

આપણા સુભાષિતકારોએ બહુ સુંદર વાત કહી છે, ‘જ્યારે પાણીથી ભરેલા વાદળો આવે છે (વરસાદની ઋતુમાં), ત્યારે કોયલ ગાતી નથી, કારણ કે તે સમયે દેડકા બૂમ પાડી રહ્યા હોય છે, તેથી તેમના માટે ચૂપ રહેવું વધુ સારું છે.’ જ્ઞાનીઓ સંકેતોમાં કેટલું કહી જાય છે તેનું ઉત્તમ ઉદાહરણ આ શ્લોક છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, જ્યારે અજ્ઞાની કે મૂર્ખ બોલતા હોય ત્યારે જ્ઞાની અને સજ્જનોએ મૌન ધારણ કરવું જોઈએ. શા માટે? તેનો જવાબ અન્ય સુભાષિતમાં આપ્યો છે, કે પોપટ જેવા બહુ બોલકાં પક્ષીઓ તેમના શબ્દોને કારણે જાળમાં ફસાઈ જાય છે. પણ બતક ક્યારેય પકડાતું નથી કારણ કે તે કોઈ અવાજ નથી કરતું. મૌન રહીને કંઈપણ પ્રાપ્ત કરી શકાય છે. અહીંથી જ પેલી બહુ પ્રખ્યાત સંસ્કૃત ઉક્તિ આવી છે કે, મૌનં સર્વાર્થ સાધનમ!

વાણી એ તેજનો વિષય છે, તેજ પોતે જ સૂર્ય છે, અથવા જીવન પોતે જ છે. તેનો બગાડ ન કરવાથી, તેજનો જથ્થો એકઠો થાય છે અને દીર્ઘાયુ પ્રાપ્ત થાય છે. ઊર્જાનો નાશ કરતી ઇન્દ્રિયો તેમના નિયંત્રણ દ્વારા અપાર શક્તિ એકઠી કરે છે. ગાંધારીએ આંખોમાંથી વહેતી ઊર્જાને નિયંત્રિત કરીને, પુત્ર દુર્યોધનના શરીરને વજ્રનું બનાવ્યું હતું એ આપણે જાણીએ જ છીએ. તેવી જ રીતે મૌનની ઉપાસના કરતા મુનિઓની વાણીમાં એ તાકાત આવે છે કે તેમની વાણી વરદાન પણ બની શકે અને શ્રાપ પણ બની શકે.

આપણા શાસ્ત્રકારોએ છ સમયે મૌન રહેવાની સલાહ આપી છે. ‘ઉત્સર્ગે મૈથુને ચૈવ પ્રસ્રાવે દન્તધાવને, શ્રાદ્ધે ભોજનકાલે ચ ષટસુ મૌનમ સમાચરેત્’ અર્થાત શરીરના કોઈપણ પ્રકારની ગંદકી સાફ કરતી વખતે (આંખ, કાન, નાક, ગળા વગેરેની) સંભોગ વખતે, શૌચક્રિયા વખતે, દાંત સાફ કરતી વખતે, શ્રાદ્ધનું કાર્ય કરતી વખતે અને ભોજન સમય દરમ્યાન, આ છ સમયે મૌન રહેવું જોઈએ.

હા, પણ માત્ર ચૂપ રહેવું એ મૌનવ્રત નથી. મૌન પાળવાના ફાયદા છે, ફક્ત ચૂપ રહેવાના નહીં. મૌન પાળનાર મિતાહારી, બ્રહ્મચારી અને પ્રણવજાપી (ઓમકારનો જાપ કરનાર) હોવો જોઈએ. એવી રીતે જપ કરો કે તમે અર્ધમાત્રાનો (ઓમકારમાં અનુસ્વારના રૂપમાં અર્ધમાત્રા સદાશિવ છે એમ કહેવાય છે). અનુભવ કરો, જેથી નિર્વાણનો દૈવી માર્ગ તમારા માટે મોકળો થાય. સૌથી ઉત્તમ મૌન કયું? તો તેનો જવાબ અધ્યાત્મમાં બહુ સરળ છે. મનનું મૌન સૌથી ઉત્તમ છે. મનમાં વિચારોનો શોર ચાલતો હોય તો ધ્યાનની અવસ્થા પ્રાપ્ત થતી નથી, અને ધ્યાન વિના સમાધિ પ્રાપ્ત થતી નથી. ■

# લારા શનિવારે ડ્રેસિંગ-રૂમમાં ગયો અને રવિવારે વેસ્ટ ઈન્ડિઝની બૅટિંગ સુધરી ગઈ!

## કૅરિબિયનોના પ્રથમ દાવમાં ૨૪૮ રન બાદ ફૉલો-ઑન બાદ બે વિકેટે ૧૭૩ રનઃ આજે ભારત જીતી શકે

નવી દિલ્હીઃ કૅરિબિયન ક્રિકેટના બે દિગ્ગજ વિવ રિચર્ડ્સ અને બ્રાયન લારા વેસ્ટ ઇન્ડિઝનો ટેસ્ટ-ક્રિકેટનો પર્ફોર્મન્સ સુધારવા તેમ જ પોતાના ક્રિકેટ બોર્ડને વધુ ભંડોળ અપાવવાના હેતુથી ‘મિશન ઇન્ડિયા’ને ધ્યાનમાં રાખીને ભારતની ખાસ મુલાકાતે આવ્યા છે, પરંતુ અહીં તેમણે ભારત સામેની બીજી ટેસ્ટમાં બીજા દિવસે કૅરિબિયન બૅટ્સમેનોની કંગાળ બૅટિંગ જોવી પડી એટલે આ બે મહારથીઓ ચિંતામાં મૂકાઈ ગયા અને સૌથી પહેલાં તો તેમણે ‘મિશન વેસ્ટ ઇન્ડિઝ બૅટિંગ’ હાથ ધર્યું અને એમાં ગઈ કાલના ત્રીજા દિવસે થોડી સફળતા જોઈ. વિશેષ કરીને બ્રાયન લારાએ ભારત સામેની વર્તમાન ટેસ્ટમાં કૅરિબિયન બૅટ્સમેનોની બૅટિંગ સુધારવાનું બીડું ઝડપ્યું છે.

### કૅરિબિયનો હજીયે ૯૭ રનથી પાછળ

વર્તમાન ટેસ્ટમાં ભારતના પ્રથમ દાવના ૫/૫૧૮ના જવાબમાં વેસ્ટ ઇન્ડિઝની ટીમ ૨૪૮ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં ભારતે ૨૭૦ રનની સરસાઈ લઈને પ્રવાસી ટીમને ફૉલો-ઑન આપી હતી. બીજા દાવમાં વેસ્ટ ઇન્ડિઝની બૅટિંગમાં સુધારો આવ્યો અને ગઈ કાલના ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં તેમણે ફક્ત બે વિકેટના ભોગે ૧૭૩ રન કર્યા હતા. જોકે કૅરિબિયનો હજી પણ ભારતથી ૯૭ રનથી પાછળ છે. જો આજના ચોથા દિવસે તેઓ આ સરસાઈ ઉતારી નહીં શકે તો ભારતને સતત બીજી ટેસ્ટ એક દાવથી જીતવા મળી જશે. જોકે આ મૅચ જીતીને ભારત ૨-૦થી ક્લીન સ્વીપ કરશે એ નક્કી જણાય છે.



કુલદીપ યાદવે પાંચ વિકેટ લીધી

### કૅમ્પબેલ-હોપ વચ્ચે ૧૩૮ રનની ભાગીદારી

વેસ્ટ ઇન્ડિઝના બીજા દાવમાં ઓપનર જૉન કૅમ્પબેલ (૮૭ નૉટઆઉટ, ૧૪૫ બૉલ, બે સિક્સર, નવ ફોર) અને શેઇ હોપ (૬૬ નૉટઆઉટ, ૧૦૩ બૉલ, બે સિક્સર, આઠ ફોર) વચ્ચે ૧૩૮ રનની અતૂટ અને વિક્રમી ભાગીદારી થઈ છે.

### લારાએ ડ્રેસિંગ-રૂમમાં શું કર્યું?

શનિવારે વર્તમાન ટેસ્ટના બીજા દિવસે ભારતના ૫/૫૧૮ના જવાબમાં વેસ્ટ ઇન્ડિઝે માત્ર ૧૪૦ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. પ્રથમ ટેસ્ટ માત્ર અઢી દિવસમાં હારી જનાર રૉસ્ટન ચેઝની ટીમને બૅટિંગની નિષ્ફળતાથી ચિંતામાં મૂકાઈને લારા શનિવારના બીજા દિવસની રમત બાદ વેસ્ટ ઇન્ડિઝના ડ્રેસિંગ-રૂમમાં ગયો હતો અને કૅપ્ટન રૉસ્ટન ચેઝ તથા હેડ-કોચ ડૅરેન સૅમી અને કેટલાક ખેલાડીઓ સાથે અલગથી વાતચીત કરી હતી. લારા ૨૦ મિનિટ સુધી ડ્રેસિંગ-રૂમમાં હતો અને વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટની કથળેલી હાલત તથા વિકાસ વિશે ચર્ચા કરી હતી. લારાએ થોડા દિવસ પહેલાં જ કૅરિબિયન ટીમ માટે એક મુલાકાતમાં કહ્યું હતું કે ‘શું તેઓ દિલથી રમે છે ખરા? તેમને ખરેખર વેસ્ટ ઇન્ડિઝ વતી રમવામાં રસ છે ખરો? આ બધું ધ્યાનમાં રાખશો તો તમને પર્ફોર્મન્સમાં સુધારો કરવાનો ઉકેલ મળી જશે.’

### કુલદીપની પાંચ, જાડેજાની ત્રણ વિકેટ

વેસ્ટ ઇન્ડિઝના પ્રથમ દાવમાં કુલદીપ યાદવે ૮૨ રનમાં પાંચ અને રવીન્દ્ર જાડેજાએ ૪૬ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. એક-એક વિકેટ મોહમ્મદ સિરાજ તથા જસપ્રીત બુમરાહે મેળવી હતી. કૅરિબિયનો ૨૪૮ રનમાં ઑલઆઉટ થયા બાદ ફૉલો-ઑન પછીના બીજા દાવમાં તેમણે ૧૭૩ રનમાં જે વિકેટ ગુમાવી એમાંથી એક વિકેટ સિરાજે અને એક વિકેટ વૉશિંગ્ટન સુંદરે લીધી હતી.

# હાર્દિકે ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે ઉજવ્યો ૩૨મો બર્થડે

નવી દિલ્હીઃ હાર્દિક પંડ્યા અનફિટ હોવાને લીધે હમણાં ટીમ ઇન્ડિયાથી દૂર છે, પરંતુ ઍક્ટર-મૉડેલ નતાશા સ્ટૅન્કોવિચ સાથે ડિવૉર્સ લીધાના એક વર્ષ બાદ થોડા સમયથી મૉડેલ અને સોશ્યલ મીડિયા ઇન્ફ્લૂએન્સર માહિકા શર્મા સાથે ચર્ચામાં રહે છે અને શનિવારે ૧૧મી ઑક્ટોબરે હાર્દિકે પોતાનો બર્થડે માહિકા સાથે ઉજવ્યો હતો. ગર્લફ્રેન્ડ માહિકા સાથેની રિલેશનશિપ જાહેર કરી ચૂકેલો હાર્દિક બીચ પર તેની સાથે વેકેશનની મોજ માણી રહેલો કેટલાક ફોટોમાં જોવા મળી રહ્યો છે. બન્નેએ માલદીવમાં એકમેક સાથે ઘણો સમય માણ્યો હતો.




## કૅરિબિયનોના માથેથી પનોતી ઊતરી

# બે વર્ષ પછી પહેલી વખત દાવમાં ૮૦થી વધુ ઓવર રમ્યા

નવી દિલ્હીઃ ટેસ્ટ ક્રિકેટમાં વેસ્ટ ઇન્ડિઝની ટીમે પાછલી ૧૬ ઇનિંગ્સમાં એક પણ વખત ૮૦ ઓવરથી વધુ બૅટિંગ નહોતી કરી, પણ દિલ્હીમાં ભારત સામે ચાલી રહેલી સિરીઝની બીજી અને અંતિમ ટેસ્ટના પ્રથમ દાવમાં તેમણે ૮૦થી વધુ ઓવર સુધી બૅટિંગ કરી એટલે તેમના માથેથી જાણે બે વર્ષની પનોતી ઊતરી ગઈ એમ કહી શકાય.

વેસ્ટ ઇન્ડિઝની ટીમે ટેસ્ટમાં છેલ્લે ૨૦૨૩માં એક ઇનિંગ્સમાં ૮૦થી વધુ ઓવર બૅટિંગ કરી હતી. ત્યાર બાદ તેઓ સતત ૧૬ ઇનિંગ્સમાં ૮૦ ઓવરથી વધુ બૅટિંગ નહોતા કરી શક્યા. ગઈ કાલે દિલ્હીમાં રૉસ્ટન ચેઝ ઍન્ડ કંપનીએ પહેલા દાવમાં ૮૧.૫ ઓવરમાં ૨૪૮ રન કર્યા હતા. જોકે એટલા રન તેમને ફૉલો-ઑનથી નહોતા બચાવી શક્યા. બીજી ઇનિંગ્સમાં તેમણે ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં ૪૯ ઓવરમાં બે વિકેટે ૧૭૩ રન કર્યા હતા. તેઓ ભારત સામે મૅચ પણ હારી જવાની તૈયારીમાં છે.

### વર્ષ ૨૦૨૫ના વર્ષની સર્વશ્રેષ્ઠ ભાગીદારી

ગઈ કાલે વેસ્ટ ઇન્ડિઝના ઓપનર જૉન કૅમ્પબેલ (૮૭ નૉટઆઉટ) અને શેઇ હોપ (૬૬ નૉટઆઉટ) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૩૮ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. ૨૦૨૫ના વર્ષમાં વેસ્ટ ઇન્ડિઝ વતી ટેસ્ટના એક દાવમાં બનેલી આ સૌથી મોટી ભાગીદારી છે. આ પહેલાં, જાન્યુઆરી ૨૦૨૫માં ગુડાકેશ મૉટી અને વૉરિકેન વચ્ચે ૬૮ રનની જે ભાગીદારી થઈ હતી એ વર્ષની સૌથી મોટી ભાગીદારી હતી.

### બે વર્ષે દાવમાં બીજો નવો બૉલ જોયો!

બીજી રીતે કહીએ તો કૅરિબિયનો બે વર્ષ બાદ પહેલી વાર ટેસ્ટના દાવમાં બીજો નવો બૉલ જોયો હતો. નવો બૉલ ૮૦ ઓવર બાદ લેવાતો હોવાથી તેઓ ૨૦૨૩ની સાલ પછી ક્યારેય બીજા નવા બૉલથી નહોતા રમી શક્યા.

# ઑસ્ટ્રેલિયા વિક્રમી રન ચેઝ સાથે જીત્યું

વિશાખાપટનમઃ મહિલા વન-ડે વર્લ્ડ કપમાં ગઈ કાલે ભારત (૩૩૦ રન) વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયા (૭/૩૩૧)એ દિલધડક મુકાબલામાં ભારતને ત્રણ વિકેટ અને છ બૉલ બાકી રાખીને હરાવી દીધું હતું. ૩૩૧ રન મહિલા વન-ડે ક્રિકેટમાં સફળ અને વિક્રમજનક રન ચેઝ છે.

કૅપ્ટન અલીઝા હિલીએ સૌથી વધુ લડત આપીને ૧૦૭ બૉલમાં ૧૪૨ રન તથા ઍશ્લેઇ ગાર્ડનરે ૪૫ રન કર્યા હતા. એલીસ પેરી (૪૭ અણનમ) ઈજાને લીધે રિટાયર્ડ આઉટ થઈ ગયા પછી ટીમને જરૂર પડી એટલે પાછી બૅટિંગ કરવા આવી હતી અને લડતભરી ઇનિંગ્સ રમીને વિનિંગ સિક્સર ફટકારી હતી. યજમાન ભારત ચારમાંથી બે મૅચ હારતાં મુશ્કેલીમાં છે. ત્રણ વિકેટ શ્રી ચરનીએ તથા બે-બે વિકેટ દીપ્તિ અને અમનજોતે લીધી હતી.

એ પહેલાં, સ્મૃતિ મંધાના (૮૦ રન, ૬૬ બૉલ, ૯૨ મિનિટ, ત્રણ સિક્સર, નવ ફોર) અને પ્રતીકા રાવલ (૭૫ રન, ૯૬ બૉલ, ૧૧૪ મિનિટ, એક સિક્સર, દસ ફોર)ની મોટી ઇનિંગ્સને લીધે ભારતીય ટીમ પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ૩૩૦ રન બનાવી શકી હતી. બન્ને ઓપનર વચ્ચે ૧૫૫ રનની ભાગીદારી થઈ હતી.

# મંધાનાએ બે નવા વર્લ્ડ રેકૉર્ડ રચ્યા

વિશાખાપટનમઃ ભારતની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના મહિલાઓની વન-ડે ક્રિકેટમાં એવી પહેલી બૅટર બની છે જેણે એક કૅલેન્ડર યરમાં ૧,૦૦૦ રન કર્યા છે. આ સિદ્ધિ તેણે રવિવારે અહીં ઑસ્ટ્રેલિયા સામે વર્લ્ડ કપની મૅચમાં હાંસલ કરી હતી. તે ૮૦ રનના પોતાના સ્કોર પર આઉટ થઈ જતાં ૧૪મી સેન્ચુરી સુધી તો નહોતી પહોંચી શકી, પણ એ પહેલાં તેણે ૨૦૨૫ના વર્ષમાં ૧,૦૦૦ રન પૂરા કરી લીધાં હતાં. આ પહેલાં ક્યારેય કોઈ મહિલા બૅટરે કોઈ પણ એક કૅલેન્ડર યરમાં ૧,૦૦૦ રન નહોતા બનાવ્યા.

૨૯ વર્ષની ઓપનરે મહિલા વન-ડે ક્રિકેટમાં ૫,૦૦૦ રન પૂરા કરવાની ઉપલબ્ધિ પણ મેળવી હતી. આ સિદ્ધિ મેળવનાર તે વિશ્વની પાંચમી મહિલા પ્લેયર અને મિતાલી રાજ પછીની બીજી ભારતીય છે. ખૂબી તો એ વાતની છે કે સ્મૃતિએ ૫,૦૦૦ રન સૌથી ઓછી ઇનિંગ્સમાં પૂરાં કર્યાં હોવાથી તે ૫,૦૦૦ રનની સિદ્ધિ મેળવનારી વિશ્વની ફાસ્ટેસ્ટ મહિલા પ્લેયર ગણી શકાય. મિતાલીના કુલ ૭,૮૦૫ રન વિમેન્સ વન-ડેમાં હાઇએસ્ટ છે.

સ્મૃતિએ ૫,૦૦૦ રન ૧૧૨ ઇનિંગ્સમાં અને કુલ ૫,૫૬૯ બૉલમાં પૂરાં કર્યાં છે. તેણે સ્ટેફાની ટેલરનો ૧૨૯ ઇનિંગ્સનો વિશ્વ વિક્રમ તોડ્યો છે અને સુઝી બેટ્સના ૬,૧૮૨ બૉલનો વર્લ્ડ રેકૉર્ડ પણ તોડી નાખ્યો છે.

સ્મૃતિએ રવિવારે ઑસ્ટ્રેલિયા સામે ૮૦ રન ૬૬ બૉલમાં ત્રણ સિક્સર અને નવ ફોરની મદદથી બનાવ્યા હતા.



સ્મૃતિ મંધાનાની પહેલાં ક્યારેય કોઈ મહિલા બૅટરે કોઈ પણ એક કૅલેન્ડર યરમાં ૧,૦૦૦ રન નહોતા બનાવ્યા

# લાહોરમાં સાઉથ આફ્રિકા સાથે ક્રિકેટ, સરહદ પર તાલિબાન સાથે યુદ્ધ

લાહોરઃ પાકિસ્તાનના લાહોર શહેરમાં ૨૦૦૯માં શ્રીલંકન ક્રિકેટ ટીમ પર આતંકવાદીઓએ જીવલેણ હુમલો કર્યો હતો ત્યાર પછી લાહોરમાં ખરા અર્થમાં રવિવારે પહેલી જ વખત ફરી ટેસ્ટ મૅચ રમાઈ રહી છે, પરંતુ એ જ દિવસે પાકિસ્તાન પર જાણે પાછી પનોતી બેઠી, કારણકે રવિવારે તાલિબાન સાથેનું પાકિસ્તાની સૈનિકોનું યુદ્ધ ભીષણ બન્યું હતું અને એમાં બન્ને પક્ષે અનેકના જીવ ગયા હતા.

લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં પાકિસ્તાનની વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામે રવિવારે સિરીઝની પ્રથમ ટેસ્ટ શરૂ થઈ જેમાં પાકિસ્તાને પાંચ વિકેટે ૩૧૩ રન કર્યા હતા.

ભૂતપૂર્વ ક્રિકેટર ઇન્ઝમામ-ઉલ-હકનો ભત્રીજો ઇમામ-ઉલ-હક ૯૩ રનના સ્કોર પર આઉટ થઈ ગયો હતો. કૅપ્ટન શાન મસૂદ ૭૬ રન કરીને વિકેટ ગુમાવી બેઠો હતો, જ્યારે વિકેટકીપર મોહમ્મદ રિઝવાન ૬૨ રને રમી રહ્યો હતો. એશિયા કપના ફ્લૉપ ટી-૨૦ કૅપ્ટન સલમાન આગા તેની સાથે બાવન રને રમી રહ્યો હતો.

પાકિસ્તાનની ચારમાંથી ત્રણ વિકેટ સાઉથ આફ્રિકાના સ્પિનર્સ સેનુરન મુથુસામી, સાઇમન હામર અને પ્રેનેલન સુબ્રાયેને લીધી હતી.

## વેપાર વાણિજય

# બજારની નજર ટાટા કેપિટલ પર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મૂડીબજારમાં આઇપીઓનો ધસારો ચાલુ છે, તેમાં સોમવારે સૌની નજર ટાટા કેપિટલ પર મંડાયેલી છે. ફંડામેન્ટલ ધોરણે આ કંપની સારી હોવાની ચર્ચા વચ્ચે ગ્રે માર્કેટના વિરોધાભાસી પ્રતિસાદ વચ્ચે આ શેરમાં કેવું લિસ્ટીંગ જોવા મળે છે તેની લોકો ઉત્સુકતાથી રાહ જોઇ રહ્યા છે, કારણ કે તાજેતરમાં કેટલાક આઇપીઓનું લિસ્ટિંગ ભારે ડિસ્કાઉન્ટમાં જોવા મળ્યું છે.

દલાલ સ્ટ્રીટ ૧૩ થી ૧૭ ઓક્ટોબર વચ્ચેના ઘટનાપૂર્ણ સપ્તાહ માટે તૈયારી કરી રહ્યું છે, જેમાં અનેક મુખ્ય આઇપીઓ લિસ્ટિંગ અને નવા ઇશ્યૂ પણ બજારમાં દાખલ થશે. આ અઠવાડિયાનું મુખ્ય આકર્ષણ ૧૩ ઓક્ટોબરે બીએસઇ અને એમએસઇ પર ટાટા કેપિટલનું બહુપ્રતિક્ષિત લિસ્ટિંગ શશે, જે આ વર્ષે નાણાકીય સેવાઓ ક્ષેત્રે સૌથી મહત્વપૂર્ણ શરૂઆતોમાંની એક હશે.

આ પછી, એલજી ઇલેક્ટ્રોનિક્સ ૧૪ ઓક્ટોબરે બજારમાં પ્રવેશ કરવા માટે તૈયાર છે. આ આઇપીઓ સાતમીથી નવમી ઓક્ટોબર વચ્ચે સબ્સ્ક્રીપ્શન માટે ખુલ્યો હતો. લિસ્ટિંગનો મામલો અહીં જ અટકતો નથી. રુબીકોન રિસર્ચ ૧૬ ઓક્ટોબરે તેના શેરનું લિસ્ટિંગ કરશે, જ્યારે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરતી અનંતમ હાઇવેઝ ઇન્વિટ ૧૭ ઓક્ટોબરે ડેબ્યૂ કરશે.

આ દરમિયાન, કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ પણ ૧૬ ઓક્ટોબરે લિસ્ટિંગ કરશે, ત્યારબાદ કેનેરા એચએસબીસી લાઇફ ઇન્શ્યોરન્સ ૧૭ ઓક્ટોબરે લિસ્ટિંગ કરશે. એસએમઇ સેગમેન્ટમાં, ઘણા નામો તેમના ડેબ્યૂ માટે તૈયારી કરી રહ્યા છે. મિત્તલ સેક્શન્સ ૧૪ ઓક્ટોબરે લિસ્ટિંગ કરશે, જ્યારે શ્લોકા ડાયઝ, સિહોરા ઇન્ડસ્ટ્રીઝ અને એસકે મિનરલ્સ એન્ડ એડિટિવ્સ ૧૭ ઓક્ટોબરે આવશે.

નવા લોન્ચમાં, મિડવેસ્ટ લિમિટેડ ૧૫થી ૧૭ ઓક્ટોબર દરમિયાન બિડિંગ માટે તેનો રૂ. ૪૫૧ કરોડનો આઇપીઓ ખોલશે. આ ઇશ્યૂમાં રૂ. ૨૫૦ કરોડનો નવો ઇશ્યૂ અને રૂ. ૨૦૧ કરોડની ઓફર ફોર સેલ શામેલ છે, જેની પ્રાઇસ બેન્ડ શેર દીઠ રૂ. ૧,૦૧૪થી રૂ. ૧,૦૬૫ છે. ફાળવણી ૨૦ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ થવાની અને સ્ટોક ૨૪ ઓક્ટોબરે લિસ્ટ થવાની ધારણા છે.

# સાઇબર ગુનાખોરો બેફામ

નવી દિલ્હીઃ ભારતમાં દિવાળી નજીક આવતાની સાથે, સાયબર ગુનેગારો પણ સક્રિય બન્યા છે અને ઓનલાઈન ખરીદદારોને છેતરવાનો તમામ પ્રયાસ કરી રહ્યા છે. એક તાજેતરના સંશોધન અહેવાલમાં જણાવ્યા મુજબ લગભગ ત્રણમાંથી એક ભારતીય ગ્રાહક છેતરપિંડીનો ભોગ બન્યો છે, અને આમાંથી ૩૭ ટકા વ્યક્તિઓએ નાણાકીય નુકસાન નોંધાવ્યું છે.

સાયબર ગુનેગારો ઓનલાઈન ઓનલાઈન ખરીદીમાં વેગ આવતા તેનો લાભ લેવા માટે અનોખી યુક્તિઓ અપનાવી રહ્યા છે. આમાં ડીપફેક, નકલી સંદેશાઓ, નકલી ઈમેઈલ અને વનટાઇમ પાસવર્ડ (ઓટીપી) છેતરપિંડીનો ઉપયોગ કરતી સેલિબ્રિટી જાહેરાતોનો સમાવેશ થાય છે.

રિપોર્ટમાં જણાવાયું હતું કે, તહેવારોની મોસમ આનંદનો સમય છે, પરંતુ હવે છેતરપિંડી કરનારાઓ પણ આ સમય દરમિયાન લોકોને નિશાન બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વિકસિત ટેકનોલોજી સાથે, ધમકીઓ પણ વધી રહી છે, અને એઆઈ-આધારિત છેતરપિંડી ઓનલાઈન ખરીદદારો માટે એક નવું જોખમ ઉભું કરે છે.

ભારતમાં લોકો તહેવારોની મોસમ માટે વધુને વધુ ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે, અને વધુ સારી ડિસ્કાઉન્ટ (૬૪ ટકા), સુવિધા (૬૦ ટકા), વ્યાપક વિવિધતા (૫૨ ટકા) અને ઝડપી ડિલિવરી (૫૧ ટકા)ને કારણે ઈકોમર્સ પ્લેટફોર્મ ખરીદીની પસંદગીની પદ્ધતિ બની ગઈ છે.

# શૅરબજાર દિવાળીમાં ચાર દિવસ બંધ રહેશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઓક્ટોબર ૨૦૨૫માં ધનતેરસ, દિવાળી અને બલિપ્રતિપદા માટે ભારતીય શેરબજાર બંધ રહેશે, જ્યારે વિક્રમ સંવત ૨૦૮૨ના રોજ ૨૧ ઓક્ટોબરના રોજ ખાસ મુહૂર્ત ટ્રેડિંગ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. સપ્તાહના અંતે ઘણી રજાઓ આવી રહી હોવાથી રોકાણકારોને સતત બજાર બંધ રહેવાનો અનુભવ થશે, જેનાથી તેઓ તેમના પરિવારો સાથે તહેવારોનો આનંદ માણી શકશે.

તહેવારોની મોસમ શરૂ થઈ રહી છે ત્યારે સટોડિયાઓ અને રોકાણકારો શેરબજારની આગામી રજાઓની રાહ જોઈ રહ્યા છે. ધનતેરસ અને દિવાળી નજીક આવી રહી છે, બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઇ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ) બંનેએ ઓક્ટોબર ૨૦૨૫ માટે તેમના રજાઓનું સમયપત્રક જાહેર કર્યું છે.

સ્ટોક એક્સચેન્જના સમયપત્રક અનુસાર ધનતેરસનો તહેવાર, જે દિવાળીની ઉજવણીની શરૂઆત દર્શાવે છે, તે ૧૮ ઓક્ટોબર (શનિવાર)ના રોજ ઉજવવામાં આવશે. શનિવાર અને રવિવાર (૧૮-૧૯ ઓક્ટોબર) બંને સાપ્તાહિક રજાઓ હોવાથી શેરબજાર બંને દિવસે બંધ રહેશે. સોમવાર, ૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ટ્રેડિંગ રાબેતા મુજબ ફરી શરૂ થશે. મુખ્ય દિવાળીનો દિવસ (લક્ષ્મી પૂજન) મંગળવાર, ૨૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ છે અને સ્ટોક એક્સચેન્જ આ દિવસ માટે બંધ રહેશે. જોકે, દર વર્ષની જેમ, બીએસઇ અને એનએસઇ બંને આ દિવસે મુહૂર્ત ટ્રેડિંગ તરીકે ઓળખાતું એક કલાકનું ખાસ ટ્રેડિંગ સત્ર યોજશે. મુહૂર્ત ટ્રેડિંગ ૨૦૨૫ સત્ર બપોરે ૧:૪૫ થી ૨:૪૫ વાગ્યા સુધી ચાલશે, જેમાં પ્રી-ઓપનિંગ સત્ર બપોરે ૧:૩૦ થી ૧:૪૫ વાગ્યા સુધી રહેશે. સત્તાવાર એક્સચેન્જ રજાઓની યાદી અનુસાર, બીજા દિવસે, ૨૨ ઓક્ટોબર (બુધવાર), બજારો બલિપ્રતિપદા નિમિત્તે ફરીથી બંધ રહેશે.

મુહૂર્ત ટ્રેડિંગ સત્ર વિક્રમ સંવત ૨૦૮૨, હિન્દુ નવા વર્ષનો પ્રારંભ દર્શાવે છે. આ એક કલાકનું સત્ર ખૂબ જ શુભ માનવામાં આવે છે અને વેપારીઓ માને છે કે આ સમય દરમિયાન રોકાણ કરવાથી આગામી વર્ષ માટે સમૃદ્ધિ અને નાણાકીય સફળતા મળશે. દિવાળીના અઠવાડિયા પછી, આગામી બજાર રજા પાંચમી નવેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રકાશ ગુરુપુરબ (શ્રી ગુરુ નાનક દેવ જયંતિ) નિમિત્તે રહેશે, જ્યારે ૨૦૨૫ની શેરબજારની છેલ્લી રજા પચીસમી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ નાતાલ માટે રહેશે.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પણ ૨૧ અને ૨૨ ઓક્ટોબરે દિવાળી અને બલિપ્રતિપદા માટે બંધ રહેશે.એમસીએક્સ ૨૧ ઓક્ટોબરે આખો દિવસ બંધ રહેશે, ત્યારે તે બીજા દિવસે સાંજના સત્ર માટે ખુલશે. એમસીએક્સ પર મુહૂર્ત ટ્રેડિંગ સત્રનો ચોક્કસ સમય એક અલગ પરિપત્રમાં જાહેર કરવામાં આવશે.

# બે પાડાની લડાઇઃ ચીન અને અમેરિકાની આર્થિક અથડામણ શૅરબજારનું વાતાવરણ ફરી ડહોળી નાખશે!

**શેરબજાર**

**નિલેશ વાઘેલા**

મુંબઇઃ રોકાણકારો વૈશ્વિક અને સ્થાનિક ટ્રિગર્સ પર નજર રાખી રહ્યા હોવાથી શેરબજારોમાં અઠવાડિયું ઉથલપાથલનો સામનો કરવો પડે તેવી ધારણા છે. અમેરિકા અને ચીન વચ્ચે ફરી શરૂ થયેલા ટેરિફ તણાવે વૈશ્વિક સેન્ટિમેન્ટને હચમચાવી નાખ્યું છે, શુક્રવારે મુખ્ય યુએસ ઇન્ડેક્સમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે.

નાસ્ડેક કમ્પોઝિટ ૩.૫૬ ટકા, એસ એન્ડ પી ૫૦૦ ૨.૭૧ ટકા અને ડાઉ જોન્સ ૧.૯૦ ટકા ઘટ્યો છે, જેના કારણે ભારત જેવા ઉભરતા બજારોમાં રિસ્ક ઓફ સેન્ટિમેન્ટ ફેલાશે તેવી ચિંતાઓ ઉભી થઈ છે.

વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારો યુએસ-ચીન વેપાર તણાવ, સ્થાનિક ફુગાવાના ડેટા અને ઇન્ફોસિસ, એચસીએલ ટેક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના મુખ્ય બીજા ક્વાર્ટરની કમાણીને ટ્રેક કરી રહ્યા હોવાથી આ અઠવાડિયે બજારોમાં અસ્થિરતા જોવા મળી શકે છે.

બજારના નિષ્ણાતો માને છે કે, યુએસ-ચીન ટેરિફ યુદ્ધમાં નવેસરથી વધારો ડોલરને બાહ્યપ્રવાહ તરફ દોરી શકે છે અને ઉભરતા બજારોમાં ઇક્વિટી અને ચલણો પર દબાણ લાવી શકે છે. ઘરઆંગણે, બજારનો મૂડ મુખ્ય મેક્રોઇકોનોમિક ડેટા અને કોર્પોરેટ સેક્ટરના નાણાકીય પરિણામોથી પ્રભાવિત થશે.

સરકાર ૧૩ ઓક્ટોબરે સપ્ટેમ્બર માટે છૂટક ફુગાવા (સીપીઆઇ)ના આંકડા જાહેર કરશે, ત્યારબાદ ૧૪ ઓક્ટોબરે જથ્થાબંધ ફુગાવા (ડબલ્યુપીઆઇ)ના આંકડા જાહેર કરશે. સરવાળે આ અઠવાડિયું ઘટનાઓથી ભરપુર રહેશે અને રોકાણકારોનું ધ્યાન મુખ્ય સ્થાનિક મેક્રોઇકોનોમિક ડેટા અને નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરના વ્યસ્ત કમાણી કેલેન્ડર પર કેન્દ્રિત થશે.

રોકાણકારો એચસીએલ ટેક્નોલોજીસ, ઇન્ફોસિસ, વિપ્રો, ટેક મહિન્દ્રા, એલટીઆઇમાઇન્ડટ્રી, એક્સિસ બેંક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવી મોટી કંપનીઓના પરિણામો પર પણ નજર રાખશે, જે ક્ષેત્રીય વલણો અને એકંદર બજાર દિશાને માર્ગદર્શન આપશે તેવી અપેક્ષા છે.

સ્થાનિક ટ્રિગર્સ ઉપરાંત, વૈશ્વિક બજાર વલણો અને ભૂરાજકીય વિકાસ રોકાણકારોના સેન્ટિમેન્ટને આકાર આપવાનું ચાલુ રાખશે. વિશ્વભરના ઇક્વિટી માર્કેટની નજર ૧૪ ઓક્ટોબર, મંગળવારના રોજ યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલના ભાષણ પર રહેશે, જે ભવિષ્યના વ્યાજ દરની ચાલ અને ફુગાવાના અંદાજ પર સંકેતો આપી શકે છે.

યુએસ બજારોમાં તીવ્ર ઘટાડા પછી વૈશ્વિક સેન્ટિમેન્ટમાં સાવચેતીનું માનસ સર્જાયું છે અને આ અઠવાડિયું રોકાણકારો માટે મહત્વપૂર્ણ બની શકે છે. નોંધવું રહ્યું કે, પાછલા અઠવાડિયે, ભારતીય બજારો મજબૂત ટોન સાથે બંધ થયા હતા, જેમાં સેન્સેક્સ ૧,૨૯૩.૬૫ પોઈન્ટ (૧.૫૯ ટકા), જ્યારે નિફ્ટી ૩૯૧.૧ પોઈન્ટ (૧.૫૭ ટકા) વધ્યો હતો.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે, વોલમાર્ટ જૂથની ફ્લિપકાર્ટ જો ભૂલ સ્વીકારીને પેનલ્ટી ભરી દે તો ફેમાનો કેસ બંધ કરવાની ઓફર કરી છે. સ્પોર્ટવેર ક્ષેત્રે નવી સ્પર્ધા ઊભી થઇ છે. એસઆરટી૧૦ એથ્લેઝર પ્રાઇવેટ લિમિટેડે બજારમાં સ્પોર્ટ્સ અને એથ્લેઝર બ્રાન્ડ, ટેન એક્સયુ હેઠળ શૂઝ અને ટીશર્ટની રેન્જ મૂકી છે. આ કંપની સચિન તેંડુલકર, કાર્તિક ગુરુમૂર્તિ અને કરણ અરોરા દ્વારા સહસ્થાપિત છે, કંપનીના દાવા અનુસાર સચિન તેંડુલકરના ૨૪ વર્ષના ઓન ગ્રાઉન્ડ અનુભવ અને રમતવીરોની જરૂરિયાતોની ઊંડી સમજણ પર આદારિત ભારતીયોને ધ્યાનમાં રાખીને વિકસાવાઇ છે. કંપની આગામી એકાદ વર્ષમાં વિદેશ બજારમાં પ્રવેશવાની યોજના ધરાવે છે.

અન્ય કોર્પોરેટ હલચલમાં ઉત્સવ સીઝેડ ગોલ્ડ જ્વેલ્સ લિમિટેડે ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ૬૫ ટકાથી વધુની આવક વૃદ્ધિ નોંધાવી છે. કંપનીએ દિવાળી માટે ઉત્સવોના લોન્ચ સહિત આઠાર અને ચૌદ કેરેટના નેચરલ અને લેબગ્રોન ડાયમંડ જ્વેલરીમાં પ્રવેશ કરી વિસ્તરણ કર્યું છે. કંપનીએ સ્થાનિક સ્તરે તેની હાજરી ૧૭ રાજ્યોમાં વિસ્તારી છે, જ્યારે યુએઇ બાદ કંપની સિંગાપોર અને મલેશિયામાં વિસ્તરણ કરી રહી છે.

વેદાંત એલ્યુમિનિયમના એકમ, ભારત એલ્યુમિનિયમ કંપની લિમિટેડ (બાલ્કો)એ દેશના સૌથી મોટા ૫૨૫ કિલો એમ્પીયરના સ્મેલ્ટરમાંથી પ્રથમ ધાતુનું ઉત્પાદન કરીને ભારતના એલ્યુમિનિયમ ક્ષેત્રમાં એક મહત્ત્વનું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. વેલસ્પન ફાઉન્ડેશને વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે નિમિત્તે, મુંબઈ ખાતે મન અને સંસ્કૃતિની પરિવર્તનશીલ ઉજવણી માટે અનંતરંગ નામના માનસિક સ્વાસ્થ્ય ઉત્સવની પ્રથમ આવૃત્તિનું આયોજન કર્યું હતું, જેમાં કલાકારો, શિક્ષકો, મનોવૈજ્ઞાનિકો, નીતિ નિષ્ણાતો અને સર્જકો સહિત ૬૦૦થી વધુ સહભાગી એકત્ર થયા હતા.

રોકાણકારોની નજર આજે ખાસ કરીને ટાટા કેપિટલના લિસ્ટીંગ પર પણ રહેશે. ગ્રે માર્કેટમાં આ શેરના પ્રીમિયમ ઠંડા રહ્યા હોવાથી આશ્ચર્ય જાગ્યું છે. ઉપરાંત તાજેતરમાં ઘણી કંપનીના નવા શેર ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા હોવાથી ચિંતા પણ સર્જાઇ છે. ઓમ ફ્રેઇટ ફોરવર્ડર્સના શેર બુધવારે ઇશ્યૂ ભાવ સામે લગભગ ૪૦ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા છે.

આ અગાઉ ગ્લોટીસના શેર મંગળવારે તેના ઇશ્યુ ભાવ સામે ૩૫ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટ થયા હતા અને એ જ સાથે ફેબટેક ટેક્નોલોજીસના શેર ઇશ્યૂ ભાવ સામે ૨.૬૮ ટકાના ડિસ્કાઇઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. જોકે, બુધવારે એડવાન્સ એગ્રોલાઇફના શેરમાં ઇશ્યુ ભાવ સામે ૧૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. સોમવારે પેસ ડિજિટેક ચાર ટકા પ્રીમિયમ સાથે લિસ્ટ થયો હતો. આ અગાઉ ઇપેક પ્રિફેબ ટેક્નોલોજીસ બુધવારે તેના ઇશ્યૂ ભાવ સામે લગભગ ૧૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે, જ્યારે જૈન રિસોર્સિસ રિસાઇક્લિંગનો શેર ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો.

વેદાંતા ગ્રુપ, રૂનવાલ ડેવલપર્સ, સ્ટર્લાઇટ ઇલેક્ટ્રિક, રાય્સ પાવર ઇન્ફ્રા અને ઓગમેન્ટ એન્ટરપ્રાઇસ સહિત છ કંપનીઓએ સેબી પાસે પેપર્સ જમા કરાવ્યા છે. રોટોમેગ એનરટેક, ઓસવાલ કેબલ્સ અને પ્રાઇડ હોટલ્સે પણ મૂડીબજારમાં પ્રવેશવા સેબીનો સંપર્ક સાધ્યો છે.

દરમિયાન, એનએસઇ અને બીએસઇ દ્વારા ૨૨ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા પરિપત્રો મુજબ, દિવાળી નિમિત્તે મુહૂર્ત ટ્રેડિંગ સત્ર આ વર્ષે ૨૧ ઓક્ટોબરે યોજાશે. દિવાળી મુહૂર્ત ટ્રેડિંગ સત્ર બપોરે ૧:૪૫ વાગ્યાથી ૨:૪૫ વાગ્યાની વચ્ચે યોજાશે અને ટ્રેડ મોડિફિકેશનનો અંતિમ સમય બપોરે ૨:૫૫ વાગ્યાનો રહેશે. આ ઉપરાંત ઈક્વિટી, કોમોડિટી ડેરિવેટિવ્ઝ, કરન્સી ડેરિવેટિવ્ઝ, ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ અને બોરોઈંગ જેવા વિવિધ સેગમેન્ટમાં એક જ સમય સ્લોટમાં ટ્રેડિંગ થશે.

# ઘોડબંદર રોડનાં સમારકામ અને ટ્રક ઊંધી વળતાં વાહનધારકોનો રવિવાર બગડ્યો

## મુંબઈ-અમદાવાદ હાઈવે અને થાણેમાં ભારે ટ્રાફિકજામઃ વાહનોની લાંબી લાઈન લાગતાં ભિવંડીના માર્ગનો ઉપયોગ, પણ ત્યાં ઠેકઠેકાણે ખાડાથી પરેશાની

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ મીરા-ભાયંદર મહાનગરપાલિકા દ્વારા ઘોડબંદર રોડ પર સમારકામ હાથ ધરાયું તેમાં એક ટ્રક ઊંધી વળતાં વાહનધારકો માટે રવિવાર વસમો બની ગયો હતો. મુંબઈ-અમદાવાદ હાઈવે અને થાણે તરફ ભારે ટ્રાફિકજામમાં ફસાયેલા વાહનધારકોને નિયત સ્થળે પહોંચવામાં ચારથી પાંચ કલાક લાગ્યા હતા. હાઈવે પર વાહનોની લાંબી લાઈનને કારણે અનેક વાહનચાલકો ભિવંડીના માર્ગે ગયા હતા, પરંતુ એ માર્ગ પર ઠેકઠેકાણે ખાડાને કારણે પારાવાર હાલાકી સહન કરવી પડી હતી.

ગુજરાતથી ઉરણ, જેએનપીએ અને

(જુઓ પાનું ૪) ▸▸



**ભીડ, ટ્રાફિક, હેરાનગતિ....** નેશનલ હાઈવે પર એક કન્ટેઈનર ઊંધું વળતા ઘોડબંદર રોડ પર ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી, જ્યારે બજારોમાં દિવાળી નિમિત્તે જોરદાર ભીડ જોવા મળી હતી. (અમય ખરાડે)

### યે રિશ્તા ક્યા કહેલાતા હૈ!

# મહાયુતિની વાત કરતાં કરતાં ભાજપ અને અજિત પવાર એકલપંડે ચૂંટણીની તૈયારી કરી રહ્યા છેઃ એકનાથ શિંદે ગૂંચવાયેલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ ગમે ત્યારે થઈ શકે એવું વાતાવરણ તૈયાર થયું છે ત્યારે એક તરફ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ મહાયુતિ સાથે મળીને લડશે એવી વાતો વારંવાર કરી રહેલા ભાજપના નેતાઓ અને અજિત પવારે પોતપોતાના ગઢમાં એકલા લડવાની તૈયારીઓ આદરી દીધી હોવાનું ચિત્ર જોવા મળી રહ્યું છે. ભાજપ અને અજિત પવાર માટે પુણે અને પિંપરી-ચિંચવડ મનપા સહિત રાજ્યની કેટલીક મનપામાં ભારે સંઘર્ષ જોવા મળી શકે છે, કેમ કે પશ્ચિમ મહારાષ્ટ્રની મોટા ભાગની મનપા અને જિલ્લા પરિષદોમાં અજિત પવારની શક્તિ મહાયુતિના અન્ય ભાગીદારો કરતાં ઘણી વધારે છે. બીજી તરફ છેલ્લા દસ વર્ષમાં ભાજપે પણ અહીં પગપેસારો કર્યો છે અને પુણે તેમ જ પિંપરી-ચિંચવડ મનપામાં પોતાના મેયર પણ બેસાડ્યા હતા, જે હજી સુધી મુંબઈ મનપામાં બેસાડવામાં તેમને સફળતા મળી નથી.

આ બધી બાબતોને ધ્યાનમાં રાખતાં બંને પક્ષો હવે અલગ અલગ કાર્યકર્તાઓના મેળાવડા કરી રહ્યા છે અને એકલે પંડે ચૂંટણી લડવા માટેની તૈયારીઓ કરતા જોવા મળી રહ્યા છે.

(જુઓ પાનું ૪) ▸▸

# ...તો શિવસેના વિભાજીત ન થાત!

## ઉદ્ધવ ઠાકરેનું ઐતિહાસિક નિવેદન, બળવા પર સૌપ્રથમ મોટો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ૨૦૨૨નું વર્ષ શિવસેનાના ઇતિહાસમાં પાર્ટી માટે સૌથી મોટો આંચકો હતો. એકનાથ શિંદેના બળવાથી માત્ર સત્તા જ નહીં, પરંતુ શિવસેનાનું પાર્ટીનું નામ અને તેની ઓળખસમાન ચૂંટણીચિહ્ન ધનુષ્ય અને બાણ પણ ઉદ્ધવ ઠાકરેના હાથમાંથી છીનવાઈ ગયું. આ બળવા પછી પહેલી વાર, ઉદ્ધવ ઠાકરેએ જાહેર કાર્યક્રમમાં પોતાની તીવ્ર લાગણીઓ વ્યક્ત કરતાં એક ચોંકાવનારું નિવેદન આપ્યું છે.

જો અનંત તરેની વાત સાંભળી હોત, તો શિવસેના વિભાજીત ન થાત, એમ ઉદ્ધવ ઠાકરેએ થાણેમાં બોલતા કહ્યું હતું. શિંદેના બળવા પછી ઠાકરેએ પહેલી વખત સ્પષ્ટ અને આત્મનિરીક્ષણાત્મક ભાષામાં ત્યારની સ્થિતિની કબૂલાત કરી હોવાથી રાજકીય વર્તુળોમાં તેના પર ચર્ચા થઈ રહી છે.

ઠાકરેએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પણ આકરી ટીકા કરી હતી. હવે તેમને પદ મળી ગયું છે, પરંતુ જ્યારે તેમનો ઉપયોગ પૂરો થઈ જશે ત્યારે તેમને કચરાપેટીમાં ફેંકી દેવામાં આવશે. પછી તેઓ અહીં જ કપાળ પર હાથ રાખીને બેઠેલા જોવા મળશે, એવો કટાક્ષ તેમણે કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે થાણે વફાદારીનું સ્થળ હતું, હવે તે ઠેકેદારોનું સ્થળ બની ગયું છે. શિવસેનાના

(જુઓ પાનું ૪) ▸▸

# જાલનામાં રાજકીય ભૂકંપ, ચૂંટણી પહેલા મહાયુતિ તૂટી

## ભાજપના નેતાનો એકલા ચલોનો નારોઃ શિવસેનાની ચિંતામાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જાલના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પહેલા મહાયુતિમાં ભંગાણ પડ્યું છે. ભાજપના નેતા કૈલાશ ગોરંટ્યાલે એકલા ચલો રેનો નારો આપ્યો હોવાથી હવે અહીં રાજકીય સ્થિતિ ડહોળાઈ છે. તેમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે જાલના શહેરના પહેલા મેયર ભાજપના હશે.

આગામી દિવસોમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો રંગ જામવાનો છે અને દરેક રાજકીય પક્ષ રાજ્યભરમાં આંકડા ગોઠવી રહ્યો છે. પ્રારંભિક અંદાજ મુજબ, મહાયુતિ અને એમવીએ વચ્ચે સીધી લડાઈની શક્યતા ઓછી જણાઈ રહી છે. કારણ કે, ઘણી જગ્યાએ, દરેક પક્ષ પોતાના દમ પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યો છે. ભાજપ જાલનામાં પોતાના દમ પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યો છે. જાલનામાં ભાજપના નેતા કૈલાશ ગોરંટ્યાલે આવો સંકેત આપ્યો છે. જાલના

(જુઓ પાનું ૪) ▸▸

# મોદી સરકારના શાસનમાં આરટીઆઈ કાયદો નબળો પડ્યો કૉંગ્રેસ

મુંબઈઃ મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે રવિવારે કેન્દ્ર સરકાર પર બે દાયકા પહેલાની યુપીએ સરકાર દ્વારા રજૂ કરાયેલા માહિતી અધિકાર (આરટીઆઈ) કાયદાને વ્યવસ્થિત રીતે નબળો પાડવાનો આરોપ લગાવ્યો.

આરટીઆઈ કાયદાએ શરૂઆતમાં નાગરિકોને સશક્ત બનાવ્યા હતા અને ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો હતો, પરંતુ ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે સુધારા અને વહીવટી ઉપેક્ષા દ્વારા તેને નબળો બનાવ્યો છે, એવો ગંભીર આરોપ તેમણે લગાવ્યો હતો.

'માહિતી કમિશનરોના પદ ખાલી રાખીને, ગોપનીયતાના બહાને જાહેર ડેટા શેર કરવાનો ઇનકાર કરીને અને ભારતીય રિઝર્વ બેંક અને ચૂંટણી પંચ જેવી સંસ્થાઓને

(જુઓ પાનું ૪) ▸▸

### ઠાકરે બંધુઓની મુલાકાત સામે કોઈ વાંધો નહીં

તેમણે કહ્યું કે કોંગ્રેસને મનસેના વડા રાજ ઠાકરે અને તેમના પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરે, જે શિવસેના (યુબીટી)ના વડા છે, વચ્ચેની બેઠકો સામે કોઈ વાંધો નથી.

રાજ ઠાકરે રવિવારે ઉદ્ધવને તેમના મુંબઈ નિવાસસ્થાન 'માતોશ્રી' ખાતે મળ્યા બાદ સપકાળે આ પ્રતિક્રિયા આપી છે, જે એક અઠવાડિયામાં તેમની બીજી મુલાકાત હતી.

'અમે ઈન્ડી ગઠબંધનનો ભાગ છીએ. જોડાણ અંગેના નિર્ણયો ઘટક પક્ષો દ્વારા સામૂહિક રીતે લેવામાં આવશે,' એમ કોંગ્રેસના નેતાએ ઉમેર્યું હતું. ■

# કાંજુરમાર્ગ-બદલાપુર મેટ્રો ૧૪ પ્રોજેક્ટ વિલંબમાં

## ટેન્ડરને કોઈ પ્રતિસાદ નહીં

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજનને મેટ્રો રેલવે દ્વારા એકબીજાથી નજીક લાવવાની મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ની યોજનાને બ્રેક લાગ્યો છે. મુંબઈ-બદલાપુરને જોડનારી કાંજુરમાર્ગ-બદલાપુર મેટ્રો-૧૪ના બાંધકામ માટે બહાર પાડેલા ટેન્ડરને કોઈ પ્રતિસાદ મળ્યો નથી. તેથી હવે એમએમઆરડીએને નવેસરથી ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકવી પડવાની છે. તેથી મેટ્રો-૧૪ના કામમાં હજી વિલંબ થવાની શક્યતા જણાઈ રહી છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# કોલકાતામાં દાનવીર શ્રી ચંદ્રવદનભાઈ દેસાઈને યુનાઈટેડ-V સંસ્થા દ્વારા 'સમાજ રત્ન' ઍવોર્ડ અર્પણ

## શ્રી ચંદ્રવદનભાઈ દેસાઈ વિરલ અને સરલ વ્યક્તિત્વના ધારક છે : ધીરગુરુદેવ






પુણ્યવંત પિતાના પગલે ચાલનાર પનોતાપુત્ર પ્રણય દેસાઈએ ભાવવિભોર હૈયે નામી-અનામી સહુનો આભાર પ્રગટ કરી ધન્યવાદ આપ્યા હતા.

કોલકાતામાં છેલ્લા ૩ વર્ષથી કાર્યરત યુનાઈટેડ-V સંસ્થામાં પ્રતિવર્ષની જેમ રાસ સંગાથ-૪ના અંતર્ગત 1-10-2025ના JW મેરિયટના બેંકવેટ હૉલમાં શ્રી ચંદ્રવદનભાઈ દેસાઈની સખાવતને બિરદાવી સંભારણા સ્વરૂપ 'સમાજ રત્ન'ઍવોર્ડ અને સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ.

આ ઐતિહાસિક અવસરે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવ તથા વિરાયતના આચાર્ય શ્રી ચંદનાજીના આશીર્વચનનો સંદેશ રજૂ કરવામાં આવેલ.

યુનાઈટેડ-Vના સૂત્રધાર નીલેશ મહેતાએ કહેલ કે - 'સમાજ રત્ન' જેવા ઍવોર્ડના હકદાર ચંદ્રવદનભાઈ દેસાઈ જેવી સન્માનનીય વ્યક્તિ જ હોઈ શકે. કોલકાતાની કર્મભૂમિમાં નામ અને દામ બંને કમાયા એટલું જ નહિ જીવનમાં સંપત્તિના માલિક નહિ પણ સંવાહક બનીને આજ સુધીમાં 100 કરોડથી વધુ સંપત્તિનું દાન માવિત્રોની સ્મૃતિમાં વિવિધ ક્ષેત્રમાં અર્પણ કરી ચૂક્યા છે.

મને ગર્વ સાથે જણાવતાં અતિ આનંદ થાય છે કે કરચોરી વગર કમાણી કરવા બદલ ભારત સરકારે હાઈએસ્ટ ટેક્સ પેયર તરીકે સન્માનિત કર્યા છે. જે અતિ પ્રશંસનીય છે.

કોલકાતામાં ધર્માલય, મેડીક્લેઈમ, સાધર્મી ભક્તિ વગેરે અનેક ધાર્મિક, સામાજિક ક્ષેત્રે તેમજ દેશભરમાં 100 ડાયાલિસીસ મશીન, ધરમપુરમાં ડૉ. સી. જે. દેસાઈ અને જશવંતીબેન દેસાઈ અત્યાધુનિક ડાયગ્નોસ્ટીક સેન્ટર, રાજકોટમાં અદ્યતન ડૉ. સી. જે. દેસાઈ મહાવીર ભવન, સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સેવા સંઘ - મુંબઈમાં હાયર એજ્યુકેશન સહાય યોજના વગેરેના પ્રણેતા છે.

સમાજ રત્ન ઍવોર્ડ સમારોહમાં કોલકાતાના અનેકવિધ ઉદ્યોગ-પતિઓ, સમાજ સેવકો, સંઘ પ્રતિ-નિધિઓએ શુભેચ્છા વ્યકત કરી અભિનંદન આપ્યા હતા.

યુનાઈટેડ-V સંસ્થામાં ૬૦૦૦થી વધુ મેમ્બર્સ છે. હૉસ્પિટલ, ડાગ્નોસ્ટીક, ડે-કેર સેન્ટર, હૉટેલ, રેસ્ટોરન્ટ, જ્વેલર્સ, ગ્રોસરી, સનગ્લાસ, વૉચ, બ્રાન્ડેડ શૉ-રૂમ્સ વગેરેમાં ૧૫ થી ૫૦% સુધીનું ડિસ્કાઉન્ટ મેમ્બરકાર્ડશીપ ધારકોને અપાવે છે.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**